પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 02 SEPTEMBER, 2022 Vol. 19, No. 35 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news




પાક.માં પૂરથી 3.3 કરોડ લોકો પ્રભાવિત, અનેક દેશોએ મદદની જાહેરાત કરી

PAGE NO. 21


FOR BUYING, SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
FOR SELLERS
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
FOR BUYERS
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH Sales Representative Dir: 647-995-5640
KOMAL SHAH Sales Representative Dir: 647-624-5640
Homekey236@gmail.com
Web: www.amitshah.ca


# ચીન અને જાપાનને માથે પ્રચંડ વાવાઝોડાનો ખતરો


## 240 કિમીની ઝડપ સાથે વિશ્વનું સૌથી પ્રચંડ વાવાઝોડું ચીન, જાપાન તરફ ફંટાયું : આગામી દિવસોમાં ઝડપ ઘટવાની સંભાવના

**બેઈજિંગ**

વિશ્વએ 2022ના સૌથી શક્તિશાળી વાવાઝોડાનો સામનો કરવા તૈયાર રહેવુ પડે તેવા સંકેતો મળ્યા છે. હિનામનોર નામના વાવાઝોડાથી સૌથી વધુ ખતરો ચીન અને જાપાનને છે. આ વાવાઝોડુ પૂર્વ ચીન સાગરના કિનારે અને જાપાનના દક્ષિણ ભાગને સૌથી વધુ નુકશાન પહોંચાડે તેવી શકયતા છે.

S જોઈન્ટ ટાયફૂન વોર્નિંગ સેન્ટરની આગાહી પ્રમાણે સુપર ટાયફૂન હિનામનોર લગભગ 257 કિમી/કલાકની ઝડપથી આગળ વધ્યું હતુ. હવે આ વાવાઝોડાની ઝડપ 313 KM/H છે. જેના કારણે દરિયામાં 15 મીટર સુધી મોજા ઉછળી રહ્યા છે. જો કે, આગામી દિવસોમાં તેની ઝડપ ઘટી પણ શકે છે.

જાપાનની હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, વાવાઝોડાની ઝડપ જાણવા મળી છે. તે મુજબ, હિનામનોર ઓગસ્ટ 2022માં આવેલું અને અત્યાર સુધીનું સૌથી મજબૂત અને સૌથી શક્તિશાળી વાવાઝોડુ છે. બુધવારે સવારે લગભગ 10 વાગ્યાની આસપાસ, આ વાવાઝોડુ જાપાનના ઓકિનાવાથી 230 કિમી પૂર્વ દીશા તરફ હતું. તે ઉત્તર-પૂર્વમાં યુંકયુ ટાપુ તરફ આગળ વધવાની વધુ શક્યતાઓ દેખાઈ રહી છે.



S JTWCના જણાવ્યા અનુસાર સુપર ટાયફૂન વાવાઝોડાની ગતિ આગામી દિવસોમાં નબળી પડી શકે છે. કોલોરાડો સ્ટેટ યુનિવર્સિટીના વડા ફિલ ક્લોટ્ઝબેચે કહ્યું કે, અમારી પાસે ઘણા વર્ષોનો રેકોર્ડ છે. 70થી વધુ વર્ષોમાં માત્ર બે વાર જ ઓગસ્ટમાં આટલું શક્તિશાળી વાવાઝોડુ આવ્યું છે. પહેલું વાવાઝોડું 1961માં અને બીજું 1997માં આવ્યું હતું, પરંતુ તે હિનામનોર જેટલું મજબૂત નહોતું.

હવે આ પ્રચંડ વાવાઝોડાને કારણે જાપાન તથા ચીનને સૌથી વધુ ખતરો છે. હાલ આ બંને દેશોની ચિંતા વધી છે. કારણ કે આ વાવાઝોડું પૂર્વ ચીન સાગરને પાર જાપાનના દક્ષિણી દ્વિપોને મોટુ નુકસાન પહોંચાડી શકે છે.

યુએસ જોઈન્ટ ટાઈફૂન વોર્નિંગ સેન્ટરના દાવા મુજબ સુપર ટાઈૂન હિનામનોર હાલ લગભગ 160 માઈલ (257 કિલોમીટર) પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. તેની મહત્તમ ઝડપ 198 માઈલ પ્રતિ કલાક નોંધાયેલી છે. હોંગકોંગ ઓબ્ઝવેટરીએ કહ્યું હતુ કે, બુધવારે સવારે 10 વાગ્યે આ તોફાન જાપાનના ઓકિનાવાથી લગભગ 230 કિમી પૂર્વમાં કેન્દ્રીત હતું અને તેના પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ તરફ લગભગ 22 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી રયૂકુ દ્વીપ તરફ આગળ વધવાનું અનુમાન છે.

# IMF શ્રીલંકાને 2.9 અબજ ડોલરનું રાહત પેકેજ આપશે

## પ્રતિનિધિમંડળ શ્રીલંકા સાથે નાણાકીય સુધારા વિશે ચર્ચા કરશે

**કોલંબો**

આર્થિક અને રાજકીટ સંકટનો સામનો કરી રહેલા શ્રીલંકાના જલદી થોડી રાહત મળી શકે છે. રિપોર્ટ પ્રમાણે આઈએમએફના પ્રતિનિધિઓ સાથે થયેલી ચર્ચામાં શ્રીલંકા 2.9 અબજ ડોલરના શરતી રાહત પેકેજ પર રાજી થઈ ગયું છે. શ્રીલંકામાં વિદેશી મુદ્રા ભંડાર ખતમ થવાને કારણે આયાત બંધ થઈ ગઈ છે. તો જનતા ભોજન અને પેટ્રોલ-ડીઝલ માટે પણ તરસી રહી છે.

શ્રીલંકા પર 51 અબજ ડોલરનું વિદેશી દેવું છે. જુલાઈમાં ગુસ્સે થયેલા પ્રદર્શનકારીઓએ દેશના રાષ્ટ્રપતિ ભવન પર કબજો કરી લીધો હતો. ત્યારબાદ પૂર્વ રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્ષે દેશ છોડીને ભાગી ગયા હતા. સિંગાપુરથી તેમણે પોતાનું રાજીનામુ આપી દીધુ હતું. હવે આઈએમએફ સાથે સહમતિ બનવા પર શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેએ કહ્યુ છે કે આ દેશના ઈતિહાસનું ખુબ મહત્વનું પગલું છે.

તેમણે કહ્યું, શરૂઆતમાં મુશ્કેલી આવશે પરંતુ આપણે આગળ વધવાનું છે અને પ્રગતિ કરવી છે. જે અમારો સંકલ્પ છે. અત્યારે માત્ર તેના ઉપર વિચાર કરવાનો છે. આઈએમએફના એક અધિકારીએ કહ્યું હતુ કે, શ્રીલંકાને સંકટમાંથી બહાર કાઢવા આ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. IMFએ પહેલા પણ કહ્યું હતું કે અમારૂ પ્રતિનિધિમંડળ શ્રીલંકાની સાથે નાણાકીય સુધારા પર ચર્ચા કરશે.

પ્રેસ રિલીઝ પ્રમાણે આઈએમએફે કહ્યું હતું કે તે આશ્વાસન ઈચ્છે છે કે લોન સ્થિરતા બહાલ રહેશે. શ્રીલંકાને મે મહિનામાં આઈએમએફે રાહત પેકેજની વાત શરૂ કરી હતી. પરંતુ જૂનમાં સ્થિતિ ગડબડ થવાને કારણે વાતચીત અટકી ગઈ હતી.


ABOWATH REAL ESTATE GROUP
MAAZ ABOWATH BROKER 416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

AIR CANADA KLM AIR FRANCE QATAR SWISS LUFTHANSA BRITISH AIRWAYS
Airline Tickets - Whole Sale Price
Travel insurance With Discount
Free Oath Commissioner Services
All Inclusive Vacation Tour Packages
Fast + Best Services
VISA, PASSPORT, OCI
INTERSKY TRAVEL 514-389-7070
20 YEARS

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

Residential
New Condos
Investments
Commercial
Zakir Patel Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203 Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

SS & LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# 30 વર્ષમાં પૂર, દુષ્કાળ, તોફાનોથી કેનેડાને થશે મોટુ નુકસાન

## અર્થતંત્રને 139 બિલિયન ડૉલરનો ખર્ચ થવાનો અંદાજ : ગ્લોબલ એન્જિનિયરિંગ અને આર્કિટેક્ચર સર્વિસ ફર્મ દ્વારા અહેવાલ જારી

**ઓન્ટેરિયો**

પૂર, દુષ્કાળ અને મોટા વાવાઝોડાને કારણે હાઈ-વે ધોવાઈ જાય છે, ઈમારતોને નુકસાન પહોંચે છે અને પાવર ગ્રીડને અસર કરે છે. આવી કુદરતી આપત્તિઓને કારણે આગામી 30 વર્ષમાં કેનેડાની અર્થવ્યવસ્થાને 139 બિલિયન ડોલરનું નુકસાન થઈ શકે છે. ગ્લોબલ એન્જિનિયરિંગ અને આર્કિટેક્ચર સર્વિસ ફર્મ GHD દ્વારા સોમવારે એક્વાનોમિક્સ નામનો અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો હતો. મીડિયા સાથેની એક મુલાકાતમાં ફર્મના કેનેડિયન વોટર લીડ ડોન હોલેન્ડે જણાવ્યું હતું કે, પાણીની કિંમત અને તેની સાથે સંકળાયેલો ખર્ચ અસ્વીકાર્ય છે. મને લાગે છે કે, તે મહત્વપૂર્ણ છે. હોલેન્ડે કહ્યું હતું કે, આપણને જીવવા અને ટકી રહેવા માટે



તેની જરૂર છે. તેમણે ઉમેર્યું હતું કે, કેનેડિયન અર્થતંત્ર ઉપરની અસર પાંચ અલગ-અલગ માર્કેટ સેગમેન્ટમાં ફેલાયેલી 139 બિલિયન ડોલર છે. મેં આ અસંખ્ય વખત સાંભળ્યું છે કે, અમે આબોહવા પરિવર્તનનો અનુભવ કરીએ છીએ," કાં તો આપણી પાસે વધારે પડતું પાણી છે અથવા તો અપૂરતું પાણી છે. જ્યારે આપણે વાતાવરણમાં પરિવર્તન વિશે વાત કરીએ છીએ, ત્યારે આપણે તેનો અનુભવ પાણી દ્વારા જ કરીએ છીએ. અહેવાલમાં આગાહી કરવામાં આવી છે કે, હવે અને 2050 સુધીમાં પાણી સંબંધિત આબોહવા આપત્તિઓથી ઉત્પાદન અને વિતરણને સૌથી મોટો ફટકો પડશે. જેને પહોંચી વળતા અંદાજિત 64 બિલિયન ડોલરનો ખર્ચ થશે અથવા તો તેટલુ નુકસાન થશે. જે કેનેડામાં એક વર્ષમાં કુલ ઉત્પાદન અર્થતંત્રના લગભગ 0.2 ટકા જેટલું થાય છે. દુષ્કાળને કારણે ઔદ્યોગિક ઉત્પાદનને અસર થઈ શકે છે.

# વર્ષ 2022નો કેનેડિયન ઈન્ટરનેશનલ એર શો 3થી 5 સપ્ટેમ્બર સુધી ચાલશે

## સ્નો બર્ડ્સ ઓપરેશનલ સમસ્યાને કારણે હાજર રહેશે નહીં, ટીકિટની કિંમત 80 ડોલર

**ઓન્ટેરિયો**

કેનેડિયન નેશનલ એક્ઝિબિશન (CNE) ખાતે 2022 કેનેડિયન ઈન્ટરનેશનલ એર શો 3થી 5 સપ્ટેમ્બર દરમિયાન દરરોજ બપોરેથી 3 વાગ્યા સુધી ચાલશે. એર શોના મેઈલિંગ લિસ્ટમાં સબ્સ્ક્રાઈબ કરેલા લોકો માટે પ્રદર્શનની વિગતો દૈનિક સમયપત્રક સાથે પ્રકાશિત કરવામાં આવશે.

સીએનઈના ઘણા વિસ્તારોમાંથી એર શો જોઈ શકાય છે, પરંતુ જે મહેમાનો એર શો ઝોનમાંથી જોવાનું પસંદ કરે છે, તેઓ એક્શનનાં દૃશ્યો નજીકથી માણી શકશે, જેમાં પરફોર્મન્સ સાથે વર્ણન પણ હશે. આ ટિકિટોની કિંમત 80 ડોલર રાખવામાં આવી છે.

275 ડોલરમાં મહેમાનો ફ્લાઈટ ડેક ચેલેટની ટિકિટ ખરીદી શકે છે, જ્યાંથી તેઓને એર શો જોવા માટે ખૂલ્લી જગ્યા, ભોજન અને ખૂલ્લા બારની સુવિધાની ઓફર આપવામાં આવી છે. આ વર્ષના શોમાં એરક્રાફ્ટમાં RCAF CF-18 ડેમોન્સ્ટ્રેશન ટીમ, ગોર્ડ પ્રાઈસ અને ધ યાક-50 અને P-51 મસ્ટેન્ગનો સમાવેશ થાય છે. આ વર્ષે કેનેડિયન ફોર્સિસ સ્નો બર્ડ્સ તેમના એરક્રાફ્ટમાં ઓપરેશનલ સમસ્યાઓને કારણે હાજર રહેશે નહીં. તેઓએ શુક્રવારે સાંજે ટ્વિટર પર આ જાહેરાત કરી હતી. જૂથે ટ્વિટ કર્યું હતું કે, આ CT-114 ટ્યુટરના ચાલુ ઓપરેશનલ વિરામને કારણે છે, જે હજુ પણ અમલમાં છે. 2 ઓગસ્ટના રોજ ફ્લાઈટ સેફ્ટી ફોર્ટ સેન્ટ જોન, બીસીમાં થયેલા અકસ્માતની તેમની તપાસ ચાલુ છે. અમે શોમાં હાજર રહેલા તમામ લોકોને શુભેચ્છા પાઠવીએ છીએ અને આશા રાખીએ છીએ કે, તમે RCAF પ્રદર્શનનો આનંદ માણશો.

# પોચા લાકડા ઉપર યુએસ દ્વારા લદાયેલા કરને કેનેડાએ પડકાર્યો

## વેપાર કરારની વિવાદ નિવારણ પ્રણાલી હેઠળ નોટીસ પાઠવાઈ

**ટોરોન્ટો**

ઈન્ટરનેશનલ ટ્રેડ મિનિસ્ટર મેરી એનજીએ કહ્યું કે, પોચા લાકડા ઉપર યુએસ દ્વારા લાદવામાં આવેલા કરવેરાને કેનેડા અનવોરન્ટેડ અને અયોગ્ય ગણે છે. આ મહિનાની શરૂઆતમાં આ પગલું યુએસ દ્વારા લેવામાં આવ્યું હતું. કેનેડાની સરકારે યુએસ-મેક્સિકો-કેનેડા વેપાર કરારની વિવાદ નિવારણ પ્રણાલી હેઠળ સોમવારે નોટિસ દાખલ કરી હતી.

એનજીએ એક નિવેદનમાં મીડિયાને જણાવ્યું હતું કે, આ કરવેરો કેનેડિયન વ્યવસાયો અને કામદારોને નુકસાન પહોંચાડે જ છે અને ફુગાવો તથા સપ્લાય-ચેઈનના મુદ્દાઓ પણ ગ્રાહકોને પરેશાન કરી રહ્યા છે.

યુ.એસ.એ આ મહિનાની શરૂઆતમાં તેનો એન્ટિ-ડમ્પિંગ અને કાઉન્ટરવેલિંગ ડ્યુટીનો દર 17.61 ટકાથી ઘટાડીને 8.59 ટકા કર્યો હતો, પરંતુ એનજીએ સંકેત આપ્યો હતો કે, કેનેડા હજુ પણ આ પગલાં સામે લડશે.

યુ.એસ.ની દલીલનો મુખ્ય મુદ્દો એ છે કે, ક્રાઉન લેન્ડમાંથી કાપવામાં આવેલા લાકડા માટે પ્રાંતો દ્વારા લેવામાં આવતી સ્ટમ્પેજ ફી સબસિડી સમાન છે. કારણ કે, યુએસ ઉત્પાદકોએ તેના બદલે બજાર દર ચૂકવવા પડશે.

# કેનેડિયન ઇન્ડિયન એસો.ની બીજી વાર્ષિક મલ્ટિ-સિટી ડ્રાઇવ-થ્રુ કાર પરેડ

## દરેક સ્થળે ધ્વજ ફરકાવી કેનેડા અને ભારતના રાષ્ટ્રગીતનું ગાન કરાયું



કેનેડિયન ઈન્ડિયન એસોસિયેશની બીજી વાર્ષિક મલ્ટિ-સિટી ડ્રાઈવ-થ્રુ કાર પરેડ અને ભારતના સ્વતંત્રતા દિવસની ઉજવણી શનિવાર 20મી ઓગસ્ટ 2022ના રોજ કાર પરેડ, મિલ્ટન સ્પોર્ટ્સ સેન્ટર ખાતે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં સવારે 10.30 વાગ્યે મેયર મિલ્ટન ગોર્ડન ક્રાન્ત્ઝ, ભારતના કોન્સ્યુલેટ જનરલ, અપૂર્વ શ્રીવાસ્તવ, મિલ્ટન ટાઉનના કાઉન્સિલર માઈક કલુએટ તથા કાઉન્સિલર ક્રિસ્ટીના ટેસર ડેર્કસેન અને 40થી વધુ સભ્યોની હાજરીમાં ઝંડી બતાવી કાર પરેડ શરુ કરાવાઈ હતી.

ઓકવિલના કાર્યકારી મેયર બેથ રોબર્ટસન અને મેયર ઓફ ઓકવિલનો સ્ટાફ આ તકે સહભાગીઓને આવકારવા માટે હાજર રહ્યા હતા. તેમના અભિનંદન મેળવીને કાર પરેડ ઓકવિલથી, બર્લિંગ્ટન સિટી હોલ પહોંચી હતી. ત્યાં, કાઉન્સિલર શ્રીપોલ શરમને સૌએ આવકાર આપ્યો અને તેમણે અન્ય દેશોમાં વસતા દરેક ભારતીઓને "આઝાદીના ભારતના ૭૫ અમૃત મહોત્સવ"ની શૂભેચ્છા આપી હતી. જે બાદ કાર પરેડનો કાફલો વોટરડાઉન તરફ આગળ વધ્યો હતો.સંસદસભ્ય ડેન મુઈસ અને તેમના સ્ટાફ દ્વારા, વોટરડાઉન મેમોરિયલ પાર્કમાં કાફલાનું સ્વાગત કરાયુ હતુ.

હેમિલ્ટનના મેયર ફ્રેડ આઈઝનબર્ગરે પણ ભારતના 75મા આઝાદી કા અમૃત મહોત્સવની શુભેચ્છા પાઠવી હતી. દરેક સ્થળે કેનેડિયન ઈન્ડિયન એસોસિએશને ધ્વજ ફરકાવ્યો, અને કેનેડિયન અને ભારતીય રાષ્ટ્રગીત ગાયા હતા. આ પ્રસંગે મહાનુભાવોએ, પોતાના વિચારો સાથે સર્વ ભારતવાસીને અભિનંદન પાઠવ્યા હતા. " કેનેડિયન ઈન્ડિયન એસોસિએશન ઑફ હોલ્ટન" એ બિન-નફાકારક એક સંસ્થા છે, અને તેનો હેતુ બંને દેશોના સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવાનો છે.

સંસ્થાના પ્રમુખ જગમોહન મૈનરાએ કાર્યક્રમમાં સહયોગ આપનારા તમામનો આભાર માન્યો હતો. સાથે સંસ્થામાં જોડાવવા માંગતા હોય તેવા નાગરિકોને "www.canadianindianassociation.com ઉપર લોગ ઈન કરવા અપીલ કરી હતી.



# સૌએ હરિપ્રસાદજીનાં કાર્યને આગળ વધારવાનું છે : પ્રેમસ્વરૂપ સ્વામી

- કેનેડામાં કૃતજ્ઞતા પર્વની ઉજવણી: પ્રેમસ્વરૂપ સ્વામીનું સન્માન
- 28 ભક્તોએ અંબરીશ દીક્ષા લઈને પ્રભુમય જીવન જીવવાનો સંકલ્પ કર્યો

**ઓન્ટેરિયો**





ટોરોન્ટો : યોગી ડિવાઈન સોસાયટીના અધિષ્ઠાતા બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજના આધ્યાત્મિક અનુગામી પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજ પ્રથમવાર કેનેડાની ધર્મયાત્રાએ પધારતાં તેમની ઉપસ્થિતિમાં કૃતજ્ઞતા પર્વ અને આત્મીય પરિવાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. 27 અને 28 ઓગષ્ટ એમ બે દિવસ સુધી યોજાયેલા શિબિરમાં ચાર જ્ઞાનસત્રો યોજાયાં હતાં. જેમાં ગુરુહરિ પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજ, ત્યાગવલ્લભ સ્વામી, ગુણગ્રાહક સ્વામી, આનંદસ્વરૂપ સ્વામી સહિતના સંતો તેમજ કાર્યકર્તાઓએ પ્રવચન-સત્સંગનો લાભ આપ્યો હતો. ઑન્ટેરિયોના કેલેડોન સ્થિત વલ્લભ યૂથ ઓર્ગેનાઈઝેશનના પરિસરમાં યોજાયેલe શિબિરમાં પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજે જીવનમાં સકારાત્મક અભિગમ રાખવા અને ગુરુહરિ બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજનાં યુગકાર્યને આગળ વધારવા અનુરોધ કર્યો હતો. પછી પ્રથમવાર કેનેડા પધારનાર પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું. આ અવસરે 28 ભક્તોએ પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજ પાસે અંબરીશ દીક્ષા ગ્રહણ કરી પ્રભુમય જીવન જીવવાનોનો સંકલ્પ કર્યો હતો.

# માર્કહામના રેસ્ટોરન્ટમાં ખરાબ વાનગી પીરસાતા અનેક બિમાર

## મ્યુનિસિપલ અધિકારીઓએ તપાસ આરંભી, બે રેસ્ટોરન્ટ બંધ કરાવાયા

**માર્કહામ, ઓન્ટ.**

માર્કહામમાં એક રેસ્ટોરન્ટમાં વીકએન્ડમાં રાત્રિનાં ડીનર બાદ ઘણાં લોકો ગંભીર રીતે બીમાર થઈ ગયા હતા. આ ગંભીર ઘટના અંગે દક્ષિણ ઑન્ટેરિયો મ્યુનિસિપાલિટીના આરોગ્ય અધિકારીઓએ તપાસ આરંભી છે. યોર્ક રિજન પબ્લિક હેલ્થ એક સમાચાર પ્રકાશનમાં પ્રસિદ્ધ અહેવાલમાં નોંધાયુ હતુ કે, રેસ્ટોરન્ટમાં વાનગી આરોગ્ય બાદ લોકો બિમાર પડવાની ઘટના બાદ મ્યુનિ. વિભાગે તપાસ શરૂ કરીને ડીલાઈટ રેસ્ટોરન્ટ અને બીબીક્યુને તાત્કાલિક બંધ કરાવી દીધા હતા. હોસ્પિટલમાં દાખલ લોકોની સંખ્યા અથવા ગંભીર બીમારીના સંભવિત કારણની પુષ્ટિ કરવા માટે અધિકારીઓ અસમર્થ છે. તેથી જે લોકોએ શનિવારે અથવા રવિવારે રેસ્ટોરન્ટમાં ભોજન લીધું હોય અને અસ્વસ્થતા અનુભવતા હોય તેમણે તાત્કાલિક તબીબી સહાય લેવી જરૂરી છે. આ ઉપરાંત પાર્સલ પેક કરાવીને ઘરે ભોજન લઈ જનારાઓએ તકેદારી રાખવી આવશ્યક છે. જો કોઈએ પાર્સલમાં ફુડ લીધુ હોય અને એ ભોજન બચી ગયું હોય તેણે આ ભોજનનો તાત્કાલિક નિકાલ કરી નાંખવો જરૂરી છે.

# ટોરોન્ટો વિસ્તારમાં 10 ફૂટથી ઓછા પહોળાં ઘરની કિંમત 2 મિલિયન ડોલર

## ત્રણ બેડરૂમ અને ચાર બાથરૂમ ધરાવતા પ્રત્યેક મકાનમાં ખાનગી પ્રવેશદ્વાર અને એક ભોંયરું

**ટોરોન્ટો**

રિયલ એસ્ટેટ બે રિયલ્ટીના રિયલ્ટર કેવેન ટ્રુડેલે શુક્રવારે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આ અઠવાડિયે એક પ્રોપર્ટી માર્કેટમાં આવી છે, જેની કિંમત 1,950,000 ડોલર છે. આપણે એને બહારથી જોઈએ તો એ તે ખૂબ સાંકડું લાગે છે, પરંતુ એકવાર એની અંદર આવ્યા પછી તમને આજગ્યા ઘણી મોટી લાગશે. કસ્ટમ-બિલ્ટ એ ત્રણ માળની ઈમારત ત્રણ અલગ-અલગ એકમોમાં વિભાજિત કરવામાં આવી છે, જેમાં પ્રત્યેકનું પોતાનું ખાનગી પ્રવેશદ્વાર અને એક ભોંયરું છે. કુલ મળીને લગભગ 1,700-ચોરસ ફૂટનું ઘર છે, જેમાં ત્રણ બેડરૂમ અને ચાર બાથરૂમ છે.

નાની પ્રોપર્ટી માટે આટલી મોટી કિંમત બાબતે ટ્રુડેલ કહે છે કે, આ ઘરની કિંમત 1,950,000 ડોલર એટલા માટે છે, કારણ કે, તેમાં પ્રેમ ઉમેરવામાં આવ્યો છે. તે મારા ક્લાયન્ટની રચનાઓમાંની એક છે, એમ પણ તેણે કહ્યું હતું અને ઉમેર્યું હતું કે તે દેખીતી રીતે થોડું મોંઘું છે. કારણ કે, આપણે ઓછી જમીનના માલિક છીએ, પરંતુ તે મૂલ્યવાન પણ છે. કારણ કે તે દુર્લભ અને અલગ છે.

ટ્રુડેલ કહે છે કે તેને સિંગલ કુટુંબનાં ઘરમાં ઝડપથી પરિવર્તિત કરી શકાય છે અને તે રોકાણકારો માટે ખરેખર સારું રહેશે. ગયા વર્ષે શહેરની પૂર્વમાં 154 હેમિલ્ટન સેન્ટ 1,750,000 ડોલરમાં વેચાયું હતું.

# સિનિયર સમાજ ઓફ મિસિસાગાની પિકનિક

## સભ્યોએ કુદરતી સૌંદર્ય માણવા સાથે ફિલ્મી ગીતોની રમઝટ અને વાનગીની લિજ્જ માણી

**મિસિસાગા**



ગુજરાતી સિનિયર સમાજ ઓફ મિસિસાગાની પિકનિક ઓગસ્ટ ૨૮, 2022 રવિવારના રોજ **Lakefront Promenade**, ખાતે સવારે 9:30થી 4:30 દરમિયાન યોજાઈ હતી. રમણીય સ્થળ **Park pavilion/ shelter (A)**, ૮૩૦ **aviation** રોડ પર યોજાયેલી પિકનિકમાં સૌ પ્રથમ નાસ્તામાં ફાફડા, જલેબી,મેથીના ગોટા, ચટણી સાથે ગરમ ગરમ ચાય તથા **coffee**નો સ્વાદ સૌએ માણ્યો હતો.

રેખાબેન તથા જયેશભાઈ મહેતાએ પિકનિક માટે રજીસ્ટ્રેશનનું કાર્ય કર્યુ હતુ. નાસ્તો કર્યા પછી બધા નાના નાના ગ્રુપમાં જોડાયેલા સભ્યોએ રમણીય જગ્યામાં **walk** માટે કુદરતની સુંદરતા જોઈને મજા લીધી હતી. આ ઉપરાંત ગીતોની રમઝટ જમાવતી અંતાક્ષરીમાં બહેનો અને ભાઈઓ ઉત્સાહભેર જોડાયા હતા. તે પછી લંચમાં ઈડલી ઢોસા તથા મેંદુવડા સંભાર તથા ચટણી આપવામાં આવ્યા હતા. વિક્રમભાઈએ બિંગો ગેમ રમાડ્યા બાદ મહેન્દ્રભાઈ ગોંડિયાએ આયોજનની રૂપરેખા આપી હતી. હરિભાઈ દેસાઈએ 100 ડોલરનું ડોનેશન જાહેર કર્યું હતુ.

# કેનેડાના વધુ એક માર્ગને સંગીતકાર એ. આર. રહેમાનનું નામ અપાયુ

**મારખમ**

ભારતીય સંગીતના ખ્યાતનામ કલાકાર એઆર રહેમાનનું નામ ફરી દુનિયામાં ગૂંજતુ થયુ છે. ભારત ઉપરાંત ઘણા દેશોએ તેમને ઘણા એવોર્ડ આપીને સન્માનિત કર્યા છે. હાલમાં કેનેડાએ ફરી એકવાર તેમનું સન્માન કર્યું છે. કેનેડામાં વધુ એક રોડનું નામકરણ એઆર રહેમાનના નામથી કરાયુ છે.

એઆર રહેમાનને બહુમાન આપવા માટે કેનેડાના મરખમ શહેરમાં એક શેરીનું નામ તેમના નામથી ઓળખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મરખમ ટાઉનની એક શેરીને સંગીત નિર્દેશક એઆર રહેમાનના નામથી ઓળખવામાં આવશે.

પહેલીવાર નથી કે કેનેડામાં તેમનું સન્માન કરવામાં આવ્યું હોય. આ પહેલા પણ નવેમ્બર 2013માં કેનેડાના શહેર મરખમની એક ગલીનું નામકરણ સંગીતકાર એઆર રહેમાનથી કરાયુ હતુ. આ રોડનું નામ અલ્લાહ-રખા રહેમાન સેન્ટ રાખવામાં આવ્યું હતું. હવે બીજી વખત એઆર રહેમાનને કેનેડામાં સન્માનિત કરવામાં આવ્યા છે. આ વિશે માહિતી આપતા એઆર રહેમાને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને પોતાની ખુશી વ્યક્ત કરતા આ સન્માન અને પ્રેમ માટે હું તમારા સૌનો આભાર માન્યો હતો.

# ટોરોન્ટો ઓસિંગ્ટન એવન્યુને સ્ટ્રીટને વિશ્વની સૌથી શાનદાર સ્ટ્રીટમાં 14મા ક્રમે સ્થાન

**ઓન્ટેરિયો**

ટોરોન્ટોની એક સ્ટ્રીટને વિશ્વની સૌથી શાનદાર સ્ટ્રીટમાં સ્થાન આપવામાં આવ્યું છે. ગુરુવારે ટાઈમ આઉટ દ્વારા જાહેર કરવામાં આવેલી વિશ્વની યાદીમાં 33 શાનદાર શેરીઓમાં ઓસિંગ્ટન એવન્યુએ 14મું સ્થાન મેળવ્યું છે.

યુ.કે.-સ્થિત મીડિયા કંપનીએ જણાવ્યું હતું કે, વેસ્ટ એન્ડ સ્ટ્રીટ ટોરોન્ટોમાં શહેરની કેટલીક શ્રેષ્ઠ રેસ્ટોરન્ટ્સ છે, અઠવાડિયાની લગભગ દરેક રાત્રે લાઈવ મ્યુઝિક સાંભળવા માટેનું એક ઉત્તમ સ્થળ છે. ટાઈમ આઉટે નોંધ્યું હતું કે, ઓસિંગ્ટન એવન્યુ પરનો સૌથી નોંધપાત્ર વિસ્તાર ડુંડાસ સ્ટ્રીટ વેસ્ટ અને ક્વીન સ્ટ્રીટ વેસ્ટ વચ્ચેનો છે. કારણ કે, અહીં લોકો શેરી ઉપર પરેડ કરી શકે છે અને કેનેડિયન ડિઝાઈનરો દ્વારા કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવેલાં કપડાં સહિત અનેક વસ્તુની ખરીદી કરી શકે છે. ટાઈમ આઉટે જણાવ્યું હતું કે, 2021માં તૈયાર કરાયેલી સૂચિ, 20,000થી વધુ વૈશ્વિક શહેરના રહેવાસીઓના વાર્ષિક સર્વેક્ષણના પરિણામોના આધારે એસેમ્બલ કરવામાં આવી હતી. કંપનીએ જણાવ્યું હતું કે, તેનો ઉદ્દેશ્ય વૈશ્વિક સ્તરે શહેરોના સાંસ્કૃતિક અને ગતિશીલ જીવન પર પ્રકાશ પાડવાનો છે. ટાઈમ આઉટ ટ્રાવેલ એડિટર જેમ્સ મેનિંગે કહ્યું કે, વિશ્વના મોટા ગના દેશોમાં, રોગચાળા પહેલાનું જીવન ફરી ધબકવા લાગ્યું છે.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Guaranteed Lowest Premium
Up to 45 % DISCOUNT with deductible
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યુ હોય) (up to age) 85
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com

તંત્રી સ્થાનેથી

# કોંગ્રેસમાં પ્રમુખપદની ચૂંટણી થશે કે, કુલડીમાં ગોળ ભંગાશે

ભારતીય રાજકારણમાં અને ઈતિહાસમાં કોંગ્રેસ તેના સૌથી નબળા સમયમાંથી પસાર થઈ રહી છે. 2014 પછી અનેક રાજ્યોમાં પકડ ગુમાવ્યા પછી અંતે સંગઠનને મજબૂત બનાવવાની દીશામાં વિચાર શરુ થયો છે. હવે કૉંગ્રેસના નવા પ્રમુખ નિમવા માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થઈ ગયો. આ કાર્યક્રમ પ્રમાણે માટે ૨૨ સપ્ટેમ્બરે ચૂંટણી અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવશે. જ્યારે ૨૪ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી નોમિનેશન કરી શકાશે. પ્રમુખપદ માટે એક જ ઉમેદવાર હશે તો પરિણામ ૩૦ સપ્ટેમ્બરે જ જાહેર થઈ જશે અને આ ઉમેદવારને નવા પ્રમુખપદે ચૂંટાયેલા જાહેર કરવામાં આવશે. એક કરતાં વધારે ઉમેદવાર હશે તો ૧૭ ઑક્ટોબરે મતદાન થશે. કૉંગ્રેસના નવ હજાર કરતાં વધારે ડેલીગેટ્સ દેશભરમાં પ્રદેશ મુખ્યાલયે મતદાન કરશે અને ૧૯ ઑક્ટોબરે મતગણતરી થશે.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

જો કે કૉંગ્રેસીઓની ઈચ્છા હજુય મતદાન કરાવ્યા વિના કુલડીમાં ગોળ ભાંગીને રાહુલ ગાંધીને અને રાહુલ ના માને તો નહેરુ-ગાંધી ખાનદાનની કોઈ વ્યક્તિને પ્રમુખપદે બેસાડવાની જ છે. તેના કારણે કૉંગ્રેસમાં ચૂટણી થશે કે તેમાં શંકા જ છે. નહેરુ-ગાંધી ખાનદાનના વફાદારો હજુય રાહુલ ગાંધીને જ પ્રમુખ પદે બેસાડવાની વેતરણમાં છે. આ વફાદારોની આગેવાની અશોક ગહેલોતે લીધી છે. ગહેલોતે એલાન કર્યું કે, રાહુલ ગાંધીને ફરીથી પાર્ટીની બાગડોર સંભાળવા માટે મનાવવા છેલ્લી ઘડી સુધી પ્રયાસ કરીશું. ગેહલોતને ડર છે કે, રાહુલ નહીં માને તો પોતાને બેસાડી દેશે અને રાજસ્થાનની ગાદી છોડવી પડશે. તેથી તેઓ રાહુલને મનાવવા મચી પડ્યા છે. કૉંગ્રેસ પ્રમુખપદ માટે અત્યારે અશોક ગેહલોતનું નામ જ સૌથી વધુ ચર્ચામાં છે. સોનિયા ગાંધીએ ગહેલોતને પ્રમુખપદે બેસવા માટે તૈયાર રહેવા કહી દીધુ હોવાની ચર્ચા છે.

જો કે, ગહેલોતે પોતે આ વાતોને ખોટી ગણાવી છે પણ ગયા મંગળવારે સોનિયા ગાંધીએ તેમને મળવા બોલાવ્યા હતા. બંને વચ્ચે લંબાણપૂર્વક ચર્ચા થઈ એ પછી આ વાત બહાર આવી છે. ગેહલોતને બીજા પણ તેમના જેવા કૉંગ્રેસીઓનો ટેકો છે. ગહેલોત જેવા જ બીજા વફાદાર સલમાન ખુર્શીદે પણ કહ્યું છે કે, રાહુલ ગાંધી પાર્ટીની એકમાત્ર પસંદગી છે અને રાહુલ વિદેશથી પરત ફરે પછી તેમને પ્રમુખપદ સંભાળવા માટે મનાવાશે. ઉત્તરાખંડના ભૂતપૂર્વ સીએમ હરીશ રાવતે પણ રાહુલ ગાંધી કૉંગ્રેસના ફરી પ્રમુખ બને એવી આશા વ્યક્ત કરીને તેમને મનાવી લેવાશે એવું એલાન કર્યું છે. આવા સંજોગોમાં કૉંગ્રેસના બળવાખોરોએ પણ સામે બાંયો ચડાવી છે. કૉંગ્રેસ છોડીને ગયેલા ગુલામ નબી આઝાદે તો પહેલાં કહી દીધેલું કે, ચૂંટણી પ્રક્રિયાના નામે નાટક કરાઈ રહ્યું છે અને કોઈ ચૂંટણી-ફૂંટણી થવાની નથી. આઝાદ તો કૉંગ્રેસ છોડી ગયા પણ પૃથ્વીરાજ ચવાણ, આનંદ શર્મા સહિતના બળવાખોરો હજુય કૉંગ્રેસમાં જ છે. પૃથ્વીરાજ ચૌહાણે બળવાખોરીના અણસાર આપીને એ જ વાત કરી છે. કૉંગ્રેસ વર્કિંગ કમિટી (ઈઠઈ) ની વર્ચ્યુઅલ મીટિંગ પહેલાં મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પૃથ્વીરાજ ચૌહાણે એમ જ કહ્યું હતું કે, કૉંગ્રેસમાં કઠપૂતળી પ્રમુખ બનાવવાના પ્રયાસો ચાલુ છે **અનુસંધાન પેજ નં.17**

# પીઢ નેતા આઝાદની કોંગ્રેસમાંથી વિદાય ભાજપને ફાયદો કરાવશે

કોંગ્રેસ છોડવા માટે ક્યારના થનગન્યા કરતા ગુલામ નબી આઝાદે અંતે કોંગ્રેસને અલવિદા કહી દીધી છે. આઝાદને પાંચેક દિવસ પહેલાં જમ્મુ અને કાશ્મીરમાં કૉંગ્રેસની રાજકીય બાબતોની સમિતિના પ્રમુખ બનાવાયા હતા. પણ આઝાદને પોતાના કદ કરતાં પદ નાનું લાગ્યું તેથી તેમણે રાજીનામું આપી દીધુ હતુ.

છેલ્લા પાંચ દાયકાથી કૉંગ્રેસ સાથે જોડાયેલા આઝાદે કૉંગ્રેસના પ્રાથમિક સભ્યપદેથી પણ રાજીનામું આપી દેતા કોંગ્રેસ છાવણીમાં ખળભળાટ મચી ગયો હતો. જો કે, આઝાદનું આ પગલુ અપેક્ષિત જ હતુ. તેઓ ઘણાં સમયથી પાર્ટીના નિર્ણયો સામે જાહેરમાં નારાજગી વ્યક્ત કરતા હતા.

આઝાદના સમર્થનમાં જમ્મુ અને કાશ્મીરમાંથી કૉંગ્રેસમાંથી ધડાધડ રાજીનામાં પડી ગયા. એ જોતાં આઝાદ નવી પાર્ટીની રચના કરી શકે છે. જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી ક્યારે લડાશે એ ખબર નથી પણ આઝાદે કૉંગ્રેસ છોડીને નવી પાર્ટી બનાવવાનું એલાન કર્યું તેના પરથી લાગે છે કે, બહુ જલદી વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ જશે. જમ્મુ અને કાશ્મીરમાં નવા સીમાંકનનો તખ્તો તૈયાર છે અને હવે ભાજપને અનુકૂળ આવે એવાં રાજકીય સમીકરણો પણ ગોઠવાઈ ગયાં છે.

આઝાદે પોતાનાં રાજીનામાના પાંચ પાનાના પત્રમાં રાહુલ ગાંધી સામે બહુ બળાપો કાઢ્યો છે. આઝાદે એવી છાપ ઊભી કરવા પ્રયત્ન કર્યો છે કે, પોતે રાહુલ ગાંધીને કારણે થયેલી પાર્ટીની અવદશાથી દુ:ખી થઈને કૉંગ્રેસ છોડી રહ્યા છે પણ વાસ્તવમાં તેમણે પોતાના રાજકીય સ્વાર્થને ખાતર કૉંગ્રેસ છોડી છે.

કૉંગ્રેસમાં તેમનું બોર્ડ પતી જ ગયેલું હતું અને ગમે તેટલા ઉધામા કરે તો પણ સોનિયા ગાંધી અને રાહુલની નજરમાં હીરો બનવાના નહોતા. જમ્મુ અને કાશ્મીરનાં રાજકીય સમીકરણો જોઈએ તો આઝાદે જમ્મુ અને કાશ્મીરમાં ભાજપની પહેલી સરકાર રચવાનો તખ્તો તૈયાર કરી દીધો છે.

આ વાત કોઈને કહેતા ભી દીવાના ઓર સુનતા ભી દીવાના જેવી લાગશે પણ આ વાસ્તવિકતા છે. જમ્મુ અને કાશ્મીરના વિભાજનના ખરડા પ્રમાણે તેમાં ૭ બેઠકોનો વધારો થયો છે. ચૂંટણીપંચ નવું સીમાંકન કર્યું છે. તેના આધારે જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની નવી ૧૧૪ બેઠકો બની છે. આ પૈકી કાશ્મીર ખીણમાં ૪૭ અને જમ્મુમાં ૪૩ બેઠકો છે જ્યારે પીઓકેની ૨૪ બેઠકો ખાલી રખાઈ છે. નવા સીમાંકન પછી સ્થિતિ બદલાશે અને જમ્મુ વિસ્તારની બેઠકો કાશ્મીર ખીણની બેઠકોની લગોલગ થઈ જશે, છતાં ખીણમાં ચાર બેઠકો વધારે છે. **અનુસંધાન પેજ નં.17**

manoj1968@yahoo. ca






# ઉંઝા APMCના ખોટા લાઈસન્સથી બેંકોમાં રૂ. 640 કરોડની હેરાફેરી: છ સામે ફરિયાદ

## કમિશનની વાત કરી 4 યુવકના બેંક ખાતામાં ટેક્સ ચોરીનું કૌભાંડ થયું

**ઉંઝા**

ઉંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના બોગસ લાઈસંસ બનાવીને જૂદી જૂદી બેંકોમાં ચાર યુવકોના નામે બેંક એકાઉન્ટ ખોલાવીને કાળા નાણાંને સફેદ કરવા માટે બે માસ્ટર માઈન્ડ સહિત છ જણાએ ૨૦૨૦ના સમયગાળામાં ૬૩૦ કરોડથી વધુની રકમની હેરાફેરી કરી કૌભાંડ આચર્યું હતું. એક યુવક પર આવેલી ઈન્કમટેક્સની નોટિસ બાદ સમગ્ર રેકેટનો પર્દાફાશ થતા ઘાટલોડીયા પોલીસે બે માસ્ટર માઈન્ડ સહિત છ જણા સામે ટેક્સની ચોરીનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. યુવકો પણ કમિશનની લાલચમાં પોતાના ડોક્યુમેન્ટ આરોપીઓને આપતા હતા. આ ડોક્યુમેન્ટ પર આરોપીઓ લાઈસંસ અને બેંક ખાતા ખોલાવી તેમાં નાણાંની હેરફેર કરી સરકારી ટેક્સની ચોરી કરી બ્લેક મનીને વ્હાઈટ કરવાનું રેકેટ ચલાવતા હોવાની પોલીસની પ્રાથમિક તપાસમાં જણાય છે. ઘાટલોડીયા પોલીસ સ્ટેશનના પીઆઈ વાય.આર.વાઘેલાએ સરકારી ટેક્સની ચોરી અંગે ધારક જગદીશ પટેલ, યોગેશ અમૃતલાલ મોદી, ચિન્મય રસીક પટેલ, મૌલિક દિનેશભાઈ પારેખ, રૂતુલ મનુભાઈ પટેલ, ઉદય ચંદ્રેશભાઈ મહેતા, થલતેજ વિરૂદ્ધ ટેક્સ ચોરીની ફરિયાદ કરી છે. પોલીસની ફરિયાદ મુજબ રૂતુલ પટેલ અને ઉદય મહેતાએ અન્ય આરોપી ધારક, યોગેશ, ચિન્મય અને મૌલિકને ખેત પેદાશો અને મરી મસાલાના વેપાર માટે લાઈસંસ લેવાની વાત કરી તેમજ બેંક એકાઉન્ટમાં એક કરોડના ટ્રાન્ઝેકશન પર રૂ.૧૦ હજારનું કમિશન આપવાની વાત કરી હતી. અમુક આરોપીઓ સાથે કમિશન બાબતે સ્પષ્ટતા થઈ ન હોવાથી તેઓ ઉચ્ચક રકમ લેતા હોવાનું જાણવા મળ્યું હતું.

# ખેડા તાલુકાના નાયકાના પરા વિસ્તારની યુવતીએ 2 શિખર ઉપર તિરંગો લહેરાવ્યો



ખેડા : ખેડાના નાયકા ગામના નાનકડા પરા વિસ્તારની દીપિકા ચાવડાએ આઝાદીના અમૃત મહોત્સવ ટાણે હિમાચલ પ્રદેશ સ્થિત વેલીના બે માઉન્ટન સર કરી તેની ઉપર તિરંગો લહેરાવ્યો હતો. નાયકા ગામમાં રહેતા અને કડિયા કામ કરતા મોમજીભાઈ ચાવડાની દીકરી દીપિકા નાયકા ગુજરાત સરકારની માઉન્ટ આબુની સ્વામી વિવેકાનંદ પર્વતારોહક તાલીમ સંસ્થામાં ટ્રેનર તરીકે ફરજ બજાવે છે. હિમાલય શિખર આરોહણ અભિયાનમાં દીપિકાની પસંદગી થઈ હતી. સ્વામી વિવેકાનંદ પર્વતારોહક સંસ્થાએ હિમાચલ પ્રદેશના ૬૧૪૦ મીટર ઉચાઈએ આવેલા માઉન્ટ દાવા કાંગરી અને ૬૦૦૦ મીટર ઉચાઈએ આવેલા લાગભોર્ચે માઉન્ટ ઉપર શિખર સર કરવા આરોહણ માટે એક ટુકડી મોકલી હતી. જેમાં ગુજરાતના કુલ નવ યુવા દ્વારા આ પર્વત સર કર્યો હતો અને ગુજરાતી દીકરીએ હિમાચલના બે ઉચ્ચ શિખરો ઉપર તિરંગો લહેરાવ્યો હતો.

Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax
CATERING SPECIAL
$14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber
સ્પેશિયલ ડીલ ફોર નવરાત્રિ, ગરબા ઈવેન્ટ
દાબેલી $ 1.25/Each | વડાપાંઉ $ 1.25/Each | પાપડીનો લોટ $ 1.25/Each
Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૯૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# વડોદરામાં ઓનલાઈન ઠગાઈના અનેક કેસ: 10 કરોડ સામે 40 લાખ જ રીકવર

**વડોદરા**

વડોદરામાં ઓનલાઈન ઠગાઈના થોકબંધ બનાવો બની રહ્યા છે અને આ બનાવોમાં ગુનેગારો પાસે રિકવરી કરવામાં પોલીસને ધારી સફળતા મળતી નથી.ઓનલાઈન ઠગાઈના કિસ્સા રોકવા માટે સાયબર સેલ દ્વારા કરવામાં આવતા પ્રયાસોની પણ ખાસ અસર દેખાતી નથી.

વડોદરામાં નાગરિકો સાથે જુદીજુદી રીતે ઓનલાઈન ઠગાઈના બનાવો બની રહ્યા છે. જેમાં બેન્કના અધિકારીના નામે એટીએમ કાર્ડ સસ્પેન્ડ થઈ જશે તેમ કહી બેન્કની ડીટેલ લઈને અનેક લોકો પાસેથી રૂપિયા ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા છે.શહેરમાં સરેરાશ રોજના એક ડઝનથી વધુ બનાવોમાં લોકો રોજ રૂ.એક થી દોઢ લાખની રકમ ગુમાવી રહ્યા છે.જ્યારે કેટલાક કિસ્સામાં તો આ રકમ લાખોમાં પણ થાય છે.જેથી સરેરાશ લોકોએ વર્ષમાં રૂ.10 કરોડ ગુમાવ્યા હોવાનું માની શકાય છે.પરંતુ સાયબર સેલે માત્ર 30 કિસ્સામાં રૂ.40 લાખ જ રિકવર કર્યા છે.

કેટલાક કિસ્સામાં કેબીસીમાં તમાનો મોબાઈલ નંબર સિલેક્ટ થયો છે તેમ કહી બેન્કમાં એકાઉન્ટ ખોલાવવા અને તેમાં જુદીજુદી ફી તેમજ ચાર્જના નામે લોકોને મેસેજ મોકલીને ઠગાઈ કરવામાં આવી રહી છે.આ ઉપરાંત ઈન્સ્ટન્ટ લોનના નામે પણ અનેક લોકોને ફસાવવામાં આવી રહ્યા છે. માત્ર બે કલાકમાં લોન આપવાના નામે મેસેજો કરી લોન આપ્યા બાદ લોન લેનાર પાસે તગડી રકમ વસૂલવામાં આવતી હોય છે.લોન લેનારના મોબાઈલના કોન્ટેક્ટ નંબર અને ફોટાના એક્સેસ લઈ લેવામાં આવતા હોવાથી લોન આપનાર કંપની લોન લેનારને ગાળો ભાંડી ફોટા વાયરલ કરવાની અને બદનામ કરવાની ધમકી આપતા હોય છે.

# વડોદરામાં રૂપિયા 150 કરોડના ખર્ચે 238 બેડવાળું કાડયાક યુનિટ બનશે

**વડોદરા**



વડોદરાની સયાજી હોસ્પિટલ અંગે ગાંધીનગરમાં જાહેરાત કરતા પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, અમદાવાદની યુ. એન. મહેતા હોસ્પિટલ જેવી જ સારવાર-સુવિધાઓ મધ્ય ગુજરાતના નાગરિકોને હવે એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા ખાતે જ ઉપલબ્ધ થશે. વડોદરા ખાતે રૂ. ૨૩૨ કરોડના ખર્ચે ૬૦૦ બેડની અદ્યતન મધર એન્ડ ચાઈલ્ડ યુનિટ, મેડીકલ કોલેજના ૫૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલના બિલ્ડીંગની કામગીરી પ્રગતિમાં છે. આ વર્ષના બજેટમાં રૂ. ૨૦૦ કરોડના ખર્ચે કિડની, સ્પાઈન અને આંખના રોગના યુનિટ બનશે . અનસુયા લેપ્રેસી ગ્રાઉન્ડ કેમ્પસ ખાતે ૨૩૮ બેડ ધરાવતાં એક કાડયાક યુનિટ માટે રૂ.૧૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. સયાજીમાં ૨૨ કરોડના ખર્ચે સરકારી જમીનમાં ૬ માળનું વિશ્રામ સદન દર્દીના સગાઓ માટે બનાવાયું છે.

# વડોદરાની યુનિવર્સિટીનો ઉત્કૃષ્ટ દેખાવ : નેક દ્વારા A+ રેટિંગ અપાયું

**વડોદરા**

વડોદરાઃ યુનિવર્સિટીઓના પરફોર્મન્સના આધારે અપાતા નેક (નેશન એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ)ના રેટિંગમાં એમ. એસ. યુનિવર્સિટીએ છલાંગ લગાવી છે. નેક કમિટિનુ ઈન્સ્પેક્શન પુરુ થયા બાદ આજે જાહેર કરાયેલા રેન્કિંગમાં યુનિવર્સિટીને ૩.૪૩ સીજીપીએસાથે એ પ્લસ રેટિંગ મળ્યુ છે.ધ્યાન ખેંચનારી બાબત એ પણ છે કે, સહેજ માટે યુનિવર્સિટી એ ડબલ પ્લસ રેટિંગ મેળવતા રહી ગઈ છે.એ ડબલ પ્લસ રેટિંગ માટે ૩.૫૦ અથવા તેના કરતા સીજીપીએની જરુર હોય છે અને યુનિવર્સિટીને ૩.૫૦ કરતા માત્ર ૦.૭ સીજીપીએ ઓછા મળ્યા છે. આ પહેલા યુનિવર્સિટીને ૩.૧૬ સીજીપીએ સાથે એ રેટિંગ મળ્યુ હતુ અને તેના પહેલા બી પ્લસ રેટિંગ હતુ.

# મધ્ય ગુજરાતના ઉદ્યોગોની નિકાસ રૂા.૧ લાખ કરોડ ઉપર પહોંચી ગઈ

**વડોદરા**

કોરોનાકાળમાં દુનિયાભરમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓને અસર થઈ હતી.જોકે ભારતની બીજા દેશોની નિકાસમાં વધારો થઈ રહ્યો છે અને તેની અસર વડોદરા સહિતના મધ્ય ગુજરાતના ઉદ્યોગોની નિકાસ પર પણ દેખાઈ રહી છે.મધ્ય ગુજરાતના ઉદ્યોગોની નિકાસ હવે એક લાખ કરોડ રુપિયા પર પહોંચી છે.જે ભારતની કુલ નિકાસના એક ટકા છે. આજે ઈન્ટરનેશનલ ટ્રેડ અને લોજિસ્ટિક વિષય પર એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ અને વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રિઝ દ્વારા એક સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં હાજર રહેલા જોઈન્ટ ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ રાહુલ સિંઘે કહ્યુ હતુ કે, અમે પહેલી વખત મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓના એક્સપોર્ટના આંકડાઓને એકત્રિત કર્યા છે અને તે પ્રમાણે વડોદરા સહિત મધ્ય ગુજરાતમાંથી ૨૦૨૧-૨૨માં ૭૦ કરતા વધારે દેશોમાં ૧ લાખ કરોડ રુપિયાની નિકાસ થઈ છે. જેમાં વડોદરા શહેર જિલ્લાના ઉદ્યોગોનો ફાળો ૩૪૦૦૦ કરોડ રુપિયા છે. નિકાસમાં ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ અને જનરલ એન્જિનિયરિંગ પ્રોડકટસ મુખ્ય છે.તેમાં પણ ફાર્માસ્યુટિકલ્સ અને કેમિકલ પ્રોડક્ટસનો નિકાસમાં ફાળો ૫૦ ટકા જેટલો છે. તેમનુ કહેવુ હતુ કે, વડોદરા એકસ્પોર્ટ માટેનુ હબ બને તે માટે પ્રયાસો કરાઈ રહ્યા છે.

# પાસપોર્ટમાં ચેડાં કરી દુબઈ જતું ખેડાનું દંપતિ અમદાવાદથી પકડાયું

**વડોદરા**

ગાંધીનગરના ઓફિસર તરીકે નોકરી કરતા જગદીશ પ્રજાપતિએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ખેડા જિલ્લાના મહુધા તાલુકાના સિંધાલી ગામમાં રહેતા બીનલબહેન હિતેશકુમાર પટેલ અને તેમના પતિ હિતેશકુમાર પ્રવીણભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી છે કે એસ.વી. પી.આઈ એરપોર્ટ ટર્મીનલ-૨ ઈમિગ્રેશન કાઉન્ટર પર પોસપાર્ટ અને બોર્ડિંગ પાસ તથા વિઝાનું ચેકિંગ કરતા હતા. આ સમયે દંપતિના પાસપોર્ટ ઉપર રીપબ્લીક ઓફ ઈન્ડિયા લખેલું હતું, તેઓએ ૨૦૧૮માં આયલેન્ડથી ડિપોર્ટ કરતા મુંબઈ આવ્યા હતા. જેની એન્ટ્રી ઈમિગ્રેશન સિસ્ટમ સોફવેરમાં હતી પરંતુ પાસપોર્ટમાં સ્ટેમ્પ ન હતો. આમ પાસપોર્ટમાં ચેડાં કરી છેડછાડ કરી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.



# કામરેજ ખાતે છ વર્ષ પહેલા પત્નીનું ગળુ દબાવી હત્યા કરનાર પતિને આજીવન કેદ

## પત્ની મારી નાખવા માંગતી હોવાના વહેમમાં પતિએ દવાખાને લઈ જવાને બહાને હત્યા કરી હતી

**સુરત**

અમરેલી તાલુકા જિલ્લાના નાના આંકડીયાના વતની ફરિયાદી કેશુભાઈ કાનજી ખોયાણીએ તા.6-8-16ના રોજ પોતાના પુત્ર હિતેશ ઉર્ફે જીતુ કેશુભાઈ ખોયાણી (રે.વેલંજા, કામરેજ) વિરુધ્ધ પોતાની પુત્રી રસીલાબેનનું ગળું દબાવી હત્યા કરવા અંગે કામરેજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ફરિયાદીના ત્રણેય પુત્રો સુરતમાં સ્થાયી થયા હોઈ તા.6-8-16ના રોજ મોટા પુત્ર પ્રવિણે ફરિયાદીને ફોન કરીને જણાવ્યું હતું કે, ભાઈ હિતેશની પત્ની રસીલાબેન ક્યાંક જતી રહી છે, તેવો ફોન હિતેશે કર્યો હતો. જેથી તેના બંને બાળકોને પ્રવિણભાઈ પોતાના ઘરે લઈ આવી પિતાને વેલંજા આવી જવા જણાવ્યું હતુ. જેથી ફરિયાદીએ સુરત આવીને તેના પુત્ર હિતેશને પુછતા આરોપી પુત્ર હિતેશે જણાવ્યું હતું કે, તેની પત્ની રસીલાએ તા.5-8-16ના રોજ ખાવામાં ઘેનની ગોળી નાખી હતી. જેથી તેના પેટમાં દુઃખતા મેડીકલમાંથી એરંડીયું અને દુધ લાવીને પીતા આરામ થયો હતો. પરંતુ પત્નીએ તેને ખોરાકમાં દવા નાખી મારી નાખવા માંગતી હોવાનો વહેમ રાખીને હિતેશે તેને દવાખાને લઈ જવાના બહાને મોટર સાયકલ પર બેસાડીને વેલંજા ગામની સીમમાં લઈ ગયો હતો. જ્યાં પત્નીનું ગળું દબાવીને હત્યા કરી લાશને અંત્રોલી શેખપુર નહેર પાસે નાખી દીધી હતી. આ કેસમાં ગુનો સાબિત થતાં કોર્ટે પુરાવા તથા સરકારપક્ષની રજૂઆતોને માન્ય રાખી આરોપીને તેની આજીવન કેદ તથા દંડની સજા ફટકારી હતી.

# વલસાડની પ્રખ્યાત મહિલા સિંગર વૈશાલી રહસ્યમય મોતથી ચકચાર

**વલસાડ**





વલસાડ જિલ્લાના પારડી તાલુકાના પાર નદી કિનારે એક કાર ન. GJ-15-CG-4224માં વલસાડની ગાયિકા વૈશાલી બલસારાની હત્યા કરેલી હાલતમાં લાશ મળી હતી. સ્થાનિક લોકોએ અજાણી કારને ઘણા સમયથી ઉભેલી જોઈને ઘટનાની જાણ પારડી પોલીસને કરી હતી પારડી પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે જઈને ચેક કરતા કારમાંથી શંકાસ્પદ હત્યા કરેલી હાલતમાં લાશ મળી હતી. પારડી પોલીસે ચેક કરતા વલસાડની ગાયિકા વૈશાલી બલસારા હોવાનું જાણવા મળ્યું હતું. વૈશાળીના પતિએ ગત રોજ વૌશાલી ઘરેથી ગુમ થઈ હોવાની નોંધ કરવી હતી. વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં પાર નદી પાસે એક શંકાસ્પદ હાલતમાં કાર ઉભેલી જોઈને સ્થાનિક લોકોએ આજુબાજુમાં કાર માલિકની શોધખોળ હાથ ધરી હતી. કાર માલિક ન મળતા સ્થાનિક લોકોએ પારડી પોલીસને ઘટનાની જાણ કરી હતી.

# ગુજરાતમાં જંબુસર ખાતે ભારતનો સૌપ્રથમ બલ્ક ડ્રગ પાર્ક સ્થપાશે


**ભરૂચ**

નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકારે ગુજરાતના ભરૂચ જિલ્લાના જંબુસર ખાતે ભારતનો સૌપ્રથમ બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવા મંજૂરી આપી છે. ગુજરાત સહિત આંધ્રપ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં પણ બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવાની કેન્દ્ર સરકાર દ્વારા સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની વિકાસ યાત્રામા યશ કલગી બનનાર આ ભેટ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સમગ્ર ગુજરાત વતી આભાર વ્યક્ત કર્યો છે. ગુજરાતમાં બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવા માટે GIDC દ્વારા જગ્યા આઈડેંટીફાઈ કરી બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવા અર્થે એક પ્રપોસલ તૈયાર કરીને કેન્દ્ર સરકારની સ્કીમ સ્ટીયરીંગ કમીટી સમક્ષ ડિટઈલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો.

# તાઇવાનના ગૌતમ બુદ્ધની તસ્વીરને જોઈ સુરતમાં 36 હાથની શ્રીજીની મૂર્તિ બની

**સુરત**

સુરતમાં ગણપતિ મહોત્સવની ધૂમ દેખાઈ રહી છે. ત્યારે તાઈવાનના ભગવાન બુદ્ધની પ્રતિકૃતિ સમાન ગણપતિજીની મૂર્તિ સુરતમાં જોવા મળી હતી. સુરત શહેરમાં પણ તાઈવાન ખાતે ભગવાન ગૌતમ બુદ્ધની વિશાળકાય પ્રતિમા જેવી પ્રતિમાને ગણેશ સ્વરૂપ આપી ગણેશ મંડપમાં મૂકવામાં આવી છે. આ આપણા દેશની ખાસ ગણેશજીની પ્રતિમા હશે જેમાં 36 જેટલા ગણેશજીના હાથ છે અને મુકુટ પર ભગવાન ગૌતમ બુદ્ધ વિરાજમાન છે. સામાન્ય રીતે ભગવાનના ગણેશજીની પ્રતિમા જ્યારે જોવામાં આવે ત્યારે તેમના ચાર હાથ હોય છે પરંતુ સુરતમાં ગણેશ ચતુર્થીના પર્વ પર એક



ખાસ પ્રતિમા તૈયાર કરવામાં આવી છે જેમાં ભગવાન ગણેશજીના છત્રીસ હાથ છે. ગોલ્ડન કલરની પ્રતિમા ગણેશ મહોત્સવને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે.

# સુરતના નવ ખેલાડીઓ જીમનાસ્ટીકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

**સુરત**

પટાયા ખાતે આયોજિત થનાર એશિયન એરોબિક ચેમ્પિયનશિપમાં આખા ગુજરાતમાંથી સુરતના નવ જેટલા ખેલાડીઓ સિલેક્ટ થયા છે. જેમાં છોકરા છોકરી બંને નો સમાવેશ થાય છે.ભારત માટે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ કરનાર આ સુરતના ખેલાડીઓ 25 વર્ષ જુના સાધનો પર પ્રેક્ટિસ કરી આ મુકામ હાંસિલ કર્યો છે જોકે આર્થિક રીતે કોઈપણ મદદ નહીં મળતા તેઓ પોતે પોતાના ખર્ચે આ આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ભાગ લેવા જઈ રહ્યા છે તો કેટલાક સિલેક્ટ થવા છતાંપણ આર્થિક કારણોસર આ ચેમ્પિયનશિપમાં ભાગ લઈ શકે એમ નથી. થાઈલેન્ડ ખાતે એશિયન એરોબિક ચેમ્પિયનશિપ નું 3થી 5 સપ્ટેમ્બર દરમિયાન આયોજન થનાર છે.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
CANADA IMMIGRATION
iccrc crcic
SPOUSAL SPONSORSHIP SPECIALIST (98 percent success ratio)
Last minute student admission
Please contact us on
416-745-2466 or 91-9428973911
• Conestoga • Fanshawe • Algoma
• Seneca • Georgian • Saskatchewan polytechnic
• Humber • Algoma
• Lambton • Canadore • Mohawk
ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM
• LMIA/WORK PERMIT • EXPRESS ENTRY
• CANADIAN EXPERIENCE CLASS
• SUPER VISA & VISITOR VISA
• STUDY & WORK PERMIT
• Work / Study /Visitor Permit Extension
• PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
• REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
• POST GRADUATION WORK PERMIT
• CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS
CANADA: 94- 499 Main Street South, Shoppers World Mall, Brampton, Ont. Ph : 416-745-2466, 905-230-7855
VADODARA: 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817
AHMEDABAD: 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911
: Specialized in :
Job Offer & LMIA
Entrepreneur
Investor Business
Self Employed
Farm Investor
Email.: info@siis.ca Website.: www.siis.ca

# વળતર નહીં મળતાં ગુજરાતની ખાદી સંસ્થાઓ આર્થિક સંકટમાં

## ખાદી ક્ષેત્રને ઉતેજનનાં પ્રયાસો વચ્ચે વાસ્તવિકતા જુદી ગાંધી જયંતીથી શરૂ થતા વળતરનાં દિવસોમાં સતત ઘટાડો

**રાજકોટ**

ગ્રામીણ ક્ષેત્રમાં સૌથી વધુ રોજગારી આપતા ખાદી - ગ્રામોધોગ ક્ષેત્રને ઉતેજન આપવા સરકાર એક તરફ પ્રયાસો કરી રહી છે પરંતુ બીજી તરફ અનેક કારણોસર ગુજરાતમાં ખાદી સંસ્થાઓ આર્થિક સંકટનો સામનો કરી રહી છે. ખરીદીનાં વળતર પેટેનાં ગુજરાત સરકાર અને કમિશન પાસે કરોડો રૂપિયા લેવાનાં ખાદી સંસ્થાઓનાં બાકી છે રો મટિરીયલનાં ભાવમાં વધારો થતા ખાદી સતત મોંઘી થઈ રહી હોય ખાદી સંસ્થાઓને ટકાવવા એક મોટો પડકાર ઉભો થયો હોવાનું આ ક્ષેત્ર સાથે દાયકાઓથી જોડાયેલા આગેવાનોએ જણાંવ્યું હતુ.

ગુજરાતમાં એક સમયે 300 થી વધુ ખાદી સંસ્થાઓ કાર્યરત હતી પરંતુ છેલ્લા એક - દોઢ દાયકામાં સંસ્થાઓ સતત આર્થિક રીતે ભાંગતી ગઈ અને કેટલીક સંસ્થાઓને તાળા લાગી ગયા છે. ગુજરાત ખાદી ગ્રામોધોગ સંઘનાં આગેવાનોએ જણાંવ્યુ હતું કે રાજયમાં હાલ 162 જેટલી જ ખાદી સંસ્થાઓ સંઘ સાથે જોડાયેલી છે. લાખો લોકોને રોજગારી આપતા ખાદી ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ગાંધી જયંતીથી ખાદીની ખરીદીમાં વળતરની યોજના વર્ષોથી ચાલે છે એક સમયે ઓકટોબરથી માર્ચ સુધી વળતર અપાતુ હતુ પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી વળતરનાં દિવસો અને રિબેટની ટકાવારી ઘટી રહી છે. સરકાર વળતરની જાહેરાત કરે ત્યાર બાદ ખાદી સંસ્થાઓ તો સરકારનાં ભરોસે ગ્રાહકોને વળતર ચૂકવી દે છે પરંતુ રાજય ખાદી બોર્ડ અને રાષ્ટ્રીય સ્તરનું કમિશન સંસ્થાઓને સમયસર વળતર - સબસિડીની રકમ ચુકવતી નથી. કરોડો રૂપિયા વળતર પેટેનાં સરકાર પાસે લેણાં છે. દરમિયાન રો મટીરીયલ સતત મોંઘુ થઈ રહયુ હોવાથી ખાદી મોંઘી બની રહી છે છેલ્લા થોડા સમયમાં ૨૫ થી 30 ટકા ખાદી મોંઘી થઈ છે.

# કોળીયાકના દરિયામાં ડુબી જવાથી 2 તરૂણ સહિત 3ના મૃત્યુ

**કોળીયાક**

ભાવનગર શહેરના ભરતનગર અને લીંબડીયુ વિસ્તારમાં રહેતા મિત્રો ભાદરવી અમાસનો મેળો માણવા માટે કોળીયાક પહોંચ્યા હતા અને ન્હાવા માટે દરિયામાં પડતા છ યુવાનો પાણીમાં ગરકાવ થયા હતા જે પૈકી ત્રણ યુવાનને સ્થાનિક તરવૈયાઓ અને પોલીસે બહાર કાઢી લેતા તેઓનો આબાદ બચાવ થવા પામ્યો હતો. જ્યારે અન્ય ધુરવરાજસિંહ બલરાજસિંહ જાડેજા (ઉ.વ.૧૭, રે.લીંબડીયુ, ઘોઘારોડ), હર્ષભાઈ જતીનભાઈ સીમરીયા (ઉ.વ.૧૭, રે.સિંગલીયા, ભરતનગર), હાર્દિકભાઈ મુકેશભાઈ પરમાર ત્રણેય મિત્રો પાણીના વહેણ સાથે તણાઈ ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા જે પૈકી ધુરવરાજસિંહ અને હર્ષભાઈના મૃતદેહ દરિયામાંથી મળી આવ્યા હતાં. જ્યારે અન્ય હાર્દિકભાઈ પરમારનો પત્તો લાગ્યો ન હતી. ઘટનાને પગલે લઈ ભારે અરેરાટી સાથે આઘાતની લાગણી છવાઈ જવા પામી હતી.

# રાજકોટ મ્યુઝિયમમાં 7મીથી 13મી સદીની દિવ્ય પ્રતિમાઓનો ખજાનો

## બિલોદ્રામાંથી મળેલા જૈન તીર્થંકરો અને ઝીંઝુવાડાથી મળેલા માતૃકાઓની મૂર્તિને પણ સંગ્રહાલયમાં મુકાઇ

**રાજકોટ**

રાજકોટનાં જ્યુબિલી ચોક નજીક આવેલા વોટસન મ્યુઝીયમમાં આ પ્રકારનાં જૈન તિર્થકરોની જે મૂર્તિઓ જોવા મળે છે તેમાં ભગવાન મહાવીર સ્વામી ઉપરાંત જૈન તિર્થકર વૃષભદેવ, જૈન તિર્થકર પાશ્વનાથ, જૈન તિર્થકર ધર્મદેવ, જૈન તિર્થકર નમીનાથ ભગવાન સહિતની પ્રતિમાઓનો સમાવેશ થાય છે. વર્ષો અગાઉ વિજાપુરના બિલોદ્રા ગામેથી મળી આવેલી આ પ્રતિમાઓ ઉપરાંત અહી જૈન દેવી અંબિકાની વિરલ પ્રતિમા જોવા મળે છે. ભગવાન મહાવીર સ્વામીનાં જન્મ વાંચના સમય માતા ત્રિશલાદેવીને આપેલા ૧૪ સુત્રોનાં ચિત્રો, જૈન ધર્મગ્રંથ કલ્પ સુત્રની હસ્તપત્રો સાચવવામાં આવ્યા છે.

મ્યુઝીયમનાં સંચાલકોનાં જણાવ્યા મુજબ ઉતર ગુજરાતનાં વિજાપુર નજીક આવેલા બિલોદ્રા ગામોની જૈનતિર્થકરોની પ્રતિમાઓ જે રીતે મળી છે એ જ રીતે સુરેન્દ્રનગર



નજીક આવેલા ઝીંઝુવાડામાંથી માતૃકાઓની જુદી જુદી પ્રતિમાઓ જયારે ભાણવડ નજીકનાં ધુમલી ખાતેથી એ સમયની યુધ્ધ કલાનું નિરૂપણ કરતું શિલ્પ-સ્થાપત્ય દર્શાવતી પ્રતિમાઓ અને સિધ્ધપુર-પાટણથી સુર્ય-સુર્યાણી અને વિશ્ણું ભગવાનની દિવ્ય પ્રતિમાઓ અહી સંગ્રહિત કરવામાં આવી છે. ચોટીલાના ચોબારી ગામેથી તેમજ વઢવાણ નજીક ખોડલીપાર વિસ્તારમાંથી વરાહ સ્વરૂપ ગણાતા વિશ્ણું ભગવાનની દિવ્ય પ્રતિમા મળી આવી છે. સૌરાષ્ટ્ર-ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરતી આ દિવ્ય પ્રતિમાઓ શિલ્પ-સ્થાપત્ય કલાનાં ગૌરવવંતા ઈતિહાસની ઝાંખી કરાવે છે.

# પાકિસ્તાનના પુરના પાણી પ્રવેશી જતાં ‘કાઢવાંઢ રણ’માં સમુદ્ર જેવો માહોલ

## પાક.માં વરસાદના પાણીના કારણે ઘડુલી-સાતલપુર માર્ગનું ધોવાણ

**ભુજ**

પાકિસ્તાનમાં જૂન મહિનાના ઉતરાર્ધથી શરૂ થયેલ ભારે વરસાદ શુક્રવારે પણ મન મુકીને વરસ્યો હતો. જેથી, પાકિસ્તાનના અનેક વિસ્તારોમાં નદીઓમાં ભારે પુર આવ્યા છે.પરિણામે ૪૦ લાખથી વધુ લોકો અસરગ્રસ્ત બની ગયા છે. જેની અસર કચ્છ સુધી પહોંચી છે. પાકિસ્તાનમાં થયેલ અતિવૃષ્ટિની અસર કચ્છના રણમાં જોવા મળી છે. પાકિસ્તાનમાં થયેલ ભારે વરસાદના પાણી કચ્છમાં ધોળાવીરા- ખાવડા માર્ગ પર ફરી વળ્યા છે. ઘડુલી- સાંતલપુર માર્ગ વરસાદી પાણીના કારણે અનેક જગ્યાએ ધોવાયો છે. પાકિસ્તાનમાં ભારે વરસાદને કારણે કચ્છનો રણ દરિયામાં ફેરવાયો છે.

ભુતકાળમાં પણ પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં વરસેલા ભારે વરસાદના કારણે કચ્છના સફેદ રણમાં ઘુંટણ સમા પાણી ભરાઈ ગયા હતા. પાકિસ્તાનમાં ભારે વરસાદથી કચ્છનું સફેદ રણ સમુદ્રમાં ફેરવાતુ હતુ. તેવામાં તાજેતરમાં પાકિસ્તાનના નગરપારકર થરપારકરમાં ભારે વરસાદના કારણે પુર આવ્યા છે જેના પાણી કચ્છના કાઢવાંઢ નજીકના રણમાં ફરી વળ્યા છે. અહિંના રણમાં પાકિસ્તાનના પુરના પાણી ફરી વળતા રણ સમુદ્રમાં ફેરવાઈ ગયો છે.

# પંજાબ પહોંચેલું ૧૯૦ કરોડનું ડ્રગ્સ ઉતારનાર કચ્છના બે યુવક ઝડપાયા

**ભૂજન**

પંજાબ પોલીસે રૂ. ૧૯૦ કરોડના ૩૮ કિલો હેરોઈનનો જથ્થો એક ટ્રકમાંથી પકડી પાડયો હતો. ટ્રકના ડ્રાઈવર કુલવિંદર સિંઘે કબુલાત કરી હતી કે હેરોઈનનો આ જથ્થો કચ્છમાંથી ભરવામાં આવ્યો હતો. જેના અનુસંધાને ગુજરાત એટીએસ દ્વારા કચ્છમાં દયાપર પાસે તપાસ કરી લક્કી ગામેથી ઉમર ખમીસા જત અને હમદા હારૂન જતની અટકાયત કરી છે. બંને આરોપીઓની પુછપરછ દરમિયાન તેમણે આ માલ પાકિસ્તાનના ગુલ મોહમંદ દ્વારા મોકલવામાં આવતો હોવાની કબુલાત આપી છે.

# કીર્તિદાન ગઢવી અને સીએમનું ગુજરાત ગરિમા એવોર્ડથી સન્માન કરાશે

**ભાવનગર**

કલાનગરી એવાં ભાવનગરને આંગણે આગામી 06 સપ્ટેમ્બરના રોજ એક અદ્કેરો સન્માન- અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાવનગરના વિકાસ માટે અનેક પગલાં લેનાર અને ભાવનગર ફરતે રીંગરોડ માટે રૂા. 297 કરોડ રૂપિયાની ફાળવણી માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું જાહેર સન્માન કરાશે. તો સાથે ’ધન્ય છે કિર્તીદાનને’ કાર્યક્રમમાં કિર્તીદાન ગઢવીને ’ગુજરાત ગરિમા એવોર્ડ’થી સન્માનિત કરવામાં આવશે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

| Brampton (West) | Scarborough WE ARE RE-OPENING | Mississauga WE MOVED TO |
| --- | --- | --- |
| 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours | 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, | 6800 REXWOOD ROAD, UNIT - D |
| Phone 647-761-1317, 647-657-9631 | Phone 647-761-1317 647-657-9631 905-673-9631 | : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 |
| ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM | ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF | ------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM |
| : SAT-SUN : 1.00 PM to 6.00 PM | : SAT-SUN : 11.00 AM to 6.00 PM | -----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM ----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM |

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


### સેક્સ, રેપ, બ્લેકમેઈલિંગ કે પ્રોપર્ટીના ઝગડાને કારણે ભાજપી મહિલા નેતાની હત્યા

# સોનાલીની હત્યા: કારણોના વમળમાં ઘૂંટાતુ રહસ્ય

એક સમયની ટીકટોક સ્ટાર અને હાલની ભાજપની નેતા સોનાલીના શંકાસ્પદ મોત સાથે અનેક અટકળો વહેતી થઈ છે. સોનાલીએ રવિવારે રાત્રે માતાને ફોન કર્યો ત્યારે ફરિયાદ કરેલી કે, પોતાને ખાવામાં કંઈક આપી દેવાતાં તબિયત સારી નથી. જે પછી તરત જ બીજા દિવસે સવારે તેના મોતના સમાચાર આવી ગયા તેથી દાળમાં કંઈક કાળું છે એવો દાવો પરિવારે કરેલો. સોનાલીના મોતને પગલે તેના બે ભાણેજ વિકાસ અને મોહિંદર તાત્કાલિક ગોવા પહોંચી ગયેલા. આ સમયે મોહિંદરે દાવો કરેલો કે, સોનાલીનો ચહેરો એક તરફ સૂઝી ગયેલો જ્યારે બીજી તરફ ઉઝરડાનાં નિશાન હતાં. વિકાસે એવો દાવો પણ કર્યો હતો કે, સુધીર સાંગવાને સોનાલીના મોતના મામલે રીતસર ગલ્લાંતલ્લાં કર્યા, પહેલા તેણે કહેલું કે, ડિનર પછી સોનાલીને બેચેની થતાં ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા પણ ત્યાં ડોક્ટરે તેને મૃત જાહેર કરી. સુધીરે કેટલા વાગ્યે આ બધું બન્યું એ વિશે જાત જાતની વાતો કરેલી. તેના કારણે સોનાલીનું મોત શંકાસ્પદ છે.

સોનાલીના ભાઈ રિંકુ ઢાકાએ ગોવા પોલીસને ચાર પાનાંનો પત્ર લખીને ઘણી ચોંકાવનારી વાતો કરી છે. તેના કારણે સોનાલીનો કેસ જુદી જ દિશામાં ફંટાઈ ગયો છે. હરિયાણાના ફતેહાબાદ જિલ્લાના ભૂથનકલાંમાં રહેતા રિંકુ ઢાકાએ ગોવા પોલીસને લખેલા પત્રમાં લખ્યુ છે કે, સુધીર સાંગવાન અને તેના મિત્ર સુખવિંદરે સોનાલીના ખાવામાં ડ્રગ્સ ભેળવીને બળાત્કાર ગુજાર્યો અને આ દુષ્કર્મનો વીડિયો બનાવીને તેને બ્લેકમેઈલ કરાતી હતી. સોનાલીની દીકરી માત્ર ૧૫ વર્ષની છે. તેણે પણ માતાની હત્યા થઈ હોવાનો આક્ષેપ મૂકીને ન્યાયની માગણી કરી છે.

રિંકુએ રાજકીય ષડયંત્રના ભાગરૂપે પોતાની બહેનની હત્યા કરી હોવાનો આક્ષેપ કર્યો છે. તેના કારણે તેના આક્ષેપોની ગંભીરતા વધી જાય છે. સોનાલીને પોતાના રસ્તામાંથી દૂર કરવામાં ક્યા રાજકારણીને રસ હતો એ સવાલ ઉઠયો છે. સોનાલી એક્ટ્રેસ હતી, ભારતમાં પ્રતિબંધ નહોતો ત્યારે ટિકટોક સ્ટાર હતી, અત્યારે પણ સોશિયલ મીડિયા સ્ટાર હતી જ અને વધારામાં સત્તાધારી પક્ષની મહિલા નેતા હતી. તેના કારણે તેની સ્ટોરીમાં ગ્લેમર, પબ્લિસિટી, મીડિયા એટેન્શન વગેરે તો હતા જ. હવે તેના મોતને મામલે થયેલા આક્ષેપોના પગલે સેક્સ, રેપ, બ્લેકમેઈલિંગ, પ્રોપર્ટીના ઝગડા વગેરે એંગલ પણ ઉમેરાતાં એક સાદો કુદરતી મોતનો લાગતો કેસ જબરદસ્ત મર્ડર મિસ્ટરી બની ગયો છે.



**ઓફબીટ**
**ધવલ શુક્લ**

આ કેસની તપાસ અત્યાર સુધી સોનાલી, તેના પી.એ. સુધીર સંગવાન અને સુધીરના મિત્ર સુખવિંદર પાસી ફરતે કેન્દ્રિત હતી. પરંતુ હવે સોનાલીના પરિવારે હરિયાણાના બદનામ નેતા ગોપાલ કાંડા સામે સીધો આક્ષેપ કરતાં નવો ટ્વિસ્ટ આવ્યો છે. સોનાલીના પરિવારે ગોપાલ કાંડા સામે તો નામજોગ આક્ષેપ મૂક્યો છે. હરિયાણાના ગૃહ મંત્રી અનિલ વિજે પોતે સ્વીકાર્યું છે કે, સોનાલીના પરિવારે નેતાઓ સામે ગંભીર આક્ષેપો કર્યા છે તેથી હરિયાણા સરકારે આ હત્યાની તપાસ સીબીઆઈ પાસે કરાવવા માટે ગોવા સરકારને પત્ર લખી દીધો છે. સોનાલીના ભાઈ રીંકુ ઢાકાએ કહ્યું છે કે, સોનાલીને બ્લેકમેઈલ કરાતી હતી.

### કેસની તપાસ સુધીર સંગવાન અને સુધીરના મિત્ર સુખવિંદર પાસીથી આગળ વધી છે કારણ કે, સોનાલીના પરિવારે ગોપાલ કાંડા સામે સીધો આક્ષેપ કરી દીધો છે

સુખવિંદરનું કાંડા સાથેનું કનેક્શન જોતાં તે પણ આ બધામાં સામેલ હોઈ શકે. કાંડા હરિયાણાના રાજકારણનું બહુ બદનામ પાત્ર છે. કાંડાનું મૂળ નામ ગોપાલ કુમાર ગોયલ છે. હરિયાણામાં કોંગ્રેસની ભૂપિન્દરસિંહ હુડ્ડા સરકારમાં ગૃહ મંત્રી રહી ચૂકેલા કાંડાનો જન્મ સિરસાના સામાન્ય પરિવારમાં થયો હતો. પણ તેના વકીલ પિતાએ સ્થાનિક તારા બાબાને મદદ કરી હતી. જેથી કાંડાનાં ભાગ્ય ખૂલી ગયાં. તારા બાબાએ કાંડાનો પરિચય ઓમ પ્રકાશ ચૌટાલા સાથે કરાવ્યો. ચૌટાલાને કાંડા જેવા ગુંડાગીરી કરતા લોકોની જરૂર હતી તેથી તેમણે કાંડાને સહારો આપ્યો.

ચૌટાલાનો દબદબો હતો અને તેમની સરકાર હતી તેથી કાંડાએ નોટો છાપવા માંડી. તેના જોરે પહેલાં તે મ્યુઝિક અને પછી શૂ શોપ કરી, પછી રીયલ એસ્ટેટ બ્રોકર બન્યો. ગુરૂગ્રામ એ વખતે વિકસી રહ્યું હતું તેથી કાંડાએ ત્યાં દલાલી શરૂ કરી. આ સમયે તે અઢળક નાણા કમાયો, તેથી પોતે જ બિલ્ડર બની ગયો. અઢળક કમાણી બાદ કાંડાએ હોટલ બનાવી, ગોવામાં કેસિનો લીધો અને લક્ઝુરીયસ કારની ડીલરશીપ પણ લીધી. ૨૦૦૮માં તેણે એરલાઈન શરૂ કરી પણ ફાવટ નહીં આવતા છેવટે ૨૦૧૦માં એમિરાત્સ એરલાઈનને વેચી મારી. કાંડાએ ચૌટાલા પાસે ૨૦૦૫ અને ૨૦૦૯માં ટિકિટ ચૂંટણી માટે ટીકિટ માંગી પરંતુ તે સમયે ચૌટાલાને કાંડાનો બરાબર પરિચય થઈ ગયો હતો, એટલે તેને ટીકિટ ના આપી. તેથી ૨૦૦૯માં કાંડાએ અપક્ષ તરીકે જ ચૂંટણીમાં ઝંપલાવ્યું. તારા બાબાની મદદ મળતા કાંડા અપક્ષ તરીકે ચૂંટણી જીત્યો. કોંગ્રેસને એ વખતે સ્પષ્ટ બહુમતી નહોતી મળી, કાંડાએ છ અપક્ષોને કોંગ્રેસ સાથે લાવીને ભૂપિન્દરસિંહ હુડ્ડાને મુખ્યમંત્રી બનાવ્યા અને પોતે ગૃહ મંત્રી બન્યો.

કાંડા ગૃહ મંત્રી હતો ત્યારે જ ગીતિકા શર્મા આપઘાત કેસના કારણે રાજીનામું આપવાની નોબત આવી હતી. ગીતિકા એર હોસ્ટેસ હતી. ગોપાલ કાંડાએ શરૂ કરેલી એમડીએસઆર એરલાઈન્સમાં નોકરી કરતી એર હોસ્ટેસ ગીતિકા શર્માનું એ હદે શોષણ કરેલું કે, કંટાળીને ગીતિકાએ આપઘાત કરી લીધો હતો. ગીતિકા સાથે કાંડા બળજબરીથી શરીર સુખ માણતો હતો. કાંડાએ ગીતિકાને ફરમાન કરેલું કે, સવારે કામ શરૂ કરતાં પહેલાં અને સાંજે ઘરે જતાં પહેલાં ફરજિયાત પોતાને મળીને જ જવાનું. કાંડા પોતાની ઓફિસમાં ગીતિકાનું શારીરિક શોષણ કરતો હતો. આ શોષણથી કંટાળેલી ગીતિકાએ ૫ ઓગસ્ટ, ૨૦૧૨ના રોજ આપઘાત કરી લીધો ત્યારે બે સુસાઈડ નોટ મૂકી હતી. ગીતિકાએ પોતાના શારીરિક શોષણની તમામ વિગતો લખી હતી.

ગીતિકાના પરિવારે આક્ષેપ કર્યો હતો કે, કાંડા ગીતિકાને જુદા જુદા નામે ઈ-મેલ મોકલીને ધમકીઓ પણ આપતો હતો. કાંડાએ બધા આક્ષેપો નકારી કાઢ્યા પરંતુ તે પછી દિલ્હી પોલીસે તેની ધરપકડ કરીને આપઘાત માટે દુષ્પ્રેરણા, જાતિય શોષણ, ગુનાઈત ષડયંત્ર, જૂઠા મેસેજ મોકલવા સહિતના કેસો કરી જેલમાં ધકેલી દીધેલો. જે બાદ તેના ભાઈ ગોવિંદે ગીતિકાના પરિવારને કેસ પાછો લેવા એટલો પરેશાન કર્યો કે, ગીતિકાની માતા અનુરાધાએ પણ દીકરીના આપઘાતના છ મહિનામાં આપઘાત કરી લીધો હતો. તેના કારણે કેસ નબળો પડી ગયો હતો. દિલ્હી હાઈકોર્ટે જાતિય શોષણનો આરોપ રદ કરતાં કાંડા ૨૦૧૪ના માર્ચમાં જામીન ઉપર છૂટયો અને બે મહિના પછી હરીયાણા લોકહિત પાર્ટી સ્થાપીને પાછો ફુલટાઈમ રાજકારણી બની ગયો. ૨૦૧૪માં એ વિધાનસભાની ચૂંટણી હારી ગયેલો પણ ૨૦૧૯માં ફરી જીતીને ધારાસભ્ય બની ગયો છે. કાંડાની મથરાવટી મેલી છે. અંડરવર્લ્ડ સાથે કનેક્શન સહિતના બીજા પણ કેસ તેની સામે નોંધાયેલા છે.

કાંડાની ગુંડાગીરીની ઈમેજના કારણે નેતાઓ તેની સામે પડતા નથી ત્યારે સોનાલી જેવી એકલી સ્ત્રી ડરી જાય તેમાં શંકા નથી. કાંડાની ધાકનો લાભ લઈને સુખવિંદર અને સુધીર પણ મનમાની કરતા હોય એ શક્ય છે. સોનાલીના મોતના મામલે શંકાના દાયરામાં આવેલા રોહતકનો સુધીર સાંગવાન અને ભિવાનીનો સુખવિંદર ભાજપના કાર્યકર છે. બંને સોનાલીનો પ્રચાર કરતા હતા અને પછી સુધીર સોનાલીનો પી.એ. બની ગયો હતો.



## કાર્તિક આર્યનની ફ્રેડી ફિલ્મ પણ સીધી OTT પર

બોલીવૂડ બોક્સ ઓફિસ પર ચાલી રહેલી કત્લેઆમને લીધે ડરી ગયેલા કેટલાય ફિલ્મ નિર્માતાઓ પોતાની ફિલ્મની કમર્શિઅલ સકસેસ અંગે ડરી ગયા છે. તેના લીધે સંખ્યાબંધ ફિલ્મો ડાયરેક્ટ ઓટીટી પર રિલીઝ થવાની રાહમાં છે. કાર્તિક આર્યનની ફ્રેડી ફિલ્મ પણ આ યાદીમાં ઉમેરાઇ છે. ચાલુ વર્ષમાં બોલીવૂડમાં એકમાત્ર જેન્યુઈન સુપર હિટ ફિલ્મ કાર્તિક આર્યનની ભૂલભૂલૈયા ટૂ જ મનાય છે. તેના લીધે કાર્તિક આર્યન હાલ બોલીવૂડના સેલેબલ સ્ટાર્સની યાદીમાં ગણાવા માંડયો છે.

# Filmfare 2022 : રણવીર સિંહ બન્યો બેસ્ટ એક્ટર, કૃતિ સેનન બેસ્ટ એક્ટ્રેસ

### મુંબઈમાં આયોજિત મેગા ઈવેન્ટમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણીની ફિલ્મ 'શેરશાહ'ને સર્વશ્રેષ્ઠ ફિલ્મ તરીકે જાહેર કરાઈ

**નવી દિલ્હી**

ફિલ્મફેર એવોર્ડ 2022માં બોલિવૂડ સ્ટાર્સનો જમાવડો જોવા મળ્યો હતો. મુંબઈમાં આયોજિત આ મેગા ઈવેન્ટમાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણીની ફિલ્મ 'શેરશાહ'ને સર્વશ્રેષ્ઠ ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવી હતી. તો બીજી તરફ વિષ્ણુવર્ધનને બેસ્ટ દિગ્દર્શકનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. બેસ્ટ ફિલ્મના એવોર્ડ માટે વિકી કૌશલની 'સરદાર ઉધમ સિંહ', તાપસી પન્નુની 'રશ્મિ રોકેટ' અને 'રામપ્રસાદની તેરહવી' સ્પર્ધામાં જોવા મળી હતી.



જ્યાં સુધી બેસ્ટ એક્ટર અથવા એક્ટ્રસનો સવાલ છે તો ફિલ્મફેર એવોર્ડ 2022માં ફિલ્મ 83 માટે રણવીર સિંહને બેસ્ટ એક્ટરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ભારતીય ક્રિકેટ ટીમ દ્વારા જીતેલા પ્રથમ ક્રિકેટ વર્લ્ડ કપની સંપૂર્ણ વાર્તા વર્ણવતી આ ફિલ્મમાં રણવીર સિંહે તત્કાલિન કેપ્ટન કપિલ દેવની ભૂમિકા ભજવી હતી. તો બીજી તરફ બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ કૃતિ સેનને ફિલ્મ 'મિમી' મળ્યો હતો. આ ફિલ્મમાં કૃતિ સેનને એક સરોગેટ માતાની ભૂમિકા ભજવી હતી જે એક વિદેશી કપલના બાળકને જન્મ આપે છે. ઈવેન્ટમાં રણવીર સિંહે ફિલ્મ ડાયરેક્ટર કબીર ખાનનો આભાર માન્યો જે 83ના ડિરેક્ટર છે. એવોર્ડ શો દરમિયાન કેટલીક સુંદર અને ખાસ ક્ષણો જોવા મળી હતી. અભિનેતા રણવીર સિંહે પત્ની દીપિકા પાદુકોણને સ્ટેજ પર કિસ કરી હતી અને આ તસવીરો અને વીડિયો જોરદાર વાયરલ થયા હતા.

### બેસ્ટ એવોર્ડની યાદી

- બેસ્ટ અભિનેતા: રણવીર સિંહ- ફિલ્મ 83
- બેસ્ટ અભિનેત્રી: કૃતિ સેનન- ફિલ્મ મિમી
- બેસ્ટ ડાયરેક્ટર: વિષ્ણુવર્ધન- ફિલ્મ શેરશાહ
- બેસ્ટ સહાયક ભૂમિકામાં અભિનેતા: પંકજ ત્રિપાઠી-ફિલ્મ મીમી
- બેસ્ટ સહાયક ભૂમિકામાં અભિનેત્રી: સાઈ તામ્હંકર-ફિલ્મ મીમી
- બેસ્ટ ઓરિજિનલ સ્ટોરી: ચંદીગઢ કરે આશિકી
- બેસ્ટ ડેબ્યુ મેલ: એહાન ભટ ૯૯ ગીતો
- બેસ્ટ ડેબ્યુ ફીમેલ: શર્વરી વાઘ- ફિલ્મ બંટી ઔર બબલી 2
- બેસ્ટ ડેબ્યુ ડિરેક્ટર: સીમા પાહવા- ફિલ્મ રામપ્રસાદ કી તેહર્વી
- બેસ્ટ લિરિક્સ: કૌસર મુનીર- ફોર લેહરા દો ફિલ્મ '83'
- બેસ્ટ પ્લેબેક સિંગર (મેલ): બી પ્રાક- મન ભર્યા 2.0 ફિલ્મ શેરશાહ
- બેસ્ટ પ્લેબેક સિંગર (ફિમેલ): અસીસ કૌર- રાતાન લાંબિયાં ફિલ્મ શેરશાહ

## આમિર ખાને સ્વીકારી 'લાલ સિંહ ચઢ્ઢા'ની નિષ્ફળતાની જવાબદારી



**નવી દિલ્હી**

ગત તા. 11 ઓગષ્ટના રોજ સિનેમાઘરોમાં રીલિઝ થયેલી આમિર ખાનની ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા' બોક્સ ઓફિસ પર પીટાઈ ગઈ છે. આમિર ખાનને પોતાની આ બિગ બજેટ ફિલ્મથી ખૂબ જ આશાઓ હતી પરંતુ ઓપનિંગ ડે પર ઠીકઠાક પ્રદર્શન બાદ ફિલ્મની કમાણીમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ફિલ્મના કલાકારો, નિર્માતાઓને ફિલ્મ અસફળ રહેશે તેવો જરા પણ અંદાજો નહોતો પરંતુ કંઈક અલગ જ સ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે જાણવા મળ્યા મુજબ બોક્સ ઓફિસ પર ફિલ્મ પીટાઈ ગયા બાદ જે પણ નુકસાન થયું છે તેની ભરપાઈ કરવા માટે આમિર ખાન પાસે એક પ્લાન છે. જાણવા મળ્યા મુજબ ફિલ્મને થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે આમિર ખાન પોતાની ફી જતી કરવાના છે. જો આમિર ખાન પોતાની એક્ટિંગની કિંમત વસૂલે તો ફિલ્મ નિર્માણ કરનારી કંપની વાયકોમ 18 સ્ટુડિયોને આશરે 100 કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડશે. આ અંગે જાણ્યા બાદ આમિર ખાને ફિલ્મની નિષ્ફળતાની જવાબદારી પોતાના પર લઈ લીધી છે અને નુકસાનની ભરપાઈ કરવા માટેનો નિર્ણય લીધો છે.



## મની લોન્ડરિંગ કેસમાં કોર્ટે જેકલીન ફર્નાન્ડીસને સમન્સ પાઠવ્યું, 26 સપ્ટેમ્બરે હાજર થવાનો આદેશ

મહાઠગ સુકેશ ચંદ્રશેખર સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ફસાયેલી બોલિવૂડ અભિનેત્રી જેકલીન ફર્નાન્ડિસ સામે દાખલ કરવામાં આવેલી પૂરક ચાર્જશીટની પટિયાલા હાઉસ કોર્ટે બુધવારે ધ્યાનમાં લીધી હતી. કોર્ટે જેકલીન ફર્નાન્ડીઝને સમન્સ પાઠવીને 26 સપ્ટેમ્બરે હાજર થવાનો આદેશ આપ્યો છે. કોર્ટે આ સાથે EDને જેકલીનના વકીલને ચાર્જશીટની કોપી સોંપવાનો નિર્દેશ આપ્યો હતો. EDએ પહેલાથી જ સુકેશ ચંદ્રશેખર વિરૂદ્ધ 2 પૂરક ચાર્જશીટ દાખલ કરી ચૂક્યું છે. આ કેસમાં સુકેશ ચંદ્રશેખર સહિત તમામ આરોપીઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પટિયાલા હાઉસ કોર્ટમાં હાજર થયા હતા. તે જ સમયે, અભિનેત્રી જેકલીન ફર્નાન્ડિસે કોર્ટ પાસે ફિલ્મના શૂટિંગ માટે પોલેન્ડ જવાની પરવાનગી માંગી હતી જેને કોર્ટે ફગાવી દીધી હતી. અગાઉ EDએ જેકલીન ફર્નાન્ડિસને આ સમગ્ર કેસમાં આરોપી બનાવી તેની 7 કરોડ 27 લાખ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી હતી. આ સિવાય એવો પણ આરોપ લગાવવામાં આવ્યો છે કે, મહાથુગ સુકેશે જેકલીનને કિંમતી ભેટ અને 7.7 કરોડ રૂપિયાની રોકડ રકમ આપી હતી. EDએ એક નિવેદનામાં કહ્યું હતું કે, તપાસ દરમિયાન એ વાત સામે આવી છે કે સુકેશ ચંદ્રશેખરે જૈકલીન ફર્નાન્ડિસને ખંડણી સહિતની ગુનાહિત પ્રવૃત્તિઓની આવકમાંથી 5.71 કરોડ રૂપિયાની ભેટ આપી હતી. સુકેશ ચંદ્રશેખરે આ કેસમાં પોતાના લાંબા સમયથી સહયોગી અને આરોપી પિંકી ઈરાની દ્વારા આ ભેટ આપી હતી. સુકેશ ચંદ્રશેખરે આંતરરાષ્ટ્રીય હવાલા ઓપરેટર અવતાર સિંહ કોચર દ્વારા જેકલીન ફર્નાન્ડિસના પરિવારના સભ્યોને 1,72,913 અમેરિકન ડોલર અને 2,67,40 ઓસ્ટેલિયન આપ્યા હતા.

## ટ્વિંકલ ખન્ના લંડનની યુનિવર્સિટીમાં ફિક્શન રાઇટિંગનો અભ્યાસ કરશે



મુંબઈ : અભિનેત્રી ટ્વિંકલ ખન્ના ફિક્શન રાઈટિંગનો કોર્સ કરવા માટે લંડન ગઈ છે. અક્ષય કુમાર તેને લંડન મુકવા માટે ગયો છે. અક્ષય થોડો સમય વિતાવ્યા બાદ તરત પાછો ફરશે જ્યારે ટ્વિંકલ પોતાનો કોર્સ આગળ ધપાવશે. અક્ષય કુમારે આ તબક્કે એવી ટિપ્પણી પણ કરી હતી કે સામાન્ય રીતે લોકો પોતાના સંતાનો ઉચ્ચ અભ્યાસ માટે વિદેશની કોલેજ કે યુનિવર્સિટીમાં મુકવા જતા હોય છે પરંતુ મારા કેસમાં તો હું પત્નીને ઉચ્ચ અભ્યાસ માટે મુકવા જઈ રહ્યો છું. બોલીવૂડના પહેલા સુપર સ્ટાર રાજેશ ખન્ના અને પોતાના જમાનાની બિન્દાસ અભિનેત્રી ડિમ્પલની દીકરી ટ્વિંકલ ખન્નાએ પણ અભિનેત્રી તરીકે કારકિર્દી જમાવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ તેને ધારી સફળતા મળી ન હતી. આખરે તેણે અક્ષય કુમાર સાથે લગ્ન કરી લીધાં હતાં.

## દાહોદના એનઆરઆઈ પરિવારે એડિસનમાં ઘરે અમિતાભની પ્રતિમા સ્થાપી

મુંબઈ : મૂળ દાહોદના પણ હાલ અમેરિકા સ્થાયી થયેલા ગુજરાતી પરિવારે અમિતાભ બચ્ચનની વિશાળ પ્રતિમા તેમના ઘરના પ્રાંગણમાં મુકાવી છે. આ પ્રતિમા ૭૫ હજાર ડોલર એટલે કે આશરે ૬૦ લાખના ખર્ચે રાજસ્થાનમાં બનાવડાવવામાં આવી છે અને અહીંથી અમેરિકા મોકલવામાં આવી છે. મૂળ ગુજરાતના દાહોદના ગોપી શેઠ અને તેમનાં પત્ની રિંકુ શેઠ ૧૯૯૦ના અરસામાં દાહોદથી અમેરિકા પહોંચ્યા હતા. તેઓ ન્યૂજર્સીમાં રહે છે. તેઓ અમિતાભના ખાસ પ્રશંસક છે. તેઓ બિગ બી એક્સ્ટેન્ડેડ ફેમિલી એવી બચ્ચન ચાહકો માટેની વેબસાઈટ પણ ચલાવે છે. તેઓ આ પ્રતિમા બેસાડવાના છે એવી જાણ અમિતાભ



બચ્ચનને પણ છે. જોકે, અમિતાભે તેમને નમ્રતાપૂર્વક કહ્યું હતું કે મને આટલું બધું સન્માન ન આપવું જોઈએ. જોકે, ગોપી શેઠના જણાવ્યા અનુસાર તેમના માટે અમિતાભ એક ઈશ્વર સમાન છે. અમિતાભ બચ્ચન સાથે શેઠની મુલાકાત પ્રથમ વખત ૧૯૯૧માં ન્યૂજર્સીમાં નવરાત્રિ સમારોહ દરમિયાન થઈ હતી. ત્યારથી તેઓ તેમના બહુ મોટા પ્રશંસક બની ગયા છે. તેમને અમિતાભનો સૌથી વધુ એ ગુણ સ્પર્શે છે કે તેઓ સામાન્ય માણસ સાથે પણ બહુ ગૌરવશાળી અને સન્માનીય રીતે વાત કરે છે. તેઓ કૌન બનેગા કરોડપતિ શો માં દરેક સ્પર્ધકને એકદમ હળવાશનો અનુભવ કરાવે છે. આ સંદર્ભમાં અમિતાભ બચ્ચન કૌન બનેગા કરોડપતિમાં જે અંદાજમાં બેસે છે તે જ પોઝમાં તેમની મૂર્તિ ખાસ તૈયાર કરાવી છે. એક ખાસ ગ્લાસ બોક્સમાં આ પ્રતિમા મુકવામાં આવી છે. આ પ્રસંગે ખાસ આતશબાજી કરવામાં આવી હતી.

# દર અઠવાડિયે 15 ડ્રીંકથી વધુ આલ્કોહોલનું સેવન કરવું ટાળવું જરૂરી: માર્ગદર્શિકા જારી

## આલ્કોહોલ ઓછામાં ઓછા સાત વિવિધ પ્રકારના કેન્સરનું કારણ બની શકે

**ઓન્ટેરિયો**

આલ્કોહોલના સેવન માટે નવી પ્રસ્તાવિત માર્ગદર્શિકા મુજબ કેનેડિયનોએ તેમનાં સ્વાસ્થ્યનાં જોખમને ઘટાડવા માટે દર અઠવાડિયે વધુમાં વધુ બે ડ્રીંક જે લેવાં જોઈએ. કેનેડિયન સેન્ટર ઓન સબસ્ટન્સ યુઝ એન્ડ એડિક્શન (CCSA) દ્વારા સોમવારે પ્રકાશિત કરાયેલા એક અહેવાલમાં બે વર્ષનાં સંશોધન અને 5,000થી વધુ લોકોનો અભ્યાસ પછી કહેવાયું છે કે, ઓછી માત્રામાં લીધેલું આલ્કોહોલ પણ હાનિકારક નીવડી શકે છે.

CCSA દ્વારા પણ બનાવવામાં આવેલી અને છેલ્લે 2011માં અપડેટ કરવામાં આવેલી વર્તમાન હેલ્થ કેનેડા માર્ગદર્શિકામાં નોંધાયું છે કે, પુરુષોએ દરરોજ ત્રણ ડ્રીંક લેખે અઠવાડિયામાં 15 ડ્રીંકથી વધારે આલ્કોહોલનું સેવન કરવાનું ટાળવું જોઈએ. જ્યારે સ્ત્રીઓએ વધુમાં વધુ બે ડ્રીંક લેખે અઠવાડિયામાં 10 ડ્રીંકથી વધારે આલ્કોહોલનું સેવન કરવું જોઈએ નહીં.

CCSA કહે છે કે, અઠવાડિયામાં ત્રણથી છ ડ્રિંક્સ પણ ક્યારેક સ્તન કેન્સર અથવા કોલોન કેન્સર થવાનું જોખમ વધારી શકે છે. જ્યારે દર અઠવાડિયે સાતથી વધુ પીણાં હૃદયરોગ અને સ્ટ્રોક થવાનું જોખમ વધારી શકે છે.

એક અહેવાલમાં જણાવાયું છે કે, બે કરતાં વધુ ડ્રીંક લેવાથી મોટાભાગની વ્યક્તિઓને પડવાથી ઈજાઓ થવાનું જોખમ વધી જાય છે.

# ચીનમાં લગ્નદર ૬.૧ ટકા ઘટયો વર્ષમાં ૭૬ લાખ યુગલે લગ્ન કર્યાં

**બિજિંગ**

ચીનના સરકારી આંકડાં પ્રમાણે યુવાનોમાં લગ્ન કરવાનું વલણ ઘટી ગયું હોવાથી લગ્નદરમાં ૬.૧ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો હતો. ૨૦૨૧માં ૭૬ લાખ દંપતીએ લગ્ન કર્યા હતા, અગાઉ આ આંકડો ૮૦ લાખ કરતાં વધારે હતો. લગ્નદરના ઘટાડાની સીધી અસર જન્મદર પર પણ પડશે.

ચીનમાં લગ્નદર ૧૯૮૬ પછી પ્રથમ વખત સૌથી નીચો નોંધાયો હતો. ૨૦૨૦ની સરખામણીએ લગ્નદર ૨૦૨૧માં ૬.૧ ટકા ઘટયો હતો. છેલ્લાં આઠ વર્ષથી સતત લગ્નદરમાં ઘટાડો નોંધાયો હોવાથી ચીન માટે એ ચિંતાનો વિષય બન્યો છે. યુવાનોમાં લગ્ન ન કરવાનું વલણ વધ્યું હોવાથી તેની સીધી અસર જન્મદર પર પણ પડી રહી છે. ૨૫થી ૨૯ વર્ષની વયજૂથના માત્ર ૩૫ ટકા દંપતીએ જ લગ્ન કર્યા હતા. મોડા લગ્ન કરવાનું વલણ પણ ચીનની નવી પેઢીમાં વધ્યું છે. ૩૦ કે ૩૫ વર્ષની વયજૂથના દંપતીઓમાં પણ વધારો થઈ રહ્યો છે.

નેશનલ હેલ્થ કમિશનના સિનિયર અધિકારી યાંગ જિનરૂઈએ જણાવ્યું હતું કે ૧૯૯૦ પછી ચીનમાં ધીમે પગલે લગ્નદર અને જન્મદરમાં ઘટાડો શરૃ થયો હતો, જે હવે સ્પષ્ટ તફાવત સ્વરૃપે સામે આવ્યો છે.

# ભારત દેશમાં દરરોજ 28 કરોડ ડિજીટલ ટ્રાન્જેકશનઃ IT મંત્રી

**નવી દિલ્હી**

ઈલેકટ્રોનિક ને આઈ ટી રાજયમંત્રી રાજીવ ચંદ્શેખરે કહયું હતું કે ડિજિટલ ચુકવણા બાબતે ભારતે હરણફાળ ભરી છે. ભારત આ બાબતે વિકસિત દેશોને પણ દિશા આપી શકે છે. ત્યાં સુધી કે જર્મની જેવો વિકસિત દેશ પણ ડિજીટલ પધ્ધતિ ડીબીટી ચુકવણામાં ભારત કરતા પાછળ છે. આઈ ટી મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડા મુજબ 2021-22મા રોજ 90 લાખથી વધુ ડીબીટી ભુગતાન કરવામાં આવ્યા હતા.જેનાથી 9.5 કરોડ લાભાર્થીઓને ફાયદો મળ્યો હતો.

એટલું જ નહી રોજ સરેરાશ 28.4 કરોડ ડિજિટલ ટ્રાન્જેકશન થાય છે. આ ટ્રાન્જેકશન વિશ્વમાં સૌથી વધારે છે. ડીજીટલ ટ્રાન્જેકશન મામલે ભારત ચીન કરતા પણ આગળ છે. ચીન ભારત પછી બીજા ક્રમે જયારે અમેરિકા ત્રીજા ક્રમે છે. આમ ડિજીટલ ટ્રાન્જેકશન બાબતે ભારત માત્ર વિકાસશીલ જ નહી વિકસિત દેશો માટે પણ ઉદાહરણ રુપ બન્યો છે. પીએમ સન્માન નીધિ યોજના અંર્તગત 9.5 કરોડ લાભાર્થીઓના બેંક ખાતામાં એક જ બટન કલિકથી એક જ દિવસમાં 1900 કરોડ રુપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

# વધતા જતા વ્યાજ દરો અને જીવનનિર્વાહના વધારે ખર્ચથી મહત્તમ કેનેડિયનો ચિંતિત

## દેશમાં ફેલાય રહેલી ખોટી માહિતી સામે સેન્ટ્રલ બેંક મોરચો માંડવાના મૂડમાં

**ટોરોન્ટો**

તાજેતરના અઠવાડિયામાં કેન્દ્રીય બેંક અર્થતંત્ર ઉપર જનતાને જોડવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહી છે, ફુગાવો કેવી રીતે કામ કરે છે અને ફુગાવાને તેના બે ટકાના લક્ષ્ય ઉપર પાછો લાવવા માટે શું કરે છે તે સમજાવી રહી છે.

જો કે, તેના સૌથી તાજેતરના ટ્વિટર થ્રેડમાં બેંક અર્થશાસ્ત્રની સમજણથી આગળ વધી ગઈ હતી અને રોગચાળા દરમિયાન તેના નીતિ નિર્ણયો સામે લાદવામાં આવતા નિયમો પર લક્ષ્ય સાધ્યું હતું. જ્યારે સેન્ટ્રલ બેંકના અધિકારીઓ સામાન્ય રીતે તેમની વિચારસરણીને સમજાવવા અને પોતાની અપેક્ષાઓ નક્કી કરવા માટે ભાષણો અને અન્ય કાર્યક્રમો યોજે છે,

ત્યારે લાવલ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પ્રોફેસર સ્ટીફન ગોર્ડન કહે છે કે તેના પ્રેક્ષકો પરંપરાગત રીતે આજ કરતાં પાછળ છે. ગોર્ડને કહ્યું કે, જે લોકો ધ્યાન આપે છે તેઓ માત્ર અંદરના લોકો અને બજારના નિષ્ણાતો છે અને સામાન્ય રીતે આ તે જ લોકો છે કે જેની સાથે તેઓએ વાત કરવી પડે છે. આજના ઊંચા ફુગાવાના વાતાવરણ અને મધ્યસ્થ બેંકના રાજનીતિકરણને કારણે મોટાભાગના કેનેડિયનો વધતા વ્યાજ દરો અને જીવનનિર્વાહના ઊંચા ખર્ચ અંગે ચિંતિત છે. આ વધતા વ્યાજની સાથે બેંક ઓફ કેનેડાની કામગીરી માટે અવિશ્વાસ વધી રહ્યો છે અને એવી ખોટી માન્યતા પણ છે કે, તેણે રોગચાળા દરમિયાન પૈસા છાપ્યા હતા.

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ
સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

Available on the App Store
GET IT ON Google Play

હવે APP STORE તથા PLAY STORE પરથી
SWADESH NEWS
ટાઈપ કરી મોબાઈલ એપ્સ તમારા ફોન પર INSTALLED કરી
ઘરે બેઠા બેઠા કોરોના તથા દેશ-દુનિયાનાં સમાચારો વાંચો.

સ્વદેશ +1 416 996 7755 I SWADESH 24x7

# MADHUR - YATRI & CHORUS GROUP - 2022 NAVRATRI "RAAS GARBA"

| Brampton | Waterloo | Markham | Scarborough | Brampton |
|---|---|---|---|---|
| Saturday | Friday | Saturday | Friday | Saturday |
| 24 Sep 2022 | 30 Sep 2022 | 01 Oct 2022 | 07 Oct 2022 | 08 Oct 2022 |

# મધુર યાત્રી અને કોરસ ગ્રુપ ૨૦૨૨ નવરાત્રી રાસ ગરબા

## Shiv Financial Services

presents

Ticket $15 per person Children under 4 FREE

**Madhur Yatri & Chorus Group**

To support Sri Radha Krishna Temple of Scarborough

**Saturday - Sep 24, 2022 @ 7.00pm**

**Venue:** Hindu Sabha

9225 The Gore Rd, Brampton ON L6P 0B6

For ticket &more info:

Jagdish Sevak: 647-236-7620
Manisha sevak: 647-770-3876

૨૦૨૨ નવરાત્રી રાસ ગરબા મા મધુર યાત્રી અને કોરસ ગ્રુપ ના તમામ કલાકાર નવરાત્રી ને પૂર જોશમા ઉજવવા માટે સુંદર ગરબા અને રાસ સાથે સંગીત ની રમઝટ માનવા તેયાર છે.બે વર્ષ ના કોવીડ-૧૯ ના મહામારીરોગ પછી હવે સમય આવ્યો છે નવરાત્રીની માતાજી ની આસ્થાને પરિપૂર્ણ કરવા માટે અને આ સુંદર સમય ને શ્રદ્ધા સાથે ભરપૂર આનંદ માણી કોવીડ-૧૯ ને વિદાય આપવી છે. ચાલો મધુર યાત્રી અને કોરસ ગ્રુપ ના કલાકાર સાથે આપ નવરાત્રીને શાનદાર ઉજવવા માટે તેયાર થઈ જાઓ ૭ ઓક્ટોબર ૨૦૨૨ ને શુક્રવારે સાજે ૭ વાગે સાઈ મંદિર મારખમ મા પ્રવેશ ફી વગર રાસ ગરબા ની મજા માણો. વધુ માહિતી માટે ૪૧૬ ૫૭૫ ૫૩૧૨ રઘુજી

## Kitchner-Waterloo Community

presents

Ticket $15 per person Children under 4 FREE

**Madhur Yatri & Chorus Group**

**Friday - Sep 30, 2022 @ 7.00pm**

**Venue:** Albert McCormick Community Centre

500 Parkside Drive, Waterloo, Waterloo ON N2L 5J4

entrance through Waterloo Public Library doors on old Albert Street

For ticket &more info:

Kamal Singh: 226-338-1474
Gayatri Singh: 226-606-1647

## 24 Gam Patidar Samaj

presents

Ticket $15 per person Children under 4 FREE

**Madhur Yatri & Chorus Group**

**Saturday - Oct 01, 2022 @ 7.00pm**

**Venue:** Armenian Community Centre of Toronto

45 Hallcrown Pl, North York, ON M2J 4Y4

For ticket &more info:

Mahender Patel: 647-454-5830

## Sai Mandir
## સાઈ મંદિર

FREE Entry

presents

**Madhur Yatri & Chorus Group**

**Friday - Oct 07, 2022 @ 7.00pm**

**Venue:** Sai Mandir સાઈ મંદિર

2721 Markham Rd, Unit # 6

Toronto Ontario M1X 1N5

For more info:

Raghu : 416-575-5312

## Dashkoshi Leuva Patidar Samaj

presents

Ticket $15 per person Children under 4 FREE

**Madhur Yatri & Chorus Group**

**Saturday - Oct 08, 2022 @ 7.00pm**

**Venue:** Hindu Sabha

9225 The Gore Rd, Brampton ON L6P 0B6

For ticket &more info:

Sanjay/Dipti Patel: 647-469-9274 Jignesh/Varsha Patel: 647-575-8420
Jayesh/Rekha Patel: 647-895-0385 Anil/Devyani Patel: 647-746-6423

૪૮ વર્ષના સાથ અને સહકાર માટે ગુજરાતી ભાઈ-બ્હેનોની અશોક ટ્રાવેલ્સ ખૂબજ અભાર માને છે.

# અશોક ટ્રાવેલ્સ ASHOK TRAVELS

416.977.9896 www.ashoktravel.com

ટોરાન્ટો-કેનેડાની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી TICO 1486999

Ashok Travels Ashok Travels

# ભારતમાલા પ્રોજેક્ટનો વિરોધ: જમીન નહીં આપવા હુંકાર

## ગાંધીનગર અને દહેગામ તાલુકાના ખેડૂતોની છાલા ગામમાં બેઠક મળી

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લાના ખેડૂતોમાં અત્યારે ભારતમાલા પ્રોજેક્ટનો વિરોધ થઈ રહ્યો છે. આ અંગે છાલા ખાતે આસપાસના ખેડૂતોનું સંમેલન યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

ભારતમાલા પ્રોજેક્ટ અંતર્ગત ગ્રીન એક્સપ્રેસ હાઈવે અંગે જમીન સંપાદન કરવામાં માટેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારના આ જાહેરનામામાં પ્રથમ ફેઝમાં ગાંધીનગર તાલુકાના છાલા, પીપળજ, દોલારાણા વાસણા, ગીયોડ, ગલુદણ, મગોડી, ઈસનપુર મોટા, ઉનાવા, વડોદરા, ચેખલારાણી ગામની જમીન સંપાદન કરવામાં આવશે જ્યારે દહેગામ શહેરી વિસ્તાર ઉપરાંત કડાદરા, જલુન્દ્રા મોટા, કરોલી, હાલિસા અને રામનગરની જમીન સંપાદિત કરાશે. આમ દહેગામ અને ગાંધીનગર તાલુકાની કુલ ૬૯૦.૬૭ હેક્ટર જમીનનું સંપાદન કરાશે. જેનો વિરોધ ખેડૂતો કરી રહ્યા છે. છાલા ખાતે યોજાયેલી બેઠકમાં કોઈ પણ ભોગે જમીન નહિ આપવાનો નિર્ણય લેવાયો હતો. આ અંગે અગાઉ પણ ઘણીવાર જમીન સંપાદન મુદ્દે ઉચ્ચ અધિકારીઓને રજૂઆતો કરવામાં આવી હતી. પરંતુ આખરે જમીન સંપાદન માટેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. ખેડૂતો એ જણાવ્યું હતું કે સત્ય જીતતું નથી સંગઠિત સત્ય જીતે છે. અમે જીવ આપી દઈશું પણ કોઈ પણ ભોગે અમે અમારી જમીન આપીશું નહીં.

## જમીન સંપાદનથી કેટલાક ખેડૂતો ખેડૂત રહેશે નહિ

તાજેતરના કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા જમીન સંપાદન માટેના જાહેરનામા અનુસાર ઘણા ખેડૂતોની જમીન સંપાદન થઈ જશે. જેમાં સૌથી વધુ છાલા અને પીપળજ ગામના ૨૦૦-૨૦૦ સર્વે નંબરની જમીન સંપાદિત થશે. ત્યારે એવા કેટલાય ખેડૂતો છે જેમની તમામ જમીન આ યોજના હેઠળ સંપાદિત થવાની છે. જેને કારણે તેઓ જમીન વિહોણા બની જશે અને ખેડૂત પણ ગણાશે નહિ એમ સ્થાનિક ખેડૂતોએ જણાવ્યું હતું. જમીન સંપાદન મામલે વિરોધ પ્રદર્શન ની કામગીરી માટે સમન્વય સમિતિની રચના કરવામાં આવી છે. જેમાં અસરગ્રસ્ત દરેક ગામ દીઠ ચાર કન્વીનરો હશે. આ સમિતિ વિરોધ પ્રદર્શન માટે તેમજ આંદોલન વેગવંતુ બનાવવા માટેની રણનીતિ તૈયાર કરશે. આ સમિતિની રચનામાં દરેક ખેડૂતોની સમસ્યાને સાંકળી લેવાનો પ્રયાસ કરાયો છે.

# આશા વર્કરોનું ગાંધીનગરમાં હલ્લાબોલ

**ગાંધીનગર**

ગુજરાતની ભાજપ સરકાર સામે જિલ્લા પંચાયતો હસ્તક રહીને સમગ્ર રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ પુરી પાડતી આશા બહેનો પણ સરકાર સામે મોરચો માંડી રહી છે. લઘુત્તમ વેતન સહિતના નિયમોનું સરકાર પાલન કરે તે માટે ઘણા સમયથી આ મહિલા કાર્યકરો રજુઆતો કરી રહી છે પરંતુ ગાંધીનગર સુધી તેમનો અવાજ સાંભળવામાં આવતો નથી. તેના જ કારણે બુધવારે મહિલા શક્તિ સેનાના નેજા હેઠળ સમગ્ર રાજ્યમાંથી હજ્જારો જેટલી આશા વર્કર બહેનો રજુઆતો સાથે ગાંધીનગરમાં ઉમટી પડી હતી. પોલીસ અને તંત્રને આશા વર્કર રજુઆત માટે આવવાની હોવાની જાણ થતા જ સવારથી ગાંધીનગરના માર્ગો ઉપર સઘન સલામતી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો તેમ છતા હજ્જારો આશા વર્કર બહેનો ગાંધીનગર આવી પહોંચી હતી.



૧૦૦થી વધુ આશા વર્કર વિધાનસભા પાસે પણ પહોંચી ગઈ હતી જેના પગલે પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. ત્યાર બાદ રાજ્યભરમાંથી આવેલી આ આશા બહેનોને ગાંધીનગરનીર સત્યાગ્રહ છાવણી ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં આ બહેનોએ રજુઆત કરી હતી કે, કોરોના જેવી મહામારીમાં ટેસ્ટીંગ અને વેક્સિનેશન જેવી કામગીરી કરી હોવા છતા તેમને સન્માન આપવાને બદલે સરકાર પિડા આપી રહી છે.

# ઘોડાસરમાં પત્નીએ પતિની પ્રમિકાનું ગળુ દબાવી ઝેરી દવા પીવડાવી દીધી

**અમદાવાદ**

ઘોડાસરમાં રહેતી મહિલાએ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં પ્રેમી અને પ્રેમીના પતિ સહિત 4 લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે તે કોલેજમાં અભ્યાસ કરતી હતી તે સમયે યુવક સાથે મિત્રતા થઈ હતી બાદમાં મહિલાને પતિ સાથે છૂટાછેડા થતાં બન્ને સાથે પ્રેમ સબંધ થયો હતો. યુવક પણ પોતાની પત્નીને છૂટાછેડા આપીને ફરિયાદી મહિલાને લગ્નની લાલચ આપી હતી અને અવાર નવાર મહિલા સાથે શારિરીક સબંધ બાધ્યો હતો અને યુવક અને તેની માતા ફરિયાદી મહિલાને મળવા આવી હતી બાદમાં પ્રેમી અને તેની પત્ની સહિત ચાર વ્યકિત મળવા માટે આવ્યા હતા અને પ્રેમીએ પત્નીએ ફરિયાદી મહિલા સાથે તકરાર કરીને તું મારા પતિ સાથે કેમ સબંધ રાખે છે, તેમ કહીને ગાળો બોલીને છરીથી હુમલો કર્યો હતો. આ બાબતની અદાવત રાખીને 3 મહિલા સહીત 5 શખ્સોએ ફરિયાદી મહિલા પર હુમલો કર્યો હતો મહિલા બગીચામાં ચાલવા માટે ગઈ હતી આ સમયે એક મહિલાએ પાછળથી ગળામાં પ્લાસ્ટીની દોરી નાંખીને ગળુ દબાવી દીધું હતું અને મહિલાને ઝેરી દવા પીવડાવી દીધી હતી.

# આજીવન કેદની સજાનો ફરાર ગુનેગાર 2 સાગરિતો સાથે સિંહુજથી ઝડપાયો

**નડિયાદ**

મહુધા ખાત્રજ ચોકડી રોડ પર આવેલા સિંહુજ ચોકડી પાસેથી આજીવન કેદની સજાનો ગુનેગાર છેલ્લા ચાર વર્ષથી પેરોલ જમ્પ કરી નાસી ગયો હતો તેને તેના સાગરીતો સાથે પોલીસે ઝડપી પાડયો હતો. મહેમદાવાદ પોલીસે બાતમી મુજબ કાર ઊભી રખાવી ડ્રાઈવર સીટ પર બેઠેલ ઈસમની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ સીરાજ ખાન ઉર્ફે કબુતર મસ્કુર ખાન પઠાણ હોવાનું જણાવ્યું હતું. જ્યારે તેની બાજુમાં બેઠેલાએ પોતાનું નામ મોહમ્મદ રિઝવાન અબ્દુલ રશીદ શેખ તથા વચ્ચે બેઠેલા નદીસ મુસ્તાકભાઈ વારસી હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેઓની પાસે ગાડીના કાગળ માંગતા તે સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા.

# ગુજરાત ભાજપ કોર કમિટિના સદસ્યો સાથે PM મોદીની દોઢ કલાક બેઠક

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે અમુક મહિનાઓની જ વાર છે. તેના અનુસંધાને 2 દિવસના ગુજરાત પ્રવાસે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારના રોજ ભાજપની પ્રદેશ કોર કમિટિના સદસ્યો સાથે બંધ બારણે બેઠક યોજી હતી.

ભાજપના પ્રદેશ મુખ્યાલય કમલમ ખાતે આશરે 1.5 કલાકની બેઠક સાથે વડાપ્રધાને પોતાના ગૃહ રાજ્યનો પ્રવાસ સમાપ્ત કર્યો હતો અને દિલ્હી માટે રવાના થયા હતા. બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલ અને રાજ્યના પાર્ટીની કોર કિમિટીના મોટા ભાગના સદસ્યો સામેલ થયા હતા.

આ બેઠકમાં સામેલ થનારા પ્રમુખ નેતાઓમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, રાજ્યના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી, પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ગણપત વસાવા તથા વર્તમાન લોકસભા સાંસદ ભારતીબેન શિયાળ અને રંજનબેન ભટ્ટનો સમાવેશ થાય છે. આગામી ડિસેમ્બર મહિનામાં રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે માટે આશરે 1.5 કલાક સુધી ચાલેલી આ બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ બની રહે છે.

# કોંગ્રેસ તેના તમામ 64 એમએલએને ફરી ટિકિટ આપશે : સુખરામ રાઠવા

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસ ફુલ ઓન એક્શન મોડમાં જોવા મળી રહી છે. વિપક્ષ નેતા સુખરામ રાઠવાએ મહત્વનું નિવેદન આપ્યું છે કે, કોંગ્રેસના 64 ધારાસભ્યોની ટિકિટની વાલી તરીકે જવાબદારી મારી છે. એમની ટિકિટ ના કપાઈ એ જવાબદારી મારી, પરંતુ સર્વેમાં એમની કામગીરી નહિ હોય તો મિનિમાઈઝ કરાશે. સુખરામ રાઠવાના નિવેદન બાદ રાજકીય ગરમાવો આવ્યો છે. મહત્વનું છે કે, કોંગ્રેસના એક પણ ધારાસભ્યની ટિકિટ નહી કપાય તેમ કોંગ્રેસ કાર્યકારી પ્રમુખ હિંમતસિંહે નિવેદન આપ્યું હતું.

# તબીબ યુવતી સાથે દુષ્કર્મ કેસમાં ડાકોરના સુપ્રિટેન્ડેન્ટની અટકાયત

**નડિયાદ**

ડાકોર સરકારી હોસ્પિટલના એક તબીબે ઈન્ટરશીપ કરતી તબીબ યુવતીને ઓફિસમાં બોલાવી શારીરિક અડપલા તેમજ જાતિય અત્યાચાર ગુજારીર્યો હોવાની ફરિયાદ ડાકોર પોલીસ મથકે નોંધાતા જિલ્લામાં ભારે ચકચાર મચી જવા પામી છે. ડાકોર સરકારી હોસ્પિટલમાં વર્ષોથી સુપ્રી. તરીકે અજય કે. વાળા ફરજ બજાવે છે. હોસ્પિટલમાં એક ૨૮ વર્ષીય તબીબ યુવતી ઈન્ટરશીપ કરતી હતી. તે દરમિયાન તબીબ અજય વાળા (ઉમર વર્ષ ૫૨) પોતાની દીકરી સમાન યુવતીને નોકરીની લાલચ આપી ઓફિસમાં બોલાવી શારીરિક હડપલા કરતો હતો. દરમિયાન યુવતીને તેના પતિ સાથે છૂટાછેડા લઈ લેવા તેમજ તેની સાથે લગ્ન કરવાનું દબાણ કરી યુવતીને અવારનવાર પોતાના બંગલામાં લઈ જઈ બળાત્કાર ગુજારતો હતો. વારંવારની હેરાનગતિથી યુવતીના લગ્નજીવનમાં પણ ભંગાણ પડતા શારીરિક માનસિક પીડિત યુવતીએ દોઢ માસ અગાઉ ડાકોર પોલીસ મથકે તબીબ અજય વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર જિલ્લા આરોગ્ય તંત્રમાં ચકચાર મચી જવા પામી હતી. દરમિયાન પોલીસ ધરપકડથી બચવા તબીબે કોર્ટમાં આગોતરા જામીન અરજી મૂકી હતી.

# અમદાવાદનો કુલદીપ ૨૮ વર્ષ પાકિસ્તાનની જેલમાં રહી પરત ફર્યો

**અમદાવાદ**

ભલે રક્ષાબંધ જતી રહી પરંતુ ચાંદખેડામાં રહેતા રેખાને આ પવિત્ર દિવસ ગયા પછી બહુ મોટી ભેટ મળી છે. તેમનો ભાઈ કુલદીપ યાદવ ૨૮ વર્ષ સુધી પાકિસ્તાનની જેલમાં રહ્યા પછી ઘરે આવ્યો છે. કુલદીપ યાદવ હવે ૫૯ વર્ષના થઈ ગયા છે તેમને પાકિસ્તાનની એજન્સીઓ દ્વારા જાસૂસીના કેસમાં પકડયા પછી આજીવન કેદની સજા સંભળાવી હતી. તેમને પાછલા અઠવાડિયે જ પાકિસ્તાન સુપ્રીમ કોર્ટ દ્વારા મુક્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે, અને તેમને વાઘા બોર્ડરથી ૨૮ ઓગસ્ટે ભારતમાં મોકલવામાં આવ્યા છે.

# થરાદ મુખ્ય કેનાલમાં ત્રણ માસૂમ બાળકો સહિત પાંચનાં આપઘાત

**થરાદ**

થરાદની મુખ્ય કેનાલમાં અવાર-નવાર આપઘાત કરી હોવાના કિસ્સા સામે આવતા હોય છે. ત્યારે હવે આ કેનાલમાં ત્રણ બાળકો સહિત ૫ લોકોએ આપઘાત કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

થરાદની મુખ્ય કેનાલમાં એક મહિલા અને એક યુવક સહિત ૩ બાળકોએ આપઘાત કરી છે. આ ઘટના અંગે એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે, ત્રણ નાના બાળકોને કેનાલમાં નાખી મહિલા અને યુવકે આત્મહત્યા કરી હશે. કેનાલમાંથી નાના બે બાળકોના મૃતદેહ મળી આવ્યા છે અને ત્રણની હજુ શોધખોળ ચાલું છે. વાવ તાલુકાની દેથળી ગામની મહિલા સાથે ત્રણ બાળકો હતા જ્યારે યુવક ધરાધરા ગામનો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આત્મહત્યાનું કારણ હજું સામે નથી આવ્યું. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

તાજેતરમાં થોડા દિવસો પહેલા જ થરાદ નર્મદા કેનાલમાંથી એક યુવકની તરતી લાશ મળી આવી હતી. પાલિકાના તરવૈયા સુલતાન મીર અને ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તરતી લાશને બહાર કાઢવામાં આવી હતી.

# વિદ્યાનગર મોટાબજારમાં વિઝા કન્સલ્ટન્ટ ઓવરસિઝ સામે કરોડોના કૌભાંડનો આરોપ

## વિદ્યાર્થીઓને વિદેશ મોકલવા-વર્ક પરમીટ વિઝાના બહાને લાખો રૂપિયા લેવાયા

**આણંદ**

વિદ્યાનગર ખાતે વીઝા કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત એક ઓવરસીઝના સંચાલક દ્વારા સ્ટુડન્ટ વીઝા તેમજ વર્ક પરમીટ વીઝા અપાવવાના બહાને કરોડો રૂપિયાનું કૌભાંડ થયાનો આક્ષેપ થયો છે. આ અંગે વિદ્યાનગર પોલીસ મથકે લેખિત અરજી થઈ છે.

આણંદ પાસેના એક ગામના અરજદાર દ્વારા કરાયેલ રજૂઆતમાં જણાવ્યા મુજબ વિદ્યાનગરના મોટા બજાર વિસ્તારમાં આવેલા એક ઓવરસીઝ ખાતે વીઝા કન્સલ્ટન્ટની કામગીરી કરવામાં આવે છે. જેથી વિદેશ જવા ઈચ્છુક યુવક-યુવતીઓ વર્ક પરમીટ કે સ્ટુડન્ટ વીઝા માટે તેમનો સંપર્ક કરતા હતા. જેમાંથી કેટલાક લોકોને તેઓએ વર્ક પરમીટ કે સ્ટુડન્ટ વીઝા પર વિદેશ મોકલી આપ્યા હતા. જેને લઈ વિદેશ જવા ઈચ્છુક વિદ્યાર્થીઓ અને અન્ય યુવક-યુવતીઓ તેમની મુલાકાતે આવતા હતા. દરમિયાન વિદેશ જવા ઈચ્છુક કેટલીક વ્યક્તિઓ પાસેથી ઓવરસીઝના સંચાલકે સાત લાખથી સાઈઠ લાખ સુધીની રકમ વિદેશ મોકલવાના કામ અર્થે લીધી હતી. આ ઉપરાંત વિદેશ જવા ઈચ્છુકોને વિવિધ બેંકના ચેકો ગેરંટી પેટે આપ્યા હતા. જેમાં તપાસ કરતા મામૂલી રકમ જમા હોવાનું જાણવા મળ્યું હતું. વિદેશ જવા ઈચ્છુક કેટલાક યુવકોને છેલ્લા વીસેક દિવસથી વિદ્યાનગર ખાતેની ઓવરસીઝ ખાતે તાળુ લટકતું જોવા મળતા તેમના નિવાસસ્થાન ખાતે પણ તપાસ કરી હતી. ત્યાં પણ તાળું લટકતુ જોવા મળતા પોતે છેતરાયા હોવાનું ઉજાગર થતા પોલીસ સ્ટેશને લેખિત રજુઆત થઈ હતી.

# રાજકોટના રાજર્ષિ મુનિનો નશ્વરદેહ જાખણ ખાતે પંચમહાભૂતમાં વિલિન

## અનુયાયીઓ અને સાધકો દ્વારા અશ્રુભીની આંખે અંજલિ

**રાજકોટ**

અષ્ટાંગ યોગની સાધના દ્વારા અનેક સાધકોના જીવનને ઉર્ધ્વગામી બનાવવામાં ઉપયોગી પથદર્શક એવા પુ.રાજર્ષિમુનિનું ગઈકાલે નિધન થયા બાદ લીંબડી નજીકના રાજરાજેશ્વરધામ, જાખણ ખાતે હજારો અનુયાયીની ઉપસ્થિતિમાં સદગતના નશ્વર દેહની અગ્નિસંસ્કાર વિધિ થઈ હતી. પંચમહાલ લકુલીશ યોગ યુનિવર્સિટીના સ્થાપક અને લાઈફ મિશનના પ્રણેતા પુ. રાજર્ષિ મુની મંગળવારે 92 વર્ષની જૈફ વયે વડોદરા ખાતે બ્રહ્મલીન થયા બાદ તેમના નશ્વર દેહને અંતિમવિધિ માટે



જાખણ નજીક રાજરાજેશ્વરધામ ખાતે લાવવામાં આવતા સંખ્યાબંધ ભાવિકો અંતિમ દર્શન માટે ઉમટયા હતા. સવારે 11.30 કલાકે જાખણ ગામ ખાતે મંદિરેથી પાલખી યાત્રા નીકળી હતી. હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં રાજરાજેશ્વરધામ, જાખણ ખાતે અગ્નિ સંસ્કાર વિધિ કરવામાં આવી હતી.

# વિશ્વના સૌથી મોટા ખાનગી ઝુને મંજૂરી સામેની પીઆઇએલ હાઇકોર્ટે ફગાવી

**જામનગર**

જામનગરના ખાનગી પ્રાણી સંગ્રહાલયમાં જંગલી પશુ અને પ્રાણીઓને ટ્રાન્સફર કરવા કેન્દ્ર અને રાજય સરકારના ઝુ સત્તાધીશો દ્વારા અપાયેલી મંજૂરીને લઈ હાઈકોર્ટમાં થયેલી પીઆઈએલ ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. હાઈકોર્ટે જામનગરમાં વિશ્વના સૌથી મોટા પ્રાણીસંગ્રહાલયને મંજૂરી આપવા અંગેના કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને સેન્ટ્રલ ઝુ ઓથોરીટીના નિર્ણયને બહાલી આપી હતી.

અગાઉ સુપ્રીમકોર્ટે જામનગરમાં વિશ્વના આ સૌથી મોટા પ્રાણીસંગ્રહાલય સામે સવાલો ઉઠાવતી પિટિશન તાજેતરમાં જ ફગાવી દીધી હતી, તે બાબતને અને સુપ્રીમકોર્ટના આ ચુકાદાને ધ્યાને લઈ હાઈકોર્ટે હાલના અરજદારની જાહેરહિતની રિટ ફગાવી દીધી હતી. પ્રાણીસંગ્રહાલયના અનેક પાસાઓ પર સવાલ ઉઠાવતી જાહેરહિતની રિટ ફગાવતાં સુપ્રીમકોર્ટે ઠરાવ્યું હતું કે, ઝુઓલોજિકલ રેસક્યુ એન્ડ રિહેબીલિટેશન સેન્ટર સોસાયટીને પ્રાણીઓના સંચાલન અને સ્થાનાંતરિત કરવા અંગે અપાયેલી પરવાનગી અધિકૃત અને કાયદેસર છે. સત્તાવાળાઓના નિર્ણયમાં કંઈ ખોટુ કે અયોગ્ય જણાતુ નથી.

# પ્રેમ લગ્ન કરનાર દીકરીઓ માટે નવો કાયદો ઘડવો આવશ્યક : મુખ્યમંત્રી સમક્ષ માંગ

## મહેસાણા ખાતે હિન્દુ સમાજના લોકો એકઠા થયા : તળાજાના આગેવાનોએ સમર્થન આપ્યું

**તળાજા**

રાજ્યમાં હાલ ખાસ કરીને હિન્દુ સમાજની દીકરીઓ ઘરેથી ભાગી જઈ માતા પિતાની મરજી વિરુદ્ધ પ્રેમ લગ્ન કરી રહી છે તે બાબતને લઈને નવો કાયદો ઘડવો જરૂરી છે તેવી માંગ ઉઠી રહી છે ત્યારે તળાજાના ખરક સમાજે પણ પહેલ કરી છે. તળાજા તાલુકામાંથી આ બાબતે સૌથી પહેલી પહેલ કરનાર સમાજના આગેવાન ભરતભાઈ ઠંઠે જણાવ્યું હતું કે મહેસાણા ખાતે ચોરાશી કડવા પાટીદાર સમાજ આયોજિત હિન્દુ સમાજના તમામ જાતિ જ્ઞાતિના લોકોના માટે મહાસંમેલન બોલવામાં આવ્યું હતું. આ સંમેલનમાં તળાજા ખરક સમાજના આગેવાનો અને કારોબારી સભ્યોએ ભાગ લીધો હતો. આ સંમેલનમાં ખાસ કરીને દીકરીઓ માતા પિતાની સંમતિ વગર ભાગીને પ્રેમ લગ્ન કરે છે તેની પર ચર્ચા વિચારણા કર્યા બાદ ગુજરાત સરકાર દ્વારા નવો કાયદો ઘડવામાં આવે તેવી માંગ વધુ પ્રજવલિત થઈ છે. જેને લઈને તળાજા ખરેખર સમાજ દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખવામાં આવ્યો છે.

જેમાં દીકરી ૧૮ વર્ષની થાય અને પ્રેમ લગ્ન કરે તો માતા-પિતાની સંમતિ ફોટા વાળો ઓળખકાર્ડ સાથે સોગંદનામુ હોવું જરૂરી છે. માતા પિતાની સંમતિ વગર દીકરીને પ્રેમ લગ્ન કરવા હોય તો તેની ઉંમર ૨૫ થી ૨૮ ની હોવી જોઈએ. ૨૫ થી ૨૮ વર્ષ ની દીકરી સમાજ, માતા પિતાની સંમતિ વગર લગ્ન કરે તો મિલ્કત, સંપતિમાંથી ફારગત કરવી જોઈએ.મૈત્રી કરાર કરે તો મિલ્કત માંથી બાકાત કરવી જોઈએ. તેવી માંગણી કરવામાં આવી હતી.

# સગીરા સાથે દુષ્કર્મ કેસમાં નિરમાલીના શિક્ષકને 20 વર્ષની સખત કેદની સજા

## 6.30 લાખનો દંડ અને ભોગ બનનારને રૂપિયા 4 લાખનું વળતર ચૂકવવાનો હૂકમ

**નડિયાદ**

કપડવંજ તાલુકાના નિરમાલી ગામની પ્રાથમિક શાળાના શિક્ષકને સગીરા પર દુષ્કર્મ ગુજારવાના આરોપસર નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે વીસ વર્ષની સખત કેદની સજા તથા રૂ.૬,૩૦,૦૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આરોપી મહેશભાઈ શીવાભાઈ પટેલ (ઉ.વ.૫૦, રહે. નિરમાલી દૂધની ડેરી સામે, તા.કપડવંજ) શિક્ષક તરીકે નિરમાલી પ્રા.શાળામાં છેલ્લા



૨૨ વર્ષથી નોકરી કરે છે. તેણે તા. ૨૭-૮-૨૦૨૦ ના રોજ ગામની સીમ નજીક રોડ ઉપરથી સગીરાને બોરવાળા ખેતરમાં ઉતારી દેવાનું જણાવી અલ્ટોગાડીમાં બેસાડી જાફરીયાવાળા તુવેરના ખેતરમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. તથા અગાઉ પણ આજ ખેતરમાં તેણી પર અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું. આ વાતની કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાખવાની સગીરાને ધમકી આપી હતી. આ અંગેની ફરિયાદ આપતા કપડવંજ રુરલ પોલીસે આરોપી સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

# ભાજપે 50 કરોડની ઓફર આપી હતી : સુખરામ રાઠવાનો આક્ષેપ

**અમદાવાદ**

વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ-કોંગ્રેસ અને આપમાં જોરદાર હરીફાઈ જામી છે. આ વખતે ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ જામે તેવી પુરેપુરી શક્યતાઓ જોવાઈ રહી છે. ત્યારે હવે ફરીવાર ખરીદ વેચાણના પણ આરોપ થઈ રહ્યા છે. બોડેલીમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ સમક્ષ સુખરામ રાઠવાએ આપેલું ચર્ચાસ્પદ નિવેદન હાલ ખૂબ જ વાયરલ થઈ રહ્યું છે.

વિપક્ષના નેતા સુખરામ રાઠવાનો એક વીડિયો વાયરલ થયો છે. જેમાં રાઠવા કહી રહ્યા છે કે, 'મને 50 કરોડની ઓફર થઈ હતી અને મંત્રીમંડળમાં સ્થાન આપવાની પણ ઓફર આપી હતી. એટલું જ નહીં, હારી જાઓ તો બોર્ડ અથવા કોર્પોરેશનમાં સ્થાનની પણ વાત કહી હતી. રાઠવાએ વધુમાં જણાવ્યું હતુ કે મને ચૂંટણી ખર્ચ ભોગવવાની પણ તૈયારી બતાવી હતી. મારા જમાઈને પણ નેતા બનાવવા કહ્યું હતું. આ વીડિયો વાયરલ થયા બાદ ખળભળાટ મચ્યો હતો. જોકે, વાયરલ થયેલા વીડિયોની સુખરામ રાઠવાએ સ્પષ્ટતા કરી હતી. રાઠવાએ વીડિયો જૂનો હોવાની સ્પષ્ટતા કરી હતી.

# સાબરમતી નદી પર રૂપિયા 74 કરોડના ખર્ચે બનેલા 'અટલ બ્રિજ'નું લોકાર્પણ

**અમદાવાદ**

વડાપ્રધાન મોદીએ બે દિવસ ગુજરાતની મુલાકાત લીધી હતી. આ સમયે તેમણે અમદાવાદ ખાતે રિવરફ્રન્ટ પર ખાદી ઉત્સવમાં હાજરી આપી હતી. તેમજ અમદાવાદની શાનમાં નવુ નજરાણુ ઉમેરતા અટલ ફૂટ બ્રિજનું લોકાર્પણ કર્યું હતુ. આની સાથે જ લોકોની આતૂરતાનો અંત આવ્યો છે. ઉપરાંત તેમણે ખાદી ગ્રામ ઉદ્યોગનું પણ લોકાર્પણ કર્યું છે. આ સાથે રિવરફ્રન્ટ ખાતે આઝાદીના 75 વર્ષની ઉજવણીના ભાગરૂપે એક સાથે 7 હજાર 500 જેટલા લોકો ચરખો કાંત્યો હતો. અલગ અલગ સંસ્થાના 500 જેટલા પ્રતિનિધિ ઉપસ્થિતિ રહ્યા હતા. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રેંટિયો કાંતતા જોવા મળ્યા હતા.

પંચમહાલના કાલોલના સરપંચની સેવાકીય પ્રવૃત્તિ

# 6 મહિનામાં 65 હજાર ગ્રામજનોએ અંગદાન માટે રજિસ્ટ્રેશન કરાવ્યું

**પંચમહાલ**

પંચમહાલના કાલોલ તાલુકાના મોટી પીંગડી ગામના સરપંચ વિજયસિંહ સોલંકીની સેવાકીય પ્રવુતિ અને વિચારો જોઈ તમને પણ ઈચ્છ થશે. હું પણ અંગદાન માટે રજીસ્ટ્રેશન કરાવી લઉ. સામાજિક પ્રવૃત્તિઓ કરતાં સેવાભાવી સરપંચને અંગદાન કરવા અને કરાવવા માટેનો વિચાર આવ્યો હતો. મધ્ય ગુજરાતના વિવિધ ગામોમાં જાગૃતિ અભિયાન ચલાવીને ૬૫ હજાર લોકોને અંગદાન મહાદાન અંગે જાગૃત કરી રજિસ્ટ્રેશન કરાવી મોટી સિદ્ધી હાંસલ કરી છે. વિજયસિંહ સોલંકીએ આ વિચાર કેવી રીતે આવ્યો તેના જવાબમાં કહ્યું કે હું કાલોલ તાલુકા, ગોધરા તાલુકા, ઘોઘંબા તાલુકામાં તેમજ વડોદરામાં મિત્રોને અંગદાનનું મહત્વ સમજાવું છું. વધુમાં તેઓએ કહ્યું કે માણસનું શરીર મૃત્યુ પામ્યા બાદ પંચમહાભૂતમાં વિલીન થઈ જાય છે. પણ તેમના અંગો જેવા કે, આંખ, કીડની, લીવર તેમજ અન્ય જરૂરી એવા અંગો જો કોઈને દાન સ્વરૂપે આપી દે તો કોઈનું જીવન સુધરી શકે છે.

# પાટનગરના માર્ગો જીવલેણ બન્યા : છેલ્લા પાંચ વર્ષમાં અકસ્માતમાં 189નાં મોત

**નવી દિલ્હી**

ગાંધીનગરેમાં અકસ્માતની ઘટના સતત વધી રહી છે ત્યારે વર્ષ ૨૦૨૧માં ૧૧૫ અકસ્માતોમાં ૩૫ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હતો પાંચ વર્ષમાં આ સંખ્ય ૧૮૯ સુધી પહોંચી ગઈ છે. ગાંધીનગર શહેરમાં અન્ય શહેરો કરતા પહોળા અને સ્પિડબ્રેકર વગરના માર્ગો હોવાથી અહીં ગતિ મર્યાદાનું પાલન થતું નથી મુખ્ય માર્ગો ઉપર સેક્ટરોમાંથી આવતા ક્રોસ રોડને કારણે અકસ્માતની સંખ્યા વધુ જોવા મળી રહી છે. વર્ષ ૨૦૧૮માં ૧૯૭ એક્સીડેન્ટમાં ૪૬, ૨૦૧૯માં ૧૮૩ અકસ્માતમાં ૪૧, ૨૦૨૦માં ૧૧૧ અકસ્માતમાં ૨૫ના મોત થયા હતા જ્યારે ૨૦૨૧ના વર્ષમાં ૧૧૫ અકસ્માતો નોંધાયા હતા.

# AvosLocker Ransomware

સાયબર સુરક્ષા સંશોધકોએ AvosLocker રેન્સમવેરના નવા પ્રકારનો ખુલાસો કર્યો છે. જે અનપેચ્ડ સુરક્ષા ખામીઓનો લાભ લઈને નેટવર્કમાં દાખલ થઈ સાયબર એટેક કરવા માટે એન્ટીવાઈરસ સર્વીસને પણ હાની પહોંચાડી બંધ કરે છે જેથી સીસ્ટમ પર એટેક કરવું ખુબ જ સરળ રહે છે. Trend Micro સંશોધકો, ક્રિસ્ટોપર ઓર્ડોનેઝ અને એલ્વિન નીટોએ વિશ્લેષણમાં જણાવ્યું હતું કે Avast એન્ટીવાઈરસની એન્ટી-રૂટકીટ ડ્રાઈવર ફાઈલ (asWarPot.sys) નો ઉપયોગ કરીને સંરક્ષણ સોલ્યુશનને નિષ્ક્રિય કરવાની ક્ષમતા ધરાવે છે. જેનો સૌપ્રથમ એટેક USA માં જોવા મળ્યો છે. વધુમાં, રેન્સમવેર Nmap NSE સ્ક્રિપ્ટનો ઉપયોગ કરીને Log4j નબળાઈ (Log4shell) માટે બહુવિધ એન્ડપોઈન્ટ્સને સ્કેન કરવામાં પણ સક્ષમ છે.

AvosLocker રેન્સમવેર એ REvil રેન્સમવેર ફેમીલીમાંથી છુટા પડેલા હેકર ગ્રુપ દ્વારા નિર્માણ કરવામાં આવ્યું છે. આ રેન્સમવેર નાણાકીય સેવાઓ અને સરકારી સુવિધાઓ સહિત યુ.એસ.માં નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લક્ષ્યાંકિત કરે છે.



Ransomware-as-a-Service (RaaS) દ્વારા જુલાઈ 2021 માં જણાવવામાં આવ્યું હતું કે AvosLocker રેન્સમવેર સીસ્ટમ પર એટેક કર્યા બાદ ડેટા એનક્રિપ્ટ કરે છે, ડેટા ની ચોરી કરે છે, ત્યાર બાદ નાણાકીય માંગણી કરે છે અને જો પીડિત નાણા ની ચુકવણી ન કરે તો તે ડેટા ની હરાજી કરે છે.

માર્ચ 2022 માં યુ.એસ. ફેડરલ બ્યુરો ઓફ ઈનવેસ્ટીગેસન (FBI) દ્વારા બહાર પાડવામાં આવેલી એડવાઈઝરી અનુસાર રેન્સમવેર કાર્ટેલ દ્વારા દાવો કરાયેલા અન્ય લક્ષિત પીડિતો સીરિયા, સાઉદી અરેબિયા, જર્મની, સ્પેન, બેલ્જિયમ, તુર્કી, યુ.એ.ઈ., યુ.કે., કેનેડા, ચીન અને તાઈવાનમાં સ્થિત હોવાનું કહેવાય છે.

ટ્રેન્ડ માઈક્રો દ્વારા એકત્ર કરવામાં આવેલ ટેલિમેટ્રી ડેટા દર્શાવે છે કે 1 જુલાઈ, 2021 અને ફેબ્રુઆરી 28, 2022 વચ્ચે ખાદ્ય અને પીણા ક્ષેત્ર સૌથી વધુ હિટ ઉદ્યોગ હતો, ત્યારબાદ ટેક્નોલોજી, ફાઈનાન્સ, ટેલિકોમ અને મીડિયા વર્ટિકલ્સ આવે છે. રિમોટ સર્વર પર હોસ્ટ કરેલ HTML એપ્લિકેશન (HTA) ચલાવવા માટે Zohoના ManageEngine ADSelfService Plus સોફ્ટવેર (CVE-2021-40539) માં રિમોટ કોડ એક્ઝિક્યુશન ખામી માટેના શોષણનો લાભ લઈને હુમલા માટેના પ્રવેશ બિંદુને સુવિધા આપવામાં આવી હોવાનું માનવામાં આવે છે. સંશોધકો સમજાવે છે કે HTA એ એક અસ્પષ્ટ પાવરશેલ સ્ક્રિપ્ટનો અમલ કર્યો જેમાં શેલકોડનો સમાવેશ થાય છે, જે મનસ્વી આદેશો ચલાવવા માટે [કમાન્ડ-એન્ડ-કંટ્રોલ] સર્વર સાથે પાછા કનેક્ટ કરવામાં સક્ષમ છે. આમાં સર્વરમાંથી ASPX વેબ શેલ તેમજ AnyDesk રિમોટ ડેસ્કટોપ સૉફ્ટવેર માટે ઈન્સ્ટોલરનો સમાવેશ થાય છે. જેમાંથી નેટવર્કને સ્કેન કરવા માટે ટૂલનો ઉપયોગ કરી એન્ટીવાઈરસ સોફ્ટવેરને નિષ્ક્રિય કરી તમામ એન્ડપોઈન્ટસ પર રેન્સમવેર પેલોડને છોડવામાં આવે છે. જેથી તમામ નેટવર્કને હાની પહોંચે છે. હાની પહોંચેલા એન્ડપોઈન્ટ પર નકલ કરાયેલા કેટલાક ઘટકો Log4Shell રિમોટ કોડ એક્ઝિક્યુશન ફ્લો (CVE-2021-44228) માટે નેટવર્કને સ્કેન કરવા માટે Nmap સ્ક્રિપ્ટ અને બહુવિધ એન્ડપોઈન્ટ પર દૂષિત બેચ સ્ક્રિપ્ટ પહોંચાડવા માટે PDQ નામનું માસ ડિપ્લોયમેન્ટ ટૂલ છે. બેચ સ્ક્રિપ્ટ તેના ભાગ માટે ક્ષમતાઓની વિશાળ શ્રેણીથી સજ્જ છે. જે તેને વિન્ડોઝ અપડેટ, વિન્ડોઝ ડિફેન્ડર અને વિન્ડોઝ એરર રિકવરી નિષ્ક્રિય કરવા ઉપરાંત સુરક્ષા ઉત્પાદનોના સલામત બૂટ અમલને અટકાવવા, નવું એડમિન એકાઉન્ટ બનાવવા અને રેન્સમવેર બાઈનરી લૉંચ કરી રહ્યા છીએ.

beinghumanmj

**શીર્ષક : હું નારી બોલી રહી છું. મૂળ કવિ : વીણાપાણિ રાઇ ગુરુ, અનુવાદ : હિના મોદી**

મારા અંદરના વિસ્તારથી
આત્માની સમાધિથી
જીંદગીથી
હું નારી બોલી રહી છું.
સુવર્ણ મૃગની સ્વપ્ન આંખોમાં મારાં
હૃદયમાં મમતાની ગંગા
હું જ પ્રથમ પ્રેમ આ સૃષ્ટિની
કેમ આજ સુધી કોઈ
સમજી નથી શક્યું મારા નારીત્વનો
શબ્દાર્થ
છતાં પણ હું નારી છું
સૃષ્ટિનાં આરંભથી અંત સુધી
અંતથી આરંભ સુધી વિસ્તરેલ છે.
હું પોતે જ પૃથ્વીની પરિભાષા છું.

# લાંબા સમય સુધી ટકાવવી છે લિપસ્ટિક, અજમાવો આ ટીપ્સ

આપણે કોઇ પાર્ટી કે ફંક્શનમાં જઇએ છીએ ત્યારે થોડા સમય બાદ ખાસ કરીને કંઇક ખાઇએ કે પીએ એ પછી લિપસ્ટિક ફિક્કી પડી જાય છે અથવા નીકળી જાય છે. મોટાભાગે લિપસ્ટિક આખી નથી નીકળતી વચ્ચેથી નીકળી જાય છે, જે જોવામાં બહુ ખરાબ લાગે છે. તમારી લિપસ્ટિક લાંબા સમય સુધી ટકાવવા નીચેના ઉપાયો અજમાવો.




■ **હોઠને મોઈશ્ચરાઈઝ કરો :** સ્વસ્થ કોમળ હોઠ સુંદર લાગે છે, તેથી તમારા હોઠનું ધ્યાન રાખો. એ માટે સૂતાં પહેલાં તમારા હોઠને મોઈશ્ચરાઈઝ કરો. હોઠને મોઈશ્ચરાઈઝ કરવા માટે હોઠ પર કોલ્ડ ક્રીમ કે દેશી ઘી પણ લગાવી શકો છો. આ ઉપરાંત મધ અને ખાંડ લગાવીને હોઠને સ્ક્રબ કરી શકો છો.

■ **લિપ પ્રાઈમર અને કન્સીલર :** લિપ પ્રાઈમર લિપસ્ટિકના રંગને ઉપસાવવાનું કામ કરે છે. એ લાંબા સમય સુધી ટકવામાં મદદ કરે છે. હોઠ પર પ્રાઈમરનો ઉપયોગ કરવાથી તે હાઈડ્રેટેડ રહે છે અને લિપસ્ટિકને પૉલિશ લુક આપે છે. તમે હોઠને મોઈશ્ચરાઈઝ કરવા માટે પ્રાઈમર લગાવો. આંગળીથી હળવું કન્સીલર લગાવો. હોઠ પર કન્સીલરનું પાતળી લેયર લગાવવાથી લિપસ્ટિકનો ઓરિજિનલ રંગ નિખરે છે.

■ **લિપસ્ટિક લગાવવાની શરૂઆત :** લિપસ્ટિક લગાવવાની શરૂઆત લિપ પેન્સિલથી કરો. સૌથી પહેલાં લિપ પેન્સિલથી હોઠને આઉટલાઈન આપો. લિપ પેન્સિલથી આખા હોઠ ઉપર એક કોટ લગાવો. લિપ પેન્સિલ લાંબો સમય સુધી ટકી રહે છે.


■ **લિપ બ્રશથી લગાવો લિપસ્ટિક :** લિપ બ્રશથી લિપસ્ટિક લગાવવાથી લિપસ્ટિક હોઠ પર એકસરખી એપ્લાય થાય છે, જોવામાં પણ સારી લાગે છે. લિપસ્ટિક લાંબા સમય સુધી ટકે એટલે વધારે લિપસ્ટિક ન લગાવો. એનાથી તમને કોઈ ફાયદો નહીં થાય. તમે લિપસ્ટિકનો ફક્ત એક કોટ બ્રશની મદદથી હોઠ પર લગાવો.

■ **બ્લોટિંગ કરો :** લિપસ્ટિક લાંબા સમય સુધી ટકી રહે અને ફેલાય નહીં એટલે બ્લોટિંગ બહુ જરૂરી છે. એ માટે હોઠ પર સૌથી પહેલાં ટિશ્યૂ પેપર રાખો. પછી બ્રશ પર ટ્રાન્સ્લુસેન્ટ પાઉડર અને કોઈ પણ ટેલ્કમ પાઉડર લગાવો, જેથી પાઉડર તમારી લિપસ્ટિકની એક્સ્ટ્રા શાઈનને કાઢી નાંખશે અને તમારી લિપસ્ટિક મેટ દેખાશે. આમ કરવાથી તમારી લિપસ્ટિક ચાના કપ કે જ્યૂસના ગ્લાસ પર ચોંટશે નહીં. જેથી આખા હોઠ ઉપર એકસરખી લિપસ્ટિક લાગશે. લાંબા સમય સુધી ટકી પણ રહેશે.

■ **લિપસ્ટિકને ફ્રિઝમાં રાખો :** લિપસ્ટિકને એપ્લાય કરતાં પહેલાં ફ્રિઝમાં મૂકી દો. લિપસ્ટિકને ફ્રિઝમાં મૂકવાથી લિપસ્ટિક લાંબા સમય સુધી ટકે છે અને હોઠની આસપાસ સ્પ્રેડ થતી નથી.

■ **લિપસ્ટિકની પસંદગી :** મેટ લિપસ્ટિક ક્રીમી અને અન્ય લિપસ્ટિકની સરખામણીમાં લાંબા સમય સુધી ટકે છે, તેથી શક્ય હોય તો મેટ કે વોટરપ્રૂફ લિપસ્ટિકનો ઉપયોગ કરો. ગ્લોસી લિપસ્ટિક બહુ જલદી ફિક્કી પડી જાય છે તેથી તેને લગાવવાનું ટાળો.

# પગને સુંદર બનાવી એલિગન્ટ લુક આપતાં ડિફરન્ટ પાયલ



યુવતીઓ સુંદર દેખાય એટલે પોતાના આઉટફિટથી લઈને મેકઅપ પર ખાસ ધ્યાન આપે છે. તે એક સુંદર આઉટફિટ પસંદ કરે છે એની સાથે મેચિંગ મેકઅપ પણ કરે છે. લગ્ન કે પ્રસંગોમાં જ નહીં રૂટિનમાં પણ યુવતીઓ હળવો મેકઅપ કરવાનું પસંદ કરે છે. આ ઉપરાંત યુવતીઓને જ્વેલરીનો ભારે શોખ હોય છે. તે એરિંગ્સ, નેકપીસ, બ્રેસલેટ વગેરે પહેરે છે. આ ઉપરાંત પગનાં પાયલ સુંદરતામાં વધારો કરે છે. આજે અલગ અલગ પ્રકારનાં પાયલ માર્કેટમાં છે. તેને કૉલેજ ગોઈંગ ગર્લ્સ એન્કલેટ કહે છે. નવવધૂ હોય કે વર્કિંગ વુમન દરેકના પગમાં પાયલ એક અલગ જ લુક અને ફેશન સ્ટાઈલ આપે છે. પહેલાં તો ચાંદીનાં પાયલનો ટ્રેન્ડ હતો. હવે ચાંદીની સાથે સાથે સોના, કુંદન, મોતી અને નંગની ફેશનેબલ ડિઝાઈનવાળાં પાયલ પણ ટ્રેન્ડમાં છે.

■ **ચાંદી અને સોનાનાં પાયલ :** સોનાનાં પાયલ સામાન્ય રીતે પ્રસંગોપાત પહેરવામાં આવે છે. જ્યારે ચાંદીનાં પાયલ રૂટિનમાં પહેરવામાં આવે છે. એમાં તમે નાનીનાની ઘૂઘરીઓ પણ લગાવી શકો છો. ઘૂઘરી વગરની પણ પહેરી શકાય છે. કૉલેજ ગોઈંગ અને યુવાવર્ગ પાતળા એન્કલેટ પહેરવાનું પસંદ કરે છે. ચાંદીનાં પાયલમાં અનેક વેરાઈટી અને ડિઝાઈન ઉપલબ્ધ છે. એમાં તમે તમારી મનગમતી ડિઝાઈનવાળાં પાયલ પણ બનાવી શકો છો.

■ **ટૉ રિંગ પાયલ :** પગની આંગળીથી લઈને પંજાને કવર કરીને એન્કલમાં પહેરી શકો છો. પાયલ દરેક ઉંમરની મહિલામાં ફેમસ છે. એમાં અનેક યુવતીઓ પોતાના આખા પગને કવર કરી લે છે. વજનમાં હળવાં અને ભારે પાયલ માર્કેટમાં બહુ સરળતાથી મળી જાય છે. સોના, ચાંદી ઉપરાંત મોતી અને નંગોમાં પણ બનાવવામાં આવે છે. લગ્ન કે કોઈ પ્રસંગોમાં આ પ્રકારનાં પાયલ યુનિક લુક આપે છે.

■ **કુંદન મોતી પાયલ :** સોનાનાં રેગ્યુલર પાયલમાં અનેક પ્રકારનાં રત્નોને એની અંદર જોડવામાં આવે છે. કુંદન પાયલ સુંદર હોવાની સાથે રજવાડી ઠાઠ દર્શાવે છે. સિમ્પલ પાયલની કમ્પેરિઝનમાં કુંદન પાયલ બહુ નાજુકને કીમતી હોય છે.

■ **અજમેરી પાયલ :** નામ ઉપરથી જ ખબર પડી જાય છે કે અજમેરી પાયલ રાજસ્થાનનાં ટ્રેડિશનલ પાયલ છે. આ પાયલ ચાંદીમાંથી બનાવવામાં આવે છે. વજનમાં ભારે અને પહોળાં પાયલને શહેરની મહિલાઓની સરખામણીમાં આદિવાસી મહિલાઓ વધારે પહેરે છે. તેઓ લગ્નમાં એટ્રેક્ટિવ દેખાવા અજમેરી પાયલ પહેરે છે.

■ **ઓક્સોડાઈઝ્ડ પાયલ :** ઓક્સોડાઈઝડ જ્વેલરી આજકાલ યુવતીઓની વચ્ચે છવાયેલી છે. ફેશન અને સ્ટાઈલને વધારવા માટે ઓક્સોડાઈઝડ પાયલનો ઉપયોગ કરવામાં આવે છે. આ પાયલમાં મોર, પોપટ જેવી અનેક ડિઝાઈન ફેમસ છે.

# પોર્ટુગલમાં મૂળ ભારતીય સગર્ભાનું મુત્યુ થતા આરોગ્ય મંત્રીએ રાજીનામુ ધરી દીધુ

## ઇમરજન્સી સેવા ન મળતા મહિલાએ જીવ ગુમાવવો પડયો હતો : આરોગ્યમંત્રી

**પોર્ટુગલ**

કેટલાક મંત્રીઓ કશુંક અઘટિત બને ત્યારે પોતાના મંત્રાલયની નિષ્ફળતા ઢાંકતા રહે છે જયારે એક દેશના આરોગ્યમંત્રીએ ગર્ભવતી મહિલાનું હોસ્પીટલમાં મુત્યુ થતા રાજીનામું આપી દીધું છે. મૃતક ભારતીય મહિલા હતી જે પ્રેગનન્સીના 31માં સપ્તાહમાં પસાર થઈ રહી હતી. આ ઘટના પોર્ટુગલમાં બની છે. મહિલાને શ્વાસ લેવામાં તકલીફ થતી હોવાનું અનુભવ્યા પછી સાંતા મારિયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

આ હોસ્પિટલના તમામ વોર્ડમાં નવજાત શિશુની સારવાર ચાલતી હોવાથી સારવાર થઈ શકી નહી. આથી મહિલાને સામાન્ય ઉપચાર પછી સેંટ ફ્રાંસિસ્કો જેવિયર હોસ્પિટલમાં લઈ જવામાં આવતી હતી. આ દરમિયાન જ રસ્તામાં હૃદયરોગનો હુમલો આવ્યો હતો. મહિલાને બચાવવા માટે સિઝેરિયન કરવામાં આવ્યું પરંતુ કમનસીબે બચાવી શકાઈ નહી. આ ગર્ભવતી મહિલાનું કેવા સંજોગોમાં મોત થયું તેની તપાસના આદેશ આપવામાં આવ્યા હતા.

આ ઘટના પછી પોર્ટુગલના આરોગ્યમંત્રી માર્તા તેમિદોએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. પોર્ટુગલના વડાપ્રધાન અંતોનિયો કોસ્તાએ આરોગ્યમંત્રીના રાજીનામનો સ્વીકાર કરી લીધો છે અને બજાવેલી ફરજ માટે આભાર વ્યકત કર્યો હતો. તેમિદોએ કોવિડ મહામારી દરમિયાન આરોગ્યમંત્રી તરીકે ખૂબ સારી કામગીરી કરી હતી. તે દેશમાં ખૂબજ

# પાક.માં હિન્દુ બાળકી પર ગેંગરેપ થયોઃ આંખોમાં ચાકુ મારી અત્યાચાર

**ઇસ્લામાબાદ**

પાકિસ્તાનમાં હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારોનું પ્રમાણ વધવા લાગ્યું છે અને હવે અત્યંત ક્રુર અત્યાચારની ઘટનાઓ સામે આવવા લાગી છે. પાક.ના સિંધ પ્રાંતમાં એક આઠ વર્ષની હિન્દુ બાળકી પર ગેંગરેપ ગુજારવામાં આવ્યો હતો, એટલુ જ નહીં આ બાળકીની આંખોમાં ચાકુ ઘોંપવામાં આવ્યું હતું. હાલ આ બાળકીને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાઈ છે.

પરિવારને આ બાળકી એક અજાણ્યા સ્થળે અત્યંત ગંભીર હાલતમાં મળી આવી હતી, તેની બન્ને આંખોને ચાકુ વડે ફોડી નાખવામાં આવી હતી. બાદમાં તેને તાત્કાલીક ઉમરકોટ સ્થિત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ડોકટરોનું કહેવુ છે કે બાળકીની સ્થિતિ અત્યંત ગંભીર છે અને બચવાની શક્યતાઓ બહુ જ ઓછી છે. ડોકટરોની તપાસમાં સામે આવ્યું છે કે તેના પર ગેંગરેપ ગુજારવામાં આવ્યો હતો. સિંધ પ્રાંતમાં રહેતા હિન્દુઓ પર અત્યાચાર દિવસે ને દિવસે વધી રહ્યો છે. ગત સપ્તાહે જ એક હિન્દુ સફાઈકર્મચારીની ઈશનિંદાના શંકાસ્પદ આરોપોમાં ધરપકડ કરાઈ હતી, જ્યારે કટ્ટરવાદીઓએ આ કર્મચારી જે વિસ્તારમાં રહે છે તેને ઘેરી લીધો હતો.

# ડોન દાઉદ ઈબ્રાહિમની માહિતી માટે ૨૫ લાખનું ઈનામ જાહેર કરાયું

**મુંબઈ**

NIA ડી કંપની પર કડક કાર્યવાહી કરી છે. એનઆઈએ દ્વારા અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની ધરપકડ કરવામાં મદદરુપ સાબિત થાય તેવી કોઈ પણ પ્રકારની માહિતી લાવનારને ૨૫ લાખ રુપિયા ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૧૯૯૩માં મુંબઈમાં થયેલા સીરિયલ બ્લાસ્ટનો દાઉદ ઈબ્રાહિમ મુખ્ય આરોપી છે. ઉલ્લેખનીય છે કે એનઆઈ એ દ્વા માત્ર દાઉદ ઈબ્રાહિમ જ નહીં, તેની ગેંગના અન્ય સભ્યો માટે પણ ઈનામની જાહેરાત કરવામાં આવી છે. દાઉદ ઈબ્રાહિમના સાથી માનવામાં આવતા શકીલ શેખ માટે પણ ૨૦ લાખ રુપિયા ઈનામની જાહેરાત કરવામાં આવી છે.

# હેમંત સોરેનની રાજીનામાની તૈયારી રાજ્યપાલને મળવા સમય માંગ્યો

**રાંચી**

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન ગુરુવારે વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપી શકે છે. હકીકતમાં ગુરૂવારે સાંજે 4:00 વાગ્યે CM હેમંત સોરેને કેબિનેટની બેઠક બોલાવી છે. આવી સ્થિતિમાં ઓફિસ ઓફ પ્રોફિટ કેસને જોતા હેમંત સોરેનનો નવો રાજકીય દાવ સામે આવી શકે છે. તેઓ રાજ્યપાલને મળીને ફરી સરકાર બનાવવાનો દાવો કરી શકે છે. સાથે જ ઝારખંડમાં નવી સરકાર બનાવવાની કવાયત શરૂ થઈ ગઈ છે. ઝારખંડમાં ચાલી રહેલા રાજકીય સંકટ વચ્ચે CM હેમંત સોરેને ગુરૂવારે પ્રોજેક્ટ ભવન સચિવાલયમાં રાજ્ય કેબિનેટની બેઠક



બોલાવી છે. કહેવામાં આવી રહ્યું છે કે, આ બેઠકમાં CM હેમંત સોરેન મોટો નિર્ણય લઈ શકે છે. સાથે જ આ બેઠક માટે વહીવટી રીતે તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે, સરકાર આ કેબિનેટ દ્વારા પોતાના ઘણા ચૂંટણી વચનોને અંતિમ સ્વરૂપ આપશે. એવી પણ શક્યતા છે કે, કેબિનેટની બેઠક બાદ મુખ્યમંત્રી હેમંત સોરેનથી લઈને મંત્રીઓ સાથે રાયપુર જઈ શકે છે.

# બ્રિટનના નવા વડાપ્રધાનની લંડન નહીં, પરંતુ સ્કોટલેન્ડમાં નિમણૂક થશે

**લંડન**

બ્રિટનના મહારાણી એલિઝાબેથ દ્વિતીય બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે લિઝ ટ્રસ કે રિશિ સુનકની નિમણૂક લંડનને બદલે સ્કોટલેન્ડમાં કરશે તેમ બકીંગહામ પેલેસના સૂત્રોએ જણાવ્યું છે. ૯૬ વર્ષીય મહારાણીને તેમની ઉંમરને કારણે લંડન સુધી મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. સોમવારે બ્રિટનના નવા વડાપ્રધાનની ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યા પછી બીજા દિવસે મંગળવારે મહારાણીના બાલમોરલ કેસલના નિવાસસ્થાને નવા વડાપ્રધાનના નિમણૂકનો સમારંભ યોજવામાં આવશે. રોયલ પરંપરાની વિરુદ્ધ પ્રથમ વખત નવા વડાપ્રધાનની નિમણૂક લંડનની બહાર થશે.

## કોંગ્રેસમાં પ્રમુખપદની ચૂંટણી થશે...

પેજ નં. 4નું ચાલું...

અને તેમાંને તેમાં કૉંગ્રેસ સાવ પાર્ટી બરબાદ થઈ જશે. આનંદ શર્માએ તો રવિવારે યોજાયેલી કૉંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠકમાં જ કોણ મતદાન કરશે તેનો મુદ્દો ઉઠાવ્યો. કૉંગ્રેસના ડેલીગેટ્સ મતદાન કરીને પ્રમુખ ચૂંટતા હોય છે પણ હજુ સુધી મતદાર યાદી જ પ્રદેશ એકમોને મળી નથી. શર્માએ મોઘમમાં એ કહી દીધું છે કે, છેલ્લી ઘડીએ મતદાર યાદી મોકલવામાં આવશે અને તેમાં ખાનદાનના વફાદારો જ હશે. આ યાદીની ચકાસણી કરવાનો સમય જ નહીં હોય તેથી ચૂંટણીના નામે નાટક જ થશે. એક વાર ચૂંટણી પતી એટલે રાત ગઈ, બાત ગઈ. કૉંગ્રેસના બળવાખોરોને જે શંકા છે એ સાવ આધાર વિનાની નથી. નહેરુ-ગાંધી ખાનદાનના વફાદાર કૉંગ્રેસીઓ જે રીતે હજુય રાહુલ ગાંધીના નામનું પૂંછડું ઝાલીને બેઠા છે. એ જોતાં રાહુલ નહીં માને તો તેમના ઈશારે નાચે એવા કોઈને બેસાડાશે એ નક્કી છે. તેને જીતાડવા માટે આ બધા ગોરખધંધા કરાશે જ. કૉંગ્રેસમાં જેમના માથે ચૂંટણી કરાવવાની જવાબદારી છે એ મધુસૂદન મિસ્ત્રી રાહુલના માનીતા છે. તેથી નહેરુ-ગાંધી ખાનદાનને માફક આવે એ રીતે જ આખો ખેલ પાર પડાશે તેમાં શંકા નથી. મિસ્ત્રીએ તમામ ઉમેદવારોને મતદાર યાદી મળી જશે એવો સધિયારો આપ્યો પણ છેલ્લાં દોઢ વર્ષથી પ્રમુખપદની ચૂંટણીનું ધમ્મરવલોનું ચાલે છે છતાં હજુ સુધી કેમ મતદાર યાદી તૈયાર નથી થઈ તેનો કોઈ ખુલાસો કર્યો નથી.

પહેલાં ૧૯ સપ્ટેમ્બર સુધીમાં ચૂંટણીની પ્રક્રિયા પાર પાડી દેવાશે એવું એલાન કરાયેલું. તેમાં પણ આખો મહિના વધારાનો ખેંચી કેમ દેવાયો તેનો પણ ખુલાસો કરાયો નથી. કૉંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશે દાવો કર્યો છે કે, પ્રમુખપદ માટે કોઈપણ વ્યક્તિ ઉમેદવારી નોંધાવી શકે છે અને માત્ર આપણા પક્ષમાં જ આ લોકશાહી છે. પણ કૉંગ્રેસીઓ જે રીતે વર્તી રહ્યા છે એ જોતાં લોકશાહીની મજાક ઉડી રહી છે.

કૉંગ્રેસ માટે પ્રમુખપદની ચૂંટણી મુક્ત અને ન્યાયી રાખીને પોતાની ઈમેજ સુધારવાની છેલ્લી તક છે. ભાજપ કૉંગ્રેસને સતત વંશવાદી પાર્ટી ગણાવ્યા કરે છે અને મતદારોને આ મુદ્દો અસર પણ કરે છે. કૉંગ્રેસ માટે આ પ્રચારને ખાળવાનો શ્રેષ્ઠ રસ્તો નહેરુ-ગાંધી ખાનદાનની ચુંગાલમાંથી મુક્ત થવાનો છે. બુધવારે જ મનિષ તિવારી જેવા નેતાએ પણ આ પ્રમુખ પદની ચૂંટણી પારદર્શક હોવી જોઈએ તેવો મત જાહેરમાં વ્યક્ત કર્યો હતો.

## પીઢ નેતા આઝાદની કોંગ્રેસમાંથી વિદાય...

પેજ નં. 4નું ચાલું...

કાશ્મીર ખીણમાં મુસ્લિમોની બહુમતી છે. બે-ચાર ટકા વસતીને બાદ કરતાં બાકીની વસતી મુસ્લિમોની જ છે. આ વિસ્તારમાં કાશ્મીરી પંડિતોની સારી એવી વસતી હતી પણ તેમને ભગાડી દેવાયા પછી હવે ત્યાં મુસ્લિમો જ બચ્યા છે. આ કારણે ભાજપ કાશ્મીર ખીણમાં વિધાનસભાની બેઠક જીતી શકતો નહોતો.

નવા સીમાંકન પછી પણ એ સ્થિતિ નહીં બદલાય તેથી કાશ્મીર ખીણમાં તેનો એક પણ ઉમેદવાર જીતશે કે કેમ તેમાં શંકા જ છે. આ સંજોગોમાં ભાજપ માટે સ્પષ્ટ બહુમતી સાથે સરકાર રચવું અઘરું છે કેમ કે બાકીના પક્ષો તો ગુપકર એલાયન્સના નામે ભાજપ સામે એક થઈ ગયા છે.

આ સ્થિતિમાં ભાજપને ગુલામ નબી આઝાદ કામ આવશે. જમ્મુ ડિવિઝનમાં હિંદુ-શીખોની બહુમતી હોવાથી ભાજપ છવાયેલો છે. કલમ ૩૭૦ની નાબૂદી સહિતના નિર્ણયોના કારણે જમ્મુમાં બીજા પક્ષો ખાતું ખોલાવી શકશે કે કેમ તેમાં પણ શંકા છે. હવે આઝાદની પાર્ટી કાશ્મીર ખીણમાંથી પાંચ-સાત બેઠકો લઈ આવે તો તેના ટેકાથી ભાજપ સરકાર બનાવી શકે તેમ છે.


**Sri Radha Krishna Temple**

1960 Ellesmere Road Unit 9 Scarborough ON M1H 2V9

srkt2000@gmail.com 416-431-3311 www.sriradhakrishnatemple.ca

**Sunday Sep 04, 2022**

**Srimad Bhagvad Gita Pravachan**





6:15pm-7:00pm

Aarti followed by Prasad

**Monday Sep 05, 2022**

**Shiv Aradhana**



6:15pm-7:00pm

**Mahamrityunjaya Havan**

7:00pm-7:30pm

Aarti followed by Prasad

For Sponsorship please contact 416-431-3311

# ઉત્તરપ્રદેશના 1100 ગામડાઓ અને કેરળ જળબંબાકાર: પાકને પણ કરોડોનું નુકસાન

## 116 ગામડાઓ સંપર્કવિહોણા, NDRF અને SDRFની કુલ 26 ટીમોને તૈનાત કરાઈ

**લખનૌ**

દેશના અનેક વિસ્તારોમાં હાલ ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ જોવા મળી રહી છે. કેરળના કોટ્ટાયમ ખાતે સતત વરસાદના કારણે ઘરો અને રસ્તાઓમાં જળબંબાકાર જોવા મળી રહ્યો છે અને સ્થાનિકો હેરાન થઈ રહ્યા છે. જ્યારે ઉત્તર પ્રદેશમાં આફત બનીને ત્રાટકેલા વરસાદ અને બાંધનું પાણી છોડાવાના કારણે 18 જિલ્લાઓના 1,111 ગામડાઓ પૂરની લપેટમાં આવી ગયા છે તથા હજારો હેક્ટર જમીન પરનો પાક પ્રભાવિત થયો છે.

વારાણસીની સ્થિતિ ખૂબ જ કપરી બની છે અને તેના ઘાટો પાણીમાં ડૂબી ગયા હોવાના કારણે મૃતદેહોના અગ્નિસંસ્કારમાં પણ સમસ્યા થઈ રહી છે. બલિયામાં પૂરના પાણીમાં ડૂબી જવાના કારણે એક વ્યક્તિનું મોત થયું



છે. હાલ 18 જિલ્લાના 1,111 ગામ પૂરથી અસરગ્રસ્ત છે અને તે પૈકીના 116 ગામડાઓનો બાકીના ક્ષેત્ર સાથેનો સંપર્ક કપાઈ ગયો છે. કુલ 2,45,585 લોકો પૂરથી પ્રભાવિત થયા છે. જાણવા મળ્યા મુજબ પૂરથી પ્રભાવિત જિલ્લાઓમાં 344 શરણાલય બનાવવામાં આવ્યા છે.

# કોલકાતાના 2 રિયલ એસ્ટેટ ગ્રુપની 250 કરોડની બેનામી આવક મળી

**નવી દિલ્હી**

બુધવારે આવકવેરા વિભાગે પશ્ચિમ બંગાળના કોલકાતા સ્થિત બે અગ્રણી રિયલ એસ્ટેટ ગૃપમાં દરોડા પાડીને ૨૫૦ કરોડ રૂપિયાથી વધુની બિનહિસાબી આવક પકડી પાડી છે તેમ સીબીડીટીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

આવકવેરા વિભાગે ૧૮ ઓગસ્ટથી તપાસ શરૂ કરી હતી. આવકવેરા વિભાગને તપાસમાં જાણવા મળ્યું હતું કે ગ્રુપે રોકડ વ્યવહારોની નોંધ ચોપડામાં બતાવી ન હતી. રોકડ વ્યવહારોનો અલગ હિસાબ કરવામાં આવતો હતો. આ નાણા શેલ કંપનીઓના ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવતા હતાં.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (સીબીડીટી)એ આરોપ મૂક્યો છે કે બિન હિસાબી નાણાનો ઉપયોગ જમીન સંપાદનમાં કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે સીબીડીટી આવકવેરા વિભાગ માટે નિર્ણય લેતી ઉચ્ચ સંસ્થા છે. જો કે સીબીડીટી દ્વારા આ બંને ગુરુપના નામ જાહેર કર્યા નથી.

સીબીડીટીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આ બંને ગુરુપના મહત્વપૂર્ણ લોકોએ પૂછપરછમાં સ્વીકાર કર્યો છે કે સેલ કંપનીઓમાં બિનહિસાબી રોકડનો ઉપયોગ શેર મૂડી, શેર પ્રિમિયમ તરીકે કરવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન ૧૬ બેંક લોકર પણ સીલ કરવામાં આવ્યા હતાં.

# જીએસટીનું ઓગસ્ટનું કલેક્શન 28% વધી ૧.૪૩ લાખ કરોડ થયું

**નવી દિલ્હી**

ઓગસ્ટ મહિનામાં જીએસટી કલેક્શન રૂ. ૧,૪૩,૬૧૨કરોડ નોંધાયુ છે જે વાર્ષિક તુલનાએ ૨૮ ટકા વધારે વસૂલાત છે. સતત છઠ્ઠા મહિને માસિક જીએસટી કલેક્શન રૂ. ૧.૪૦ લાખ કરોડની ઉપર રહ્યુ છે. નાણાં મંત્રાલયે જાહેર કરેલા આંકડા અનુસાર ઓગસ્ટ ૨૦૨૧માં સરકારને જીએસટી હેઠળ રૂ. ૧,૧૨,૦૨૦ કરોડની કમાણી થઈ હતી. ઓગસ્ટમાં જીએસટી પેટે સરકારને કુલ રૂ. ૧,૪૩,૬૧૨કરોડની આવક થઈ છે, જેમાં સેન્ટ્રલ જીએસટી પેટે રૂ. ૨૪,૭૧૦ કરોડ, સ્ટેટ જીએસટી પેટે રૂ. ૩૦,૯૫૧ કરોડની વસૂલાત થઈ છે. તો ઇન્ટિગ્રેટેડ જીએસટી પેટે રૂ. ૭૭,૭૮૨ કરોડની વસૂલાત થઈ છે, જેમાં માલસામાનની આયાત પરના ટેક્સ પેટે રૂ. ૪૨,૦૬૭ કરોડ અને સેસ હેઠળ રૂ. ૧૦,૧૬૮કરોડ અને માલની આયાત પર વસૂલાયેલો રૂ. ૧,૦૧૮ કરોડનો ટેક્સ સામેલ છે. નાણાં મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે આઈજીએસટીમાંથી રૂ. ૨૯,૫૨૪ કરોડનું સીજીએસટીઅને રૂ. ૨૫,૧૧૯ કરોડનું એસજીએસટીહેઠળ સેટલમેન્ટ કર્યું છે. નિયમિત સેટલમેન્ટ બાદ કેન્દ્રની કુલ આવક રૂ. ૫૪,૨૩૪ કરોડ અને રાજ્યોની રૂ. ૫૬,૦૭૦ કરોડ રહી છે.

# દેહરાદૂનમાં એક જ પરિવારના 5 સભ્યોની ગળું કાપી હત્યા, આરોપીની ધરપકડ કરાઈ

## માતા માનસિક રીતે અસ્વસ્થ હતા જ્યારે ઘરમાં એક દીકરી દિવ્યાંગ હતી

**દેહરાદૂન**

દેહરાદૂનના ડોઇવાલા ક્ષેત્રમાં એક સાથે એક જ પરિવારના પાંચ સભ્યોની હત્યાનો કેસ સામે આવ્યો છે. મૃતકોમાં આરોપીની માતા, પત્ની ત્રણ દીકરીઓ સામેલ છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. પૂછપરછ ચાલુ છે. તમામના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે.

આરોપીએ પોતાની માતા, પત્ની અને ત્રણ બાળકોના ગળા કાપી મોતને ઘાટ ઉતારી દીધા છે. ઘટના પછી ડોઈવાલા વિસ્તાર શોકમાં ડૂબી ગયો છે. પોલીસ કેસની તપાસ કરી રહી છે. ડીઆઈજી, એસએસપી અને એસપી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતાં. આરોપીની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી દેવામાં આવી છે. પૂજા પાઠ કર્યા પછી આરોપીએ એક એક કરીને પરિવારના સભ્યોને મોતને ઘાટ ઉતાર્યા હતાં. આરોપીની એક દીકરી પોતાના ફોઈને ત્યાં ગઈ હતી જે સુરક્ષિત છે.

૪૭ વર્ષીય આરોપી મહેશકુમાર પંડિત તરીકેનું કાર્ય કરતો હતો. તેની એક દીકરી દિવ્યાંગ હતી. તેનો એક ભાઈ ઋષિકેશમાં રહે છે. તેનો ભાઈ રાનીપોખરી પહોંચી ગયો છે. પોલીસ તેની પૂછપરછ કરી રહી છે.

એસએસપી દેહરાદૂન દલીપ સિંહ કુંવરે જણાવ્યું હતું કે મહેશ કોઈ કામ કરતો ન હતો. તેનો મોટો ભાઈ દર મહિને ખર્ચાની રકમ મોકલતો હતો. આરોપી સમગ્ર દિવસ પૂજા પાઠ કરતો હતો. મહેશ અને તેની પત્ની વચ્ચે આ જ બાબતે ઝઘડો થતો હતો.

# દેશમાં ઉત્પાદન પ્રવૃત્તિનો PMI ઘટી 56.2

**નવી દિલ્હી**

ઓગસ્ટ મહિનામાં ભારતની મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિઓમાં સુધારો જોવા મળ્યો છે. જોકે એસએન્ડપીગ્લોબલ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) જુલાઈમાં ૫૬.૪ની ૮ મહિનાની ટોચેથી સામાન્ય ઘટીને ૫૬.૨ થયો છે. પીએમઆઈઈન્ડેક્સ અનુસાર ૫૦થી રીડિંગ જે-તે સેક્ટરનિ પ્રવૃત્તિઓમાં વૃદ્ધિ સૂચવે છે, જ્યારે ૫૦થી નીચેનું પીએમઆઈવાંચન સંકોચન દર્શાવે છે. ભારતના ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃતિઓમાં ૫૦થી ઉપર પીએમઆઈઈન્ડેક્સ રહ્યો હોય તેવો આ ૧૪મો મહિનો છે.

એસએન્ડપીગ્લોબલે માસિક




રિપોર્ટમાં જણાવ્યું કે દેશમાં માંગની સ્થિતિમાં સતત સુધારાને કારણે ઓગસ્ટ મહિનામાં ભારતના ઉત્પાદન ક્ષેત્રને નવા ઓર્ડરની સંખ્યામાં વધારો થયો છે, જેના કારણે આઉટપુટ ગ્રોથ ૯ મહિનાના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયો છે. આ સમયગાળા દરમિયાન ઉત્પાદન પ્રવૃતિઓને નિકાસમાં તેજી અને મજબૂત આઉટલુકને પગલે ટેકો મળ્યો છે.

એસએન્ડપીગ્લોબલના અહેવાલ અનુસાર સર્વેમાં સામેલ કંપનીઓએ તેમના ઉત્પાદનોના ભાવ અને માર્જિનમાં વધુ વધારાની અપેક્ષા વ્યક્ત કરી છે. તાજેતરમાં કોમોડિટીના ભાવમાં થયેલા ઘટાડાથી મોંઘવારીના દબાણમાં પણ આંશિક ઘટાડો થયો છે.

ઓગસ્ટમાં ઉત્પાદન ખર્ચમાં વધારો એક વર્ષના નીચલા સ્તરે પહોંચ્યો છે એટલેકે ફુગાવાનું એકતરફી દબાણ હવે ઘટયું છે અને સ્થિતિ કાબૂમાં છે. ઉત્પાદન ખર્ચમાં વધારાના અંકુશમાં સૌથી મોટો ફાળો એલ્યુમિનિયમ અને સ્ટીલ જેવા કાચા માલના ભાવમાં ઘટાડાને કારણે આવ્યો છે.

# 25 વર્ષીય અંધ સોફ્ટવેર એન્જિનિયરને માઇક્રોસોફ્ટમાં 47 લાખ પગારની નોકરી

## ટૂંક સમયમાં કંપનીની બેંગ્લોર ઓફિસમાં નોકરી શરૂ કરશે

**ઇન્દોર**

મધ્ય પ્રદેશના ૨૫ વર્ષીય અંધ સોફ્ટવેર એન્જિનિયરને આઈટીની અગ્રણી કંપની માઇક્રોસોફ્ટ તરફથી ૪૭ લાખ રૂપિયાના સેલેરી પેકેજની ઓફર મળી છે તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે. યસ સોનકિયાએ ૨૦૨૧માં ઈન્દોર સ્થિત શ્રી ગોવિંદરામ સેકસરીયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ (એસજીએસઆઈટીએસ) માંથી બી ટેકની ડિગ્રી મેળવી હતી.

તાજેતરમાં ગ્રેજ્યુએટ થયેલા યશને માઈક્રોસોફ્ટ તરફથી વાર્ષિક ૪૭ લાખ રૂપિયાના પગારની નોકરી મળી છે. આ અંગેની વાતચીત દરમિયાન યશે જણાવ્યું હતું કે તેણે આ ઓફર સ્વીકારી લીધી છે અને તે ટૂંક સમયમાં કંપનીની બેંગાલુરુ ઓફિસમાં નોકરી શરૂ કરશે. જો કે શરૂઆતમાં તેને વર્ક ફ્રોમ હોમ કરવા જણાવવામાં આવ્યું છે. યશ જ્યારે માત્ર આઠ વર્ષનો હતો ત્યારે ગ્લુકોમાને કારણે તેની દ્રષ્ટિ જતી રહી હતી.

# દેશના દિગ્ગજ અર્થશાસ્ત્રી અભિજિત સેનનું 72 વર્ષની ઉંમરે નિધન થયું

**હૈદરાબાદ**

ભારતના દિગ્ગજ અર્થશાસ્ત્રી અને આયોજન પંચનાં પૂર્વ સદસ્ય અભિજિત સેનનું સોમવારે રાત્રે નિધન થઈ ગયું છે. તેઓ 72 વર્ષની ઉંમરના હતા. અભિજિત સેન ગ્રામીણ અર્થવ્યવસ્થાના નિષ્ણાત હતા. સેનના ભાઈ ડૉ. પ્રણવ સેને જણાવ્યું કે, અભિજિત સેનને રાત્રે 11 વાગ્યાની આસપાસ હાર્ટ એટેક આવ્યો હતો. અમે તેમને હોસ્પિટલમાં લઈ ગયા પરંતુ ત્યાં સુધીમાં તેમનું નિધન થઈ ચૂક્યું હતું. ચાર દાયકાથી વધુ લાંબા પોતાના કરિયરમાં અભિજિત સેને નવી દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU)માં અર્થશાસ્ત્ર ભણાવ્યું અને અનેક મહત્ત્વના સરકારી હોદ્દા સંભાળ્યા હતા.

# કોરોના ઘટતા ધાર્મિક ટુરિઝમમાં વધારો, પર્યટન ઈન્ડસ્ટ્રીમાં તેજી

**નવી દિલ્હી**

કોરોનાનુ જોર ઘટતાની સાથે જ દેશના ધાર્મિક સ્થળો પર જનારા પર્યટકોની સંખ્યામાં બમ્પર વધારો જોવા મળી રહ્યો છે. જેનો ફાયદો ટુરિઝમ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા લોકોને પણ મળી રહ્યો છે.

એક મીડિયા રિપોર્ટ પ્રમાણે ઉત્તરાખંડના ચાર ધામ, અમૃતસરના સુવર્ણ મંદિર, તીરૂપતિ બાલાજી સહિતના ધાર્મિક સ્થળો તેમજ ધાર્મિક શહેરોમાં લોકોનો મહેરામણ ઉમટી રહ્યો છે.

અમૃતસરના સુવર્ણ મંદિરની વાત કરવામાં આવે તો અહીંયા હાલમાં રોજ એક લાખ લોકો આવી રહ્યા છે.ઓક્ટોબર પછી વિદેશી પર્યટકોનુ પ્રમાણ પણ વધશે. વૈષ્ણવદેવી ખાતે રોજ 40000 લોકો દર્શન કરવા પહોંચી રહ્યા છે.કોરોના પહેલા માંડ 15000 લોકો આવતા હતા અને હવે ભીડ એટલી વધી છે કે, કટરામાં લોકોને રોકવા પડયા છે. હેલિકોપ્ટર સર્વિસનુ ભાડુ પણ વધી ગયુ છે. કેરાલાના ત્રિશુર ખાતેના ભગવાન ગુરૂવાયુ મંદિરમાં ભાવિકોની સંખ્યા બમણી થઈને હવે 8000ની આસપાસ પહોંચી ગઈ છે. રોજ આટલા લોકો અંહીયા મંદિરમાં દર્શન કરવા માટે આવી રહ્યા છે.

# સોનિયા ગાંધીના માતા પાઓલા માયનોનું ઈટાલી ખાતે અવસાન

**નવી દિલ્હી**

નવી દિલ્હી : સોનિયા ગાંધીના માતા પાઓલા માયનોનું ઈટાલીમાં અવસાન થયું હતું. મંગળવારે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતાં. કોંગ્રેસ પ્રમુખ પોતાની માતાને મળવા માટે ૨૩ ઓગસ્ટે રવાના થયા હતાં. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી હાલમાં વિદેશમાં હોવાથી એવું માનવામાં આવી રહ્યું છે કે આ ત્રણેય પાઓલા માયનોના અંતિમ સંસ્કારમાં હાજર રહ્યાં હતાં. રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગેહલોત અને છત્તીસગઢના મુખ્યપ્રધાન ભુપેશ બઘેલે પણ દુઃખ વ્યક્ત કર્યુ છે. સોનિયા ગાંધીના માતાની ઉંમર ૯૦ વર્ષથી વધુ હતી.

# ગુજરાતમાં રમખાણોની 20 વર્ષ જુની 11 પિટિશનનો સુપ્રીમ કોર્ટ દ્વારા નિકાલ કરાયો

## વધુ સમય થઇ ગયો હોવાથી સુનાવણીનો અર્થ રહ્યો નહીં

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે ૨૦૦૨ના ગુજરાત રમખાણો સાથે જોડાયેલા વિવિધ મામલાઓની ૧૧ પિટિશનોને સુપ્રીમ કોર્ટે બંધ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં કેટલાકી પિટિશનોને ૨૦ વર્ષ જેટલો સમય વીતી ગયો હતો. જેને પગલે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ યૂયૂ લલિતની આગેવાનીમાં ગઠીત બેંચે આ પિટિશનોને બંધ કરી દેવાનો નિર્ણય લીધો હતો. સુપ્રીમ કોર્ટમાં હાજર સોલિસિટર જનરલે કહ્યું હતું કે સર્વોચ્ચ અદાલતમાં જે પિટિશનો કરાઇ છે તેના



ચુકાદા કોર્ટો દ્વારા આપી દેવાયા છે. હવે આ અરજીઓની સુનાવણીનો કોઇ મતલબ નથી રહેતો.

સુપ્રીમ કોર્ટે સોલિસિટર જનરલની દલીલો બાદ પીડિતોના વકીલોનો અભિપ્રાય પણ લીધો હતો જેઓ પણ સહમત થયા હતા બાદમાં સુપ્રીમે કહ્યું હતું કે ગુજરાત રમખાણો સાથે સંકળાયેલા ૯માંથી આઠ કેસોમાં કોર્ટો દ્વારા ચુકાદા આપી દેવામાં આવ્યા છે. આ અરજીમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે ગુજરાત રમખાણોની તપાસની માગણી કરી હતી. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ યૂયૂ લલિત ઉપરાંત ન્યાયાધીશ રવીંદ્ર ભટ અને ન્યાયાધીશ જેબી પારડીવાલાની બેંચે કહ્યું હતું કે આટલો લાંબો સમય વીતી ગયો હોવાથી હવે તેના પર સુનાવણી કરવાનો કોઇ મતલબ નથી રહેતો.

# ઝારખંડમાં પ્રેમનો ઈનકાર કરનારી વિદ્યાર્થિનીને યુવકે જીવતી સળગાવી

## ઝારખંડના દુમકામાં ભારે સુરક્ષા વચ્ચે અંતિમયાત્રા નીકળી

**દુમકા**

ઝારખંડના દુમકામાં ૧૨મા ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીને એક તરફી પ્રેમમાં પાગલ યુવાને પેટ્રોલ છાંટીને જીવતી સળગાવી દીધી હતી. રાંચીની હોસ્પિટલમાં છેલ્લાં પાંચ દિવસથી જીવન-મરણ વચ્ચે જંગ ખેલી રહેલી વિદ્યાર્થિનીનું મોત થયું હતું. દુમકામાં ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે વિદ્યાર્થિનીની અંતિમયાત્રા નીકળી હતી. લોકોએ હત્યારાને ફાંસીની સજા આપવાની માગણી કરી હતી.

ઝારખંડના દુમકામાં એક વિદ્યાર્થિનીનો મોબાઈલ નંબર મેળવીને શહેરનો જ શાહરૂખ નામનો યુવાન તેને ફોનમાં વાત કરવાનું દબાણ કરતો હતો. યુવાન ૧૨મા ધોરણની વિદ્યાર્થિનીને ધમકી આપતો હતો કે જો એ ફોનમાં વાત નહીં કરે તો એને મારી નાખશે. દોસ્તી કરવાનો ઈનકાર કરનારી ૧૨મા ધોરણની વિદ્યાર્થિનીને વહેલી સવારે ચાર વાગ્યે શાહરૂખે પેટ્રોલ છાંટીને જીવતી સળગાવી દીધી હતી. વિદ્યાર્થિનીનો દર્દનાક અવાજ સાંભળીને દાદા-દાદી, પિતા, ભાઈ વગેરે જાગી ગયા હતા અને આગ ઠારીને તેને ગંભીર હાલતમાં દુમકાની હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

# તેલંગાણામાં સરકારી શિબિરમાં 34 મહિલાની નસબંધી: 4 મોત

**રંગા રેડ્ડી**

તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લાની એક સરકારી હોસ્પિટલમાં છેલ્લા પાંચ દિવસમાં ચાર મહિલાનાં મોત થયાં છે જ્યારે નવ અન્યની હાલત ગંભીર બનેલી છે જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ મહિલાઓની પાંચ દિવસ પહેલાં ડબલ પંચર લેપ્રોસ્કોપી (ડીપીએલ) શિબિરમાં નસબંધી કરવામાં આવી હતી. આ પ્રોસેસ ખૂબ જ નાની અને સામાન્ય હોય છે. સર્જરીના ગણતરીના કલાકો બાદ દર્દીને હોસ્પિટલમાંથી રજા આપી દેવાય છે અને મહિલાઓ પોતાનું સામાન્ય કામકાજ કરી શકે છે. પરંતુ સરકારી શિબિરમાં 34 મહિલાઓએ આ સર્જરી કરાવી હતી જે પૈકીની ચાર મહિલાનાં મોત થવાને કારણે અને નવ અન્ય ગંભીર હાલતમાં પહોંચી જતા રાજ્યના આરોગ્ય વિભાગ સામે સવાલ ઊઠી રહ્યા છે. જે મહિલાઓના મૃત્યુ થયાં છે તેમનામાં સર્જરી બાદ ઊલટી, પેટમાં દુખાવો અને ઝાડા જેવા તીવ્ર ગેસ્ટ્રોએન્ટેરાઈટિસ લક્ષણો જોવા મળ્યા હતા. હાલ કહેવાઈ રહ્યું છે કે મહિલાઓના મોતનું કારણ ઓર્ગન ફેઈલ્યોર હતું. જે મહિલાઓની સર્જરી કરવામાં આવી હતી તેમની વય માત્ર 22 વર્ષથી 36 વર્ષની વચ્ચે હતી અને જે મહિલાઓની નસબંધી કરવામાં આવી હતી.

# દિલ્હીમાં આંખમાં મરચું નાંખીને 2 કરોડના સોનાની લૂંટ

**નવી દિલ્હી**

દિલ્હીના પહાડગંજ વિસ્તારમાં બદમાશોએ એક વેપારી પાસેથી સોનું લૂંટી લીધું છે, જેની કિંમત લગભગ 2 કરોડ રૂપિયા છે.

પોલીસે આ કેસમાં તપાસ શરૂ કરી છે આ મામલામાં પીડિત એ જણાવ્યું કે સવારે 4.30 થી સાંજના 5 વાગ્યાની વચ્ચે તેઓ હીરાના સોનાના દાગીના ભરેલી બેગ લઈને જતો હતો. તેમની કાર 50 મીટરના અંતરે ઉભી હતી. ત્યારે બદમાશોએ આંખમાં ભૂકી નાંખી બેગ તફડાવી લીધી હતી.

## ન્યૂઝ બ્રિફ

### વિવાદોમાં ઘેરાયેલા કાર્તિક સિંહનો વિભાગ બદલાયો, શમીમ અહેમદ બન્યા કાયદામંત્રી

પટના : બિહારમાં નવી મહાગઠબંધન સરકારમાં હવે ફેરબદલ કરવામાં આવી છે. નીતીશ કુમારની કેબિનેટમાં સામેલ 2 મંત્રીઓના વિભાગ બદલવામાં આવ્યા છે. જાણકારી અનુસાર, નીતીશ કુમારે કાર્તિક સિંહને કાયદા મંત્રીમાંથી હટાવીને તેમને શેરડી ઉદ્યોગ વિભાગ સોંપ્યો છે અને તેમની જગ્યાએ શમીમ અહેમદને કાયદા મંત્રી બનાવવામાં આવ્યા છે. અગાઉ બિહાર સરકારના શેરડી ઉદ્યોગ મંત્રી શમીમ અહેમદ હતા પરંતુ શમીમ હવે કાયદા વિભાગની જવાબદારી સંભાળશે. કાર્તિક સિંહ મંત્રી બન્યા બાદ જ એક કેસમાં કથિત રીતે ફરાર હોવાના કારણે વિવાદમાં આવી ગયા હતા તેથી માનવામાં આવે છે કે આ કારણોસર તેમનો વિભાગ બદલાયો છે. કાર્તિક સિંહ RJD ક્વોટામાંથી મંત્રી બન્યા છે અને તેમને અનંત સિંહ માટે ખૂબ જ ખાસ માનવામાં આવે છે. કેબિનેટમાં ફેરબદલ બાદ હવે તેમનો વિભાગ બદલાયો છે.

### સિદ્ધુ હત્યા કેસઃ માસ્ટર માઈન્ડ સચિન વિશ્નોઈની અઝરબૈજાનમાં ધરપકડ

ચંડીગઢ : સિદ્ધુ મુસેવાલા હત્યાકાંડના માસ્ટરમાઈન્ડ સચિન વિશ્નોઈની અઝરબૈજાનમાંથી ધરપકડ કરવામાં આવી છે. સચિન વિશ્નોઇએ સિદ્ધુ મુસેવાલા હત્યા કેસની જવાબદારી લીધી હતી. સચિન વિશ્નોઇએ પોતાનો નકલી પાસપોર્ટ( Fake Passport) દિલ્હીના સંગમ વિહાર વિસ્તારના એક સરનામે બનાવવામાં આવ્યો હતો. આ નકલી પાસપોર્ટમાં સચિન વિશ્નોઈનું નકલી નામ તિલક રાજ તુટેજા લખવામાં આવ્યું છે જેમાં પિતાનું નામ ભીમ સિંહ, ઘર નંબર 330 બ્લોક F3 સંગમ વિહાર નવી દિલ્હી 110062 લખવામાં આવ્યું છે. જાણકારી અનુસાર, સચિન વિશ્નોઈ હત્યાકાંડના લગભગ 1 મહિના પહેલા અને 21 એપ્રિલ બાદ આ નકલી પાસપોર્ટ દ્વારા દુબઈ ભાગી ગયો હતો ત્યારબાદ ત્યાંથી અઝરબૈજાન ગયો હતો પરંતુ હવે તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.

### એક્સાઈઝ કૌભાંડમાં CBIએ બેન્ક લોકર તપાસ્યા, કશું મળ્યું નહીં : સિસોદિયા

નવી દિલ્હી : દિલ્હીમાં એક્સાઈઝ નીતિના અમલમાં કથિત કૌભાંડ અંગે સીબીઆઈ તપાસનો સામનો કરી રહેલા દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાના બેન્ક લોકરની સીબીઆઈએ મંગળવારે તપાસ કરી હતી. જોકે, સીબીઆઈને આ લોકરમાંથી કશું મળ્યું નહોતું તેમ આપ નેતા મનીષ સિસોદિયાએ દાવો કર્યો હતો. બીજીબાજુ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે સીબીઆઈ દ્વારા અનૌપચારિક રીતે સિસોદિયાને ક્લિનચીટ અપાઈ છે, પરંતુ રાજકીય દબાણ હેઠળ ૧૦ દિવસમાં તેમની ધરપકડ કરશે. સીબીઆઈની ટીમે ગાઝિયાબાદના વસુંધરા સ્થિત મેવાડ કોલેજની પીએનબી બેન્કમાં મનીષ સિસોદિયા અને તેમની પત્નીની હાજરીમાં બેન્ક લોકરો તપાસ્યા હતા. મનીષ સિસોદિયાએ દાવો કર્યો કે તેમના લોકરમાંથી કશું જ મળ્યું નથી.

### ઓલમ્પિક ગેમ્સની તૈયારી કરી રહેલા યુવા ખેલાડીની ચપ્પુના ઘા મારી હત્યા

નવી દિલ્હી : હરિયાણાના ફરીદાબાદ જિલ્લામાં ઓલમ્પિક ગેમ્સની તૈયારી કરી રહેલા એક યુવા ખેલાડીની છરી વડે નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. મૃતક યુવકે રમત ગમત સ્પર્ધામાં 200થી વધુ મેડલ જીત્યા હતા. પરિવારનો આરોપ છે કે રમતગમતની સ્પર્ધાઓમાં સતત ઉભરી આવવાના કારણે તેની હત્યા કરવામાં આવી છે. હત્યાને લઇને પોલીસે કેસ નોંધીને આગળ તપાસ હાથ ધરી છે. ફરીદાબાદની સંજય કોલોનીમાં રહેતો પ્રિયાંશુ ફરીદાબાદના સેક્ટર-12 સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં રાબેતા મુજબ પ્રેક્ટિસ કરીને ઘરે જઈ રહ્યો હતો, 16 વર્ષના પ્રિયાંશુની કેટલાક અજાણ્યા હુમલાખોરોએ છરી વડે નિર્દયતાથી હત્યા કરી નાખી હતી. જોકે હત્યા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

# ભારતમાં 2021માં 29,272 મર્ડર, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ : NCRBનો રિપોર્ટ

**નવી દિલ્હી**

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોએ 2021ના આંકડા જાહેર કરી દીધા છે. આ આંકડા અનુસાર, 2021માં ભારતમાં હત્યાના 29,272 કેસ નોંધવામાં આવ્યા છે. 2020માં આ સંખ્યા 29,193 હતી અને 2019માં આ આંકડો 28,915 હતો. 2021ના આંકડાઓમાં 2020ની સરખામણીમાં 0.3 ટકાની વૃદ્ધિ જોવા મળી રહી છે.

જો રાજ્ય પ્રમાણે જોઈએ તો, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ 3717 હત્યાના ગુના




નોંધવામાં આવ્યા છે. જે બાદ બિહારમાં 2799, મહારાષ્ટ્રમાં 2330 હત્યાના કેસ નોંધાયા છે. આ સિવાય મધ્ય પ્રદેશમાં 2034 અને પશ્ચિમ બંગાળમાં 1884 લોકોની હત્યા થઈ છે. જ્યારે સિક્કિમમાં સૌથી ઓછા 14 હત્યાના ગુના નોંધાયા છે. જો શહેરોની વાત કરીએ તો, દિલ્હીમાં 2021માં હત્યાના સૌથી વધુ 454 બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. જ્યારે કેરળના કોઝીકોડમાં સૌથી ઓછા માત્ર 5 હત્યાના ગુના નોંધાયા છે. દિલ્હી બાદ ચેન્નઈમાં 161, બેંગલુરુમાં 155, સુરતમાં 121, જયપુરમાં 118, લખનઉમાં 101 અને પૂણેમાં 100 જેટલા હત્યાના ગુના નોંધાયા છે. 2021માં મહાનગરોમાં કુલ 1955 હત્યાના ગુના નોંધવામાં આવ્યા છે.

# ઓછા માર્ક્સ આપતા વિદ્યાર્થીઓએ શિક્ષક સહિત સ્ટાફને બાંધીને ફટકાર્યા

**નવી દિલ્હી**

ઝારખંડમાં એક વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીના દુમકાના એક ગામમાં સરકારી સ્કૂલમાં વિદ્યાર્થીઓએ શિક્ષકને ઝાડ સાથે બાંધીને બેરહેમીથી ફટકાર્યા છે. વિદ્યાર્થીઓનો આરોપ છે કે, તેમને ઓછા માર્ક્સ આપતા શિક્ષકને સજા આપવામાં આવી છે. શિક્ષક અને સ્ટાફને ઝાડ સાથે બંધીને ફટકારનારા વિદ્યાર્થીઓ ધોરણ-૯માં અભ્યાસ કરે છે. એવું કહેવાય છે કે, પ્રેક્ટિકલ પરીક્ષામાં ઓછા માર્ક્સ આપવાથી તમામ વિદ્યાર્થીઓ નાપાસ થઈ ગયા હતા. વિદ્યાર્થીઓનો આરોપ છે કે, શિક્ષકે જાણી જોઈને પ્રેક્ટિકલ પરીક્ષામાં તેમને ઓછા માર્ક્સ આપ્યા હતા. જેના કારણે તેઓ નાપાસ થઈ ગયા.

# જમ્મુ-કાશ્મીરના સોપોરમાં અથડામણમાં જૈશના બે આતંકવાદી ઠાર મરાયા

**શ્રીનગર**

જમ્મુ અને કાશ્મીરના બારામુલા જિલ્લાના સોપોર વિસ્તારમાં સુરક્ષા દળો સાથે રાત્રિ દરમિયાન થયેલી અથડામણમાં જૈશ-એ-મોહમ્મદના બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. પોલીસે ગુરુવારે આ માહિતી આપી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, સુરક્ષા દળોએ ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યા બાદ બુધવારે રાત્રે સોપોર શહેરના બોમાઈ વિસ્તારમાં એન્કાઉન્ટર શરૂ થઈ ગયું હતું. તેમણે કહ્યું કે, સુરક્ષાકર્મીઓએ આ અભિયાનમાં બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. એક નાગરિક ઘાયલ થયો છે. તેમને શ્રીનગરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે ત્યાં તેમની હાલત સ્થિર બતાવવામાં આવી રહી છે.

# હું ભલે લગ્ન કરી લઉં પણ રહીશ તો તમારી

શાલિની. એનું આખું નામ શાલિની સિંહ છે. ઉંમર ૨૨ વર્ષની છે. તે મોતીસિંહ નામના એક શ્રીમંત ખેડૂત પરિવારની પુત્રી છે. મોતીસિંહને ત્રણ દીકરીઓ છે. સૌથી મોટી યશોદા, બીજી શાલિની અને મંજુ. મોટી દીકરી યશોદાને હરદોઈ નિવાસી ઈન્દ્રપાલસિંહના પુત્ર દિલીપસિંહ સાથે પરણાવેલી છે. યશોદા અને દિલીપસિંહ લખનૌમાં રહે છે. દિલીપનાં યશોદા સાથે લગ્ન થયાં ત્યારે તેની નાની બહેન શાલિની ૧૦ વર્ષની હતી. લગ્ન પછી યશોદા શાલિનીને પણ પોતાની સાથે લખનૌ લઈ આવી હતી અને લખનૌની જ સ્કૂલમાં દાખલ કરાવી દીધી હતી. સમયાંતરે યશોદા ત્રણ બાળકોની માતા બની હતી.

ક્રમશઃ શાલિની પણ મોટી થતી ગઈ હતી. દિલીપને એની સાળી શાલિની માટે અત્યંત પ્રેમ હતો. ગોરી, દૂબળી-પાતળી અને મોટી મોટી આંખોવાળી બાળકી હવે યુવતી બની ગઈ હતી. દિલીપ એના નજાકતભર્યા દેહ સાથે કદીક છેડછાડ પણ કરી લેતો હતો. શહેરમાં રહેતી શાલિની પણ ચંચળ બની ગઈ હતી. તેને પણ જીજાજીની છેડછાડ ગમતી હતી. જીજાજીના સ્પર્શનો એ કોઈ વિરોધ કરતી નહોતી.

દિલીપની પત્ની યશોદા ત્રણ બાળકોની માતા હોવાથી ઘરકામમાંથી નવરી પડતી નહોતી. એ દિલીપ પ્રત્યે પૂરતું ધ્યાન પણ આપી શકતી નહોતી. આ પરિસ્થિતિમાં હવે વયસ્ક બની ગયેલી શાલિની સાથે દિલીપ વધુ છૂટછાટ લેવા માંડ્યો હતો. અંદરના ખંડમાં તે એકલો હોય ત્યારે કોઈ ને કોઈ બહાને શાલિની અંદર જતી અને દિલીપ તેનો હાથ પકડી લેતો. શાલિની ઈન્કાર કરતી નહીં. દિલીપનો સ્પર્શ શાલિનીની ભીતર રહેલી સ્ત્રીને જગાવી રહ્યો હતો.

એક વાર તેની મોટી બહેન યશોદાને પિયર જવાનું થયું. આમ તો શાલિનીને પણ સાથે જ જવાનું હતું પરંતુ શાલિનીએ કહ્યું, ‘બહેન, તું જ જઈ આવને... આટલા દિવસ છોકરાઓને રસોઈ કોણ બનાવી આપશે ? હું નથી આવતી.’

ભોળી યશોદા માની ગઈ. તે શાલિનીને ઘેર જ રહેવા દઈ એકલી જ પિયર ગઈ. એ સાંજે ઘરમાં બધાંએ જમી લીધા પછી શાલિની બહેનના ત્રણેય બાળકો સાથે એક જ રૂમમાં સૂઈ ગઈ. પરંતુ એની આંખોમાં ઊંઘ નહોતી. રાત આગળ ધપી અને છોકરા ઊંઘી ગયા. થોડી જ વારમાં દિલીપ આવ્યો અને એણે ધીમેથી શાલિનીને ઉઠાડી. શાલિની કોઈ પણ જાતના વિરોધ વિના ઊભી થઈ અને ચૂપચાપ દિલીપની પાછળ પાછળ એના રૂમમાં ગઈ. દિલીપે ધીમેથી પોતાના રૂમનું બારણું બંધ કરી દીધું. મર્યાદાઓ તૂટી ગઈ. રિશ્તાઓની દીવાલ તૂટી ગઈ. યશોદા પાછી આવી ત્યાં સુધીમાં શાલિની દિલીપના સંસર્ગથી સંપૂર્ણ સ્ત્રી બની ચૂકી હતી.


દિલીપ અને શાલિનીની હસી-મજાકને યશોદા સાળી-બનેવીનો નિર્દોષ સંબંધ સમજતી હતી. અલબત્ત, જ્યારે પણ એકાંત મળે ત્યારે દિલીપ અને શાલિની તેનો ભરપૂર ફાયદો ઉઠાવી લેતાં હતાં. દિલીપે શાલિનીને હવે તરુણીમાંથી યુવતી બનાવી દીધી હતી.

જો કે હવે બન્યું એવું કે શાલિનીનું ભણવાનું પૂરું થઈ જતાં એના પિતા મોતીસિહે એને પોતાના ગામ બોલાવી લીધી. શાલિની હવે પુખ્ત બની ગઈ હોવાથી મોતીસિંહ એના વિવાહ માટે યોગ્ય મુરતિયો શોધવા લાગ્યા હતા. શાલિની એના ગામ જતી રહેતાં દિલીપ હવે પરેશાન રહેવા લાગ્યો હતો. શાલિની પણ હવે મજબૂર હતી. ત્રણેક મહિને એકાદ જ વાર એને બહેનના ઘેર જવા મળતું હતું.

શાલિની જે ગામમાં રહેતી હતી તે ગામમાં નાની બહેન મંજુની એક સહેલી સોનિયાસિંહ પણ હતી. એક વાર તે મંજુની સાથે સોનિયાસિંહના ઘેર પહોંચી. ચા-નાસ્તા વખતે સોનિયાનો ભાઈ ધર્મેન્દ્રસિંહ પણ હાજર હતો. ધર્મેન્દ્રએ પહેલી જ વાર શાલિનીને જોઈ. મંજુએ તેનો પરિચય કરાવતાં કહ્યું, ભાઈસાહેબ, આ મારી બહેન શાલિની છે. તે લખનૌ રહેતી હતી પરંતુ પિતાજી એના માટે છોકરો શોધવા ઘેર લઈ આવ્યા છે.’

શાલિની શરમાઈ ગઈ. શાલિની ધર્મેન્દ્રના વ્યક્તિત્વથી અને હસીમજાકથી કાફી પ્રભાવિત થઈ હતી. ધર્મેન્દ્રને પણ પહેલી જ નજરે શાલિની ગમી ગઈ હતી. એક દિવસ ધર્મેન્દ્ર કોઈ જ પૂર્વસૂચના વિના શાલિનીના ઘેર આવી પહોંચ્યો. શાલિની પણ ધર્મેન્દ્રની સરપ્રાઈઝ વિઝિટથી ખુશ થઈ ગઈ. શાલિનીએ ધર્મેન્દ્રનો એનાં માતા-પિતા સાથે પરિચય કરાવ્યો.

દિલીપની સરખામણીમાં ધર્મેન્દ્ર વધુ આકર્ષક હતો. વળી, આમેય જીજાજીને મળ્યે શાલિનીને ઘણો સમય થઈ ગયો હતો. એની જગા ભરવા માટે ધર્મેન્દ્ર વધુ યોગ્ય હતો. એમ લાગતાં શાલિનીએ ધીમે ધીમે ધર્મેન્દ્રને બહાર મળવાનું શરૂ કરી દીધું. પિક્ચર જોવા જવા લાગ્યાં, ફરવા જતાં. શાલિની અને ધર્મેન્દ્રની મિત્રતાની એના પિતા મોતીસિંહને ખબર પડતાં એમણે શાલિનીને ધર્મેન્દ્ર સાથે લગ્ન કરવું હોય તો તેમ કરવાની હા પાડી. જો કે આ વાતની ખબર પડતાં જીજાજી દિલીપે તેનો વિરોધ કર્યો, પરંતુ શાલિનીએ એને મનાવી લેતાં કહ્યું, ‘જીજાજી ! આ લગ્ન તો હું




**શાલિનીએ ધર્મેન્દ્રને જોતાં જ એકદમ આનંદ વ્યક્ત કર્યો. એણે કહ્યું, ‘સારું થયું ધર્મેન્દ્ર, તું આવી ગયો. હું તારી જ રાહ જોતી હતી. ચાલ, મને લઈ જા હવે.’ ધર્મેન્દ્ર તો વિચારમાં જ પડી ગયો.**

દેખાવ ખાતર જ કરી રહી છું. હું અવિવાહિત છું તેથી તમને મળી શકતી નથી. એકવાર લગ્ન થઈ જાય પછી મારી પર કોઈ રોકટોક નહીં હોય. એકવાર મને લગ્ન કરાવી આપો.

આજે પણ હું તમારી સાથે છું અને કાલે પણ તમારી સાથે હોઈશ.’ છેવટે દિલીપની મદદથી શાલિની અને ધર્મેન્દ્રએ કોર્ટમાં સિવિલ મેરેજ કરી લીધાં. શાલિની એના સાસરે ગઈ. એણે હવે ધર્મેન્દ્ર સાથે ગૃહસ્થજીવન શરૂ કર્યું. શરૂઆતમાં તો ઠીક ચાલ્યું પરંતુ ધીમે ધીમે શાલિનીને લાગ્યું કે અહીં તો કોઈ આઝાદી જ નથી. એની ઉપર જવાબદારીઓનો બોજ આવી પડ્યો હતો, સાસુ-સસરા તરફથી વિવિધ મર્યાદાઓ બાંધી દેવામાં આવી હતી. આખો દિવસ રસોઈ બનાવો અને ઘરકામ કરો. થોડાક જ સમયમાં તે કંટાળી ગઈ, અને હવે જાજી યાદ આવવા લાગ્ય હતા. પતિ ધર્મેન્દ્ર એની બધી જ જરૂરિયાતોનો ખ્યાલ રાખતો હતો, પરંતુ શાલિનીને તો એના પહેલા ખારની જ તલાશ હતી. એ દરમિયાન નો શોધવા માટે ધર્મેન્દ્ર દિલ્હી જતો રહ્યો. શાલિની હવે એકલી થઈ ગઈ. એને જીજાજીને પત્ર લખી થોડા દિવસ માટે અહીંથી લઈ જવા વિનંતી કરી.

પત્ર મળતાં જ દિલીપ આવ્યો અને પત્ની યશોદાની તષ્પિત સારી નથી એવું બહાનું કાઢી થોડા દિવસ માટે શાલિનીને લઈ જવી પડશે એમ કહ્યું. સાસરિયાએ કહ્યું, ‘ધર્મેન્દ્ર દિલ્હી ગયો છે, એના આવી ગયા બાદ તમે શાલિનીને લઈ ધો, પરંતુ શાલિની તો જવા માટે તૈયાર જ થઈ ગઈ. સાસુ-સસરા સમજાવતાં રહ્યાં અને શાલિની તો દિલીપની સાથે રવાના જ થઈ ગઈ. ચાર દિવસ સુધી તે જાજાને ઘેર જ લખનૌમાં રહી અને પાછી સાસરીમાં ના પહોંચી એટલે એનાં સાસુ-સસરા શાલિનીને લેવા દિલીપના ઘરે પહોંચ્યાં. દિલીપે કહ્યું કે, “હમણાં શાલિની તમારી સાથે નહીં આવે, કારણ કે તમે એને હેરાન કરો છો.’

ખુબ માથાકૂટ કર્યા પછી શાલિનીને લીધા વગર જ એનાં સાસુ-સસરા પાછા ગયાં. ધીમે ધીમે એમને પણ ખબર પડી કે વહુ શાલિનીને એના જીજાજી સાથે આડા સંબંધ છે, એટલે ધર્મેન્દ્રને પત્ર લખી પાછા આવી વહુ વિશે જાતે જ કરી નિર્ણય લેવા જણાવ્યું. પત્ર મળતાં જ ધર્મેન્દ્ર દિલ્હીથી પાછો આવી ગયો. ઘેર આવ્યા પછી આખી વાત જાણ્યા બાદ તે દિલીપના ઘેર ગયેલી શાલિનીને તેડવા સાંજની જ બસમાં લખનૌ જવા રવાના થયો. લખનૌ પહોંચતાં જ તે દિલીપના ઘેર ગયો. તે ગુસ્સામાં હતો, શાલિનીએ ધર્મેન્દ્રને જોતાં જ એકદમ આનંદ વ્યક્ત કર્યો. એણે કહ્યું, ‘સારું થયું ધર્મેન્દ્ર, તું આવી ગયો. હું તારી જ રાહ જોતી હતી. ચાલ, મને લઈ જા હવે.’ ધર્મેન્દ્ર તો વિચારમાં જ પડી ગયો.

શાલિની એકાએક ધર્મેન્દ્રને વળગી પડી. શાલિનીએ આંખમાંથી પાણી કાઢી નાંખતાં કહ્યું, ‘આટલા દિવસથી હું નહોતો મળ્યો એટલે હું કંટાળી ગઈ હતી. ચાર દિવસ હું અહીં રહેવા આવી એટલામાં તો મમ્મી-પપ્પાએ...’

ધર્મેન્દ્ર પણ શાલિનીની આંખમાં આંસુ જોઈ ઓગળી ગયો. એને લાગ્યું કે મારાં માતા-પિતા જ ખોટાં છે. તેમણે નાહક શાલિની પર આરોપ મૂક્યો છે. દિલીપે પણ ધર્મેન્દ્રની આગતાસ્વાગતા કરી. દિલીપે કહ્યું, ‘હવે તમે આવ્યા છો તો રાત રોકાઈ જાવ. કાલે જમીને જજો.’ ખૂબ આગ્રહને વથ થઈ ધર્મેન્દ્ર રાત્રે દિલીપના ઘેર જ રોકાયો. બીજા દિવસે શાલિનીએ જાતે જ ધર્મેન્દ્રને ભાવતી રસોઈ બનાવી. બધાં સાથે જ જમવા બેઠાં. શાલિની પીરસતી રહી. જમીને સૌ ઊઠ્યાં. શાલિની પણ હવે સાસરિયે જવા તૈયાર થઈ ગઈ. બેઉને વિદાય આપવામાં આવી. શાલિની અને ધર્મેન્દ્ર બસ-સ્ટેન્ડ પહોંચે તે પહેલાં જ ધર્મેન્દ્રને ચક્કર આવવા લાગ્યાં. તેને લાગ્યું કે આખા શરીરમાં પરસેવો થઈ રહ્યો છે. એણે કહ્યું, ‘શાલિની ! મને કંઈક થાય છે ?’ અને વધુ બોલે તે પહેલાં તો એની આંખો ફાટી ગઈ. એ રસ્તામાં જ ઢળી પડ્યો. આસપાસના લોકો ભેગાં થઈ ગયાં. પાણી પીવરાવવા કોશિશ કરી પરંતુ ધર્મેન્દ્રનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. ધર્મેન્દ્રની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવી. પોસ્ટમોર્ટમના રિપોર્ટમાં લખવામાં આવ્યું હતું કે ધર્મેન્દ્રનું મોત ઝેરથી થયું હતું. એની હોજરીમાંથી મળી આવેલ ખોરાકમાં ઝેર હતું. ઝેર આપનાર ખુદ શાલિની હતી. રસોઈમાં ઝેર મિલાવનાર ખુદ શાલિની હતી. પતિને મોત બક્ષનાર ખુદ પત્ની હતી, એકમાત્ર એના અવૈધ સંબંધોની આડે આવતો કાંટો દૂર કરવા માટે. શાલિની અને એના જીજાજીને જેલ ભેગા કરવામાં આવ્યાં. યશોદા તો આ બધું જાણીને અવાક જ થઈ ગઈ. એને તો છેક હવે ખબર પડી કે, ‘મારી બહેન અને મારો પતિ... આવાં હતાં !’

એક જ માતાની કૂખે જન્મેલી બે બહેનોનાં ચારિત્ર્ય ભિન્ન પણ હોઈ શકે છે.

દેવેન્દ્ર પટેલ સંપર્ક : 91 98792 07102

## જાણવા જેવું

### અજબગજબનાં પ્રાણી - પક્ષી



- સૌથી ઊંચા પ્રાણી જિરાફની જીભ ૧૧ ઈંચ લાંબી હોય છે. તે જીભ વડે કાન સાફ કરી શકે છે. જિરાફ એક જ પ્રાણી એવું છે કે જે શિંગડા સાથે જન્મે છે. - ઊંટ એક જ પ્રાણી એવું છે કે જેને પીઠ પર ખૂંધ હોય છે. ખૂંધ હોવા છતાં ય તેની કરોડરજ્જૂ સીધી હોય છે. તેની ખૂંધમાં પાણી નહીં પણ ચરબી હોય છે. - સૌથી શક્તિશાળી પ્રાણી સિંહ ચાલાક કે ચપળ હોતા નથી. તે આળસુ હોય છે. - કદાવર હાથી કૂદકા કે છલાંગ મારી શકતા નથી. તે ધીમે ધીમે ચાલતા દેખાય પણ સરેરાશ ૩૦ કિલોમીટરની ઝડપે ચાલે છે. તેની સાથે આપણે દોડવું પડે. કદાવર હોવા છતાંય તે પાણીમાં તરી શકે છે. - સૌથી નાનું પક્ષી હમિંગબર્ડ પાંખ ફફડાવવામાં પ્રથમ ક્રમે છે. તે સેકંડના ૯૦ વખત પાંખ ફફડાવે છે. - શેડો બર્ડ નામનું પક્ષી ત્રણ માળનો માળો બનાવે છે. પહેલા માળે બચ્ચાં રહે છે. બીજા માળે ખોરાકનો સંગ્રહ કરે અને ત્રીજા માળે નર શેડો બર્ડ ચોકીદાર તરીકે બેસે છે.

### સમુદ્રમાં તરતું સોનું : એમ્બરગ્રીઝ



જમીનમાંથી ખનીજ સ્વરૂપે સોનું, હીરા અને ચાંદી જેવા કીમતી પદાર્થો મળે, દરિયામાં સાચા મોતી મળે છે. દરિયામાં જતાં જળચરોના શરીરમાં ઘણા કીમતી પદાર્થ બનતા હોય છે. એમ્બરગ્રીઝ પણ આવો જ કીમતી પદાર્થ છે. દરિયાની સપાટી પર તે તરતો જોવા મળે છે. કદાવર વ્હેલ દરિયામાંથી જે મળે તે પેટમાં પધરાવે. જહાજનો ભૂકો બોલાવી ફર્નિચર અને રાસરચીલા સાથે ગળી જાય. વ્હેલને આ બધું પચે નહીં એટલે ઉલટી કરીને બહાર કાઢે તેની સાથે તેના પેટમાંથી વધારાના કેટલાક દ્રવ્યો પણ બહાર આવે. સ્પર્મ વ્હેલ ઉલટી કરે ત્યારે મીણ જેવો નરમ અને સોનેરી પદાર્થ બહાર આવે છે. આ પદાર્થને એમ્બર કહે છે. દરિયામાં એમ્બરના ગઠ્ઠા તરતા જોવા મળે. જાણકાર નાવિકો તેને ઓળખી શકે. પણ નસીબદાર હોય તેને જ તે જોવા મળે. એમ્બરનો ઉપયોગ મોંઘા અત્તર અને કેટલીક દવાઓ બનાવવામાં છે. સ્પર્મ વ્હેલ ઉલટી કરે ત્યારે ચેમ્બર કાળું હોય છે પણ વર્ષો સુધી દરિયામાં તરતું રહે અને ખારા પાણીથી ધોવાઈને તે તેજસ્વી પીળા રંગનું બને છે. તે અતિ સુગંધીદાર હોય છે.

# પાક.માં 3.3 કરોડ લોકો પૂરથી પ્રભાવિત અનેક દેશોએ મદદની જાહેરાત કરી

## અત્યાર સુધી 1136ના મોત થયા : પૂરને કારણે જન-જીવન ખોરવાયું, કરોડોનું નુકસાન

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનમાં પૂરના કારણે અત્યાર સુધીમાં 1136 લોકોના મોત થયા છે. છેલ્લા 24 કલાકમાં 75 લોકોના મોત થયા છે, જ્યારે 59 લોકો ઘાયલ થયા છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં જ 355 અબજ પાકિસ્તાની રૂપિયાનું નુકસાન થયું છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું કે, દેશમાં ભયજનક પરિસ્થિતિએ અર્થવ્યવસ્થા માટે ગંભીર સ્થિતિ સર્જી છે. પાકિસ્તાનમાં પૂરના કારણે હાહાકાર મચી ગયો છે. સોમવાર સુધીમાં, પૂર અને વરસાદ સંબંધિત ઘટનાઓમાં 1,136 લોકોના મોત થયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, પાકિસ્તાનની લગભગ 33 મિલિયન વસ્તી પૂરથી પ્રભાવિત થઈ છે. આ દરમિયાન અમેરિકાએ પાકિસ્તાનને 30 મિલિયન ડોલર (659 કરોડ પાકિસ્તાની રૂપિયા)ની સહાયની જાહેરાત



કરી છે. આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનમાં વરસાદ અને પૂરથી પ્રભાવિત લોકો માટે મદદની આ જાહેરાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પાકિસ્તાનમાં સતત ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ છે.

# તાઇવાનનો વોર્નિંગ શોર્ટઃ ચીનના ઉડતા ડ્રોન પર ચલાવી ગોળીઓ

## તાઇવાને આપ્યો પોતાની સજ્જતા-મક્કમતાનો પરીચય

**તાઇપે**

પ્રશાંત મહાસાગરમાં ચીન અને તાઇવાન વચ્ચે યુક્રેન રશિયા વાળી થાય તેવી હિલચાલ તેજ બની છે. છેલ્લા બે અઠવાડિયાથી ચીને તાઇવાન પર દબાણ વધાર્યુ છે. સૈન્ય અભ્યાસ તાઇવાનના દરિયાકાંઠામાં ઘૂસીને કરે છે. તાઇવાનના આકાશમાં ચીનના ફાઇટર પ્લેન આંટો મારીને નિકળી જાય છે. ડ્રોન ઉડાડીને તાઇવાનને ડરાવવામાં આવે છે જો કે તાઇવાને પણ ચીનનો સામનો કરવાનું નક્કી કરી લીધું હોય એમ વળતો પ્રહાર કરવા સજ્જ બની રહ્યું છે.


પ્રાપ્ત માહિતી અનુસાર તાઇવાને ચીનના ઉડતા ડ્રોન પર ગોળીઓ ચલાવીને પોતાના સજ્જતા અને મક્કમતાનો પરીચય આપ્યો હતો. તાઇવાની પ્રવકતાના જણાવ્યા અનુસાર આ એક વોર્નિંગ શોર્ટસ હતો. ચીન અને તાઇવાન વચ્ચે તણાવ ચાલે છે તેમાં આ પ્રકારનું પગલું પ્રથમવાર ભરવામાં આવ્યું છે. તાઇવાન સૈન્યના પ્રવકતાના જણાવ્યા અનુસાર ચીનનું ડ્રોન તાઇવાની નિયંત્રણ ધરાવતા દ્રીપ પર ચીની સીમાની નજીક ઉડતું હતું. આથી તાઇવાનને ડ્રોન પર ફાયરિંગ કરવાની ફરજ પડી હતી.

# આયર્લેન્ડમાં તળાવમાં તરવા ગયેલા ચાર પૈકી 2 ભારતીય યુવકોના મોત

**લંડન**

બ્રિટનમાં રહેતા બે 16 વર્ષના છોકરાઓ ઉત્તરી આયર્લેન્ડના તળાવમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યા છે. સ્થાનિક મીડિયાએ પોતાના રિપોર્ટમાં આ જાણકારી આપી છે. આયર્લેન્ડના પબ્લિક સર્વિસ બ્રોડકાસ્ટર આરટીઈના અહેવાલ મુજબ, મૃતકોની ઓળખ રુવેન સિમોન અને જોસેફ સેબેસ્ટિયન તરીકે થઈ છે. તે, તેના અન્ય ચાર મિત્રો સાથે, ડેરીથી થોડે દૂર ઈનાઘ લોફ તળાવમાં તરવા માટે પહોંચી ગયા હતા.

આ ઘટના સોમવારે સાંજે બની હતી. માનવામાં આવી રહ્યું છે કે,



સ્વિમિંગ દરમિયાન તેનો અકસ્માત થયો હશે. ઉત્તરી આયર્લેન્ડ પોલીસ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદન અનુસાર, મીડિયાએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે, પાણીમાં મુશ્કેલીનો સામનો કરતી વખતે તેમની ચીસોના અવાજને કારણે બચાવ અને રાહત ટીમ લગભગ 6.30 વાગ્યે ઘટનાસ્થળે પહોંચી હતી.

# ચીનમાં 46 હજાર કરોડની જંગી બેન્કિંગ છેતરપિંડીથી હાહાકાર, 234ની ધરપકડ

## હેનાન પ્રાંતના શુચાંગમાં આરોપીઓની ધરપકડ : વધુ લોકોની સંડોવણીની આશંકા

**શાંઘાઈ**

બેન્કોની બહાર પૈસા ઉપાડવા માટે એકઠી થયેલી ભીડ અને લોકોને રોકવા માટે ગોઠવાયેલી તોપો, ચીનનું આ દૃશ્ય પાછલા દિવસોમાં ખૂબ જોવા મળ્યું હતું. દેશમાં બેન્કોની કંગાળ હાલત મુદ્દે ઘણાં સમયથી ચર્ચા ચાલી રહી હતી અને હવે તે સ્થિતિનું વાસ્તવિક કારણ સામે આવી ગયું છે. વાસ્તવમાં ચીનના સૌથી મોટા બેન્ક કૌભાંડનો ખુલાસો થયો છે અને આ કેસની તપાસમાં સેંકડો લોકોની ધરપકડ કરવામાં આવી છે. બ્લૂમબર્ગના તાજેતરના રિપોર્ટ અનુસાર સેન્ટ્રલ ચાઇનામાં સત્તાધીશોએ સોમવારે 580 કરોડ ડૉલર (લગભગ 46.3 હજાર કરોડ રૂપિયા)ની બેન્કિંગ છેતરપિંડીના કેસમાં મોટી કાર્યવાહી કરી છે. હજુ સુધીમાં આ મહાકૌભાંડ સંબંધિત 234 લોકોની હેનાનના શુચાંગ શહેરમાંથી ધરપકડ કરવામાં આવી છે.

રિપોર્ટમાં કહેવાયું હતું કે આ કેસ લોકોને સ્થાનિક ગ્રામીણ બેન્કોમાં રકમ ડિપોઝિટ કરવા વધારે વ્યાજ દરનું વચન આપીને ઠગાઈ કરવાનો છે. શુચાંગ સિટી સરકારે જાણકારી આપતા જણાવ્યું હતું કે લૂ યિવેઈ નામના માસ્ટરમાઈન્ડે પોતાના સાગરીતો સાથે મળીને પહેલા હેનાનની ચાર બેન્કો પર ગેરકાયદે રીતે કન્ટ્રોલ જમાવ્યો હતો. ત્યાર બાદ આરોપીઓએ રોકાણકારોને વાર્ષિક 13 થી 18 ટકા વ્યાજ આપવાની લાલચ આપીને આ ફ્રોડને અંજામ આપ્યો હતો. રિપોર્ટ અનુસાર આરોપીઓએ કૌભાંડમાં અનહુઈ પ્રાંત સ્થિત યુઝોઉ શિનમિનશેંગ વિલેજ બેન્કને પણ નિશાન બનાવી હતી.

# ઈરાકમાં અરાજકતા વચ્ચે 'ગ્રીન ઝોન'માં ગોળીબાર:30નાં મોત, 400થી વધુ ઘાયલ

## શિયા ધર્મગુરુની રાજકારણ છોડવાની જાહેરાતથી દેખાવકારો રસ્તા પર ઉતર્યા

**બગદાદ**

ઈરાકના પ્રભાવશાળી શિયા ધર્મગુરુ મુક્તદા અલ-સદ્રએ રાજકારણમાંથી નિવૃત્ત થવાની જાહેરાત કર્યા પછી તેમના સેંકડો સમર્થકોએ દેશના 'ગ્રીન ઝોન' ગણાતા વિસ્તારમાં ગોળીબાર કર્યો હતો અને રોકેટથી ચાલતા હાથગોળા ફેંકવાની સાથે હિંસક દેખાવો કર્યા હતા. જવાબી કાર્યવાહીમાં સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો હતો. આ અથડામણમાં 30થી વધુ દેખાવકારોનાં મોત થયા હતા જ્યારે ૪૦૦થી વધુ ઘાયલ થયા છે. આ સિવાય ઈરાકમાં દેખાવકારો રાષ્ટ્રપતિ ભવનમાં ઘૂસી જતા શ્રીલંકા જેવી સ્થિતિ સર્જાઈ હતી. છેલ્લા એક મહિનાથી ચાલતા રાજકીય સંકટના કારણે સ્થિતિ તણાવપૂર્ણ થઈ ગઈ



છે. ઈરાકમાં રાજકીય ઉથલ-પાથલ વચ્ચે સોમવારે ધર્મગુરુ મુક્તદા અલ-સદ્રના સરકારમાંથી રાજીનામા પછી તેમના સમર્થકોએ પહેલા એક સમયે અમેરિકન સૈન્યના ગઢ ગણાતા 'ગ્રીન ઝોન' પર હુમલો કર્યો હતો.

# અમેરિકા તાઈવાનને અંદાજિત 1.1 બિલિયન ડોલરના હથિયારો વેચશે

**વોશિંગ્ટન**

જો બાઈડન વહીવટીતંત્રએ તાઈવાનને અંદાજિત 1.1 બિલિયન ડોલરના હથિયારોનુ વેચાણ કરવાનુ આયોજન કર્યુ છે, આ માટે અમેરિકી કોંગ્રેસ પાસેથી ઔપચારિક મંજૂરી મળવાની રાહ જોવાઈ રહી છે. સૂત્રો અનુસાર અમેરિકા પાસેથી તાઈવાનને મળનાર હથિયારોના પેકેજમાં$ 355 મિલિયનના 60 AGM-84L હાર્પૂન બ્લોક II મિસાઈલ, $ 85.6 મિલિયનના 100 AIM-9X બ્લોક II સાઈડવાઈન્ડર એર ટુ એર મિસાઈલ અને $ 655.4 મિલિયનમાં એક સર્વેલન્સ રડારના કરારના વિસ્તરણનો સમાવેશ થાય છે. સાઈડવાઈન્ડર મિસાઈલ તાઈપેના અમેરિકા નિર્મિત F-16 ફાઈટર જેટ્સને લેસ કરશે. ચીન તાઈવાનની જળસીમામાં તેના યુદ્ધ જહાજો અને વિમાન મોકલવાનું ચાલુ રાખ્યું છે તેવા સમયે આ સમાચાર સામે આવ્યા છે. અમુક અઠવાડિયા પહેલા અમેરિકી કોંગ્રેસના સ્પીકર નેન્સી પેલોસીએ સ્વ-શાસિત દ્વીપનો પ્રવાસ કર્યો હતો અને તાઈવાનને અલગ કરવા અને ડરાવવા-ધમકાવવાના ચીનના પ્રયાસોની નિંદા કરી હતી.

# કોલ્ડ વોરનો અંત લાવનારા સોવિયેત નેતા મિખાઈલ ગોર્બાચેવનું 91 વર્ષે નિધન

**મોસ્કો**

સોવિયત રુસના નેતા મિખાઈલ ગોર્બાચેવનું 91 વર્ષની ઉંમરે નિધન થઈ ગયું છે. નોબેલ શાંતિ પુરસ્કાર જીતનારા ગોર્બાચેવનું લાંબી બીમારી બાદ નિધન થઈ ગયું છે. મિખાઈલ ગોર્બાચેવે લોહી વહાવ્યા વગર શીત યુદ્ધ સમાપ્ત કર્યું હતું પરંતુ તેઓ સોવિયેત સંઘના પતનને રોકવામાં નિષ્ફળ રહ્યા હતા. હોસ્પિટલના અધિકારીઓના હવાલે તેમના મોતની પુષ્ટિ થઈ છે. ગોર્બાચેવ 1985માં સોવિયેત સંઘના નવા નેતા તરીકે ચૂંટાયા હતા. તેઓ 1985થી 1991 સુધી સોવિયેત સંઘની કમ્યુનિસ્ટ પાર્ટીના મહાસચિવ હતા. 1988થી 1989 સુધી તેઓ સુપ્રીમ સોવિયેતના પ્રેસિડિયમના અધ્યક્ષ રહ્યા હતા.

**બંનેએ એકબીજાના કોલર પકડી એકબીજાને લાફા માર્યા**

# એર ફ્રાન્સની ચાલુ ફ્લાઇટમાં પાયલોટ વચ્ચે મારામારી : બંનેને સસ્પેન્ડ કરાયાં

**પેરિસ**

એર ફ્રાન્સના બે પાયલોટને ફ્લાઇટ દરમિયાન કોકપિટમાં મારામારી કરવા બદલ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જિનિવાથી પેરિસ જઈ રહેલી એરબસ જેટલાઈનની ફ્લાઇટમાં સુરક્ષા મુદ્દે એર ફ્રાન્સની છાપ ખરાબ થઈ છે.

બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર ચાલુ ફ્લાઇટમાં ઝઘડો થવાની આ ઘટના જૂનમાં બની હતી. એર ફ્રાન્સના પ્રવક્તાએ એક ન્યૂઝ પેપરમાં છપાયેલ અહેવાલને સમર્થ આપ્યું હતું. જો કે તાત્કાલિક આ ઝઘડો બંધ કરાવી દેવામાં આવ્યો હતો અને ફ્લાઇટ સામાન્ય રીતે ચાલી હતી.

મારામારીની આ ઘટના સિવિલ એવિએશન સેફ્ટી ઈન્વેસ્ટિગેશન ઓથોરિટીના પ્રકાશિત અહેવાલ પછી સામે આવી હતી. જેમા જણાવવામાં આવ્યું હતું કે એર ફ્રાન્સની ચાલુ ફ્લાઇટમાં બે પાયલોટો વચ્ચે હિંસા થઈ હતી.


# તાલિબાની શાસનને 1 વર્ષ પૂર્ણ : 60 લાખ અફઘાની ભૂખમરાની કગાર ઉપર

**કાબુલ**

તાલિબાનની અફઘાનિસ્તાન સરકારમાં એન્ટ્રી બાદથી જ સમગ્ર દુનિયાના અમુક દેશો તરફથી અફઘાનિસ્તાનને મળનારી આર્થિક મદદ પર રોક લાગેલી છે. જેની અસર અફઘાનિસ્તાન પર મોટા સ્તરે જોવા મળી રહી છે. લગભગ 60 લાખ અફઘાન લોકો ભૂખમરાની કગાર પર છે અને લગભગ ત્રણ કરોડ 90 લાખ લોકોને માનવીય મદદની જરૂર છે. સંયુક્ત રાષ્ટ્રની માનવીય બાબતોની એજન્સીના પ્રમુખ માર્ટિન ગ્રિફિથ્સએ સંયુક્ત રાષ્ટ્રીય સુરક્ષા પરિષદમાં તમામ દાતાઓને આગ્રહ કરતા કહ્યુ કે અફઘાનિસ્તાનના વિકાસને લઈને રોકવામાં આવેલી ફંડિંગને ફરીથી શરૂ કરી દેવામાં આવે.

# એશિયા કપઃ ભારત, શ્રીલંકા અને અફઘાનિસ્તાન ટોપ-4માં

## ભારતે હોંગ કોંગને ૪૦ રનથી હરાવી સુપર ફોરમાં પ્રવેશ મેળવ્યો



સૂર્યકુમાર યાદવના ૨૬ બોલમાં ૬ ચોગ્ગા અને ૬ છગ્ગા સાથે અણનમ ૬૬ અને કોહલીના ૪૪ બોલમાં ૫૯* રનની ઈનિંગ બાદ ભારતે હોંગ કોંગ સામેની એશિયા કપ ટી-૨૦ ૪૦ રનથી વિજય મેળવ્યો હતો. જીતવા માટેના ૧૯૩ના ટાર્ગેટ સામે હોંગ કોંગે ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૨નો સન્માનજનક કહી શકાય તેવો સ્કોર કર્યો હતો. જાડેજા, ચહલ અને ભુવનેશ્વરે અસરકારક બોલિંગ કરી હતી. જોકે હોંગકોંગે અવેશ ખાનની ૪ ઓવરમાં ૫૩ અને અર્ષદીપની ૪ ઓવરમાં ૪૪ રન ફટકાર્યા હતા. ભારતે પ્રથમ ૧૦ ઓવરમાં ૭૦ રન નોંધાવતા એક વિકેટ ગુમાવી હતી. જોકે આખરી ૧૦ ઓવરમાં ભારતે કુલ ૧૨૨ રન ફટકાર્યા હતા. હોંગકોંગ સામેની જીત સાથે જ ભારત એશિયા કપની ટોપ-4માં પહોંચી ગયું છે.

## અફઘાનિસ્તાને બાંગ્લાદેશ સામે સાત વિકેટથી આસાન વિજય મેળવ્યો



મુજીબ ઉર રહમાન અને રાશિદ ખાને 3-3 વિકેટ ઝડપ્યા બાદ ઈબ્રાહિમ ઝદરન(૪૨*) અને નજીબુલ્લાહ ઝદરન (૧૭ બોલમાં ૪3*)ની ઈનિંગની મદદથી અફઘાનિસ્તાને બાંગ્લાદેશ સામેની એશિયા કપ ટી-૨૦માં ૯ બોલ બાકી હતા, ત્યારે સાત વિકેટથી વિજય મેળવી લીધો હતો. આ જીતની સાથે અફઘાનિસ્તાને ગૂરપમાં સતત બીજી જીત નોંધાવતા સુપર ફોરમાં પ્રવેશ પ્રાપ્ત કર્યો હતો. જીતવા માટેના ૧૨૮ના ટાર્ગેટને અફઘાનિસ્તાને ૧૮.3 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને પાર પાડયો હતો. જીતવા માટેના ૧૨૮ના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલા ગુરબાઝ (૧૧), ઝાઝાઈ (૨3) અને નાબી (૮)ની વિકેટ ૬૨ના સ્કોર સુધી ગુમાવી દીધી હતી. જોકે ઈબ્રાહિમ ઝદરન અને નજીબુલ્લાહ ઝદરને 33 બોલમાં અણનમ ૬૯ રનની ભાગીદારી નોંધાવતા ટીમને જીતાડી હતી.

## શ્રીલંકા રોમાંચક વિજય સાથે સુપર ફોરમાં : બાંગ્લાદેશ બહાર ફેંકાયું



શ્રીલંકાએ ભારે રોમાંચક મુકાબલા બાદ આખરી ઓવરમાં બાંગ્લાદેશને ચાર બોલ બાકી હતા,ત્યારે બે વિકેટથી હરાવીને એશિયા કપ ટી-૨૦માં સુપર ફોર રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો હતો. જ્યારે બાંગ્લાદેશ બહાર ફેંકાયું હતુ. જીતવા માટેના ૧૮૪ના ટાર્ગેટનો પીછો કરતાં શ્રીલંકાએ ૧૯.૨ ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને જીત હાંસલ કરી હતી. શ્રીલંકા તરફથી કુસલ મેન્ડિસે 3૭ બોલમાં ૪ ચોગ્ગા અને 3 છગ્ગા સાથે ૬૦ તેમજ શનાકાએ 33 બોલમાં 3 ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૪૫ રન નોંધાવ્યા હતા. બાંગ્લાદેશ અફઘાનિસ્તાન બાદ શ્રીલંકા સામે હારતાં બહાર ફેંકાયું હતુ. જ્યારે શ્રીલંકાની ટીમ અફઘાનિસ્તાન સાથે સુપર-ફોરમાં પ્રવેશી હતી. ભારત પણ સુપર ફોરમાં પ્રવેશી ચૂક્યું છે.

## પાકિસ્તાન સામેની જીતના હીરો હાર્દિક પંડ્યાની બ્રાન્ડ વેલ્યૂમાં પણ રાતોરાત ઉછાળો




નવી દિલ્હી : એશિયા કપ ટી 20માં પાકિસ્તાન સામેની મેચના હીરો રહેલા હાર્દિક પંડ્યા રાતોરાત કરોડો લોકોનો ફેવરિટ બની ગયો છે. જેનો ફાયદો હવે હાર્દિકને એડવર્ટાઈઝમેન્ટના મેદાનમાં મળી રહ્યો છે.હાર્દિકને સાઈન કરવા માટે ઘણી મોટી બ્રાન્ડસ રાતોરાત તૈયાર થઈ ગઈ છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે હાર્દિકના બ્રાન્ડ મેનેજર તરીકે કામ કરતી એજન્સીનુ કહેવુ છે કે, હાર્દિકને હવે બ્રાન્ડ પ્રમોટ કરવા માટે બે કરોડ રૂપિયા પ્રતિ દિવસના હિસાબે પેમેન્ટ થઈ રહ્યુ છે.દરેક બ્રાન્ડની એડ શુટ કરવા માટે બે દિવસનો સમય લાગે છે અને એ હિસાબે હાર્દિકને દરેક બ્રાન્ડ પાસેથી 4 કરોડ રૂપિયા મળી રહ્યા છે. હાર્દિક હાલમાં આઠ થી દસ બ્રાન્ડને પ્રમોટ કરી રહ્યો છે અને આવનારા દિવસોમાં બીજા પાંચેક બ્રાન્ડ તે પ્રમોટ કરતો દેખાશે. હાર્દિક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કોઈ પણ બ્રાન્ડનો પ્રચાર કરવા માટે પ્રતિ પોસ્ટ 40 લાખ રૂપિયા લે છે અને તે કોહલી તેમજ રોહિત બાદ સૌથી વધારે ફોલોઅર્સ ધરાવતો ભારતીય ક્રિકેટર બની ગયો છે.

# સેરેના યુ.એસ. ઓપનના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશી

## ચીનની વાંગે સાક્કારીને હરાવી અપસેટ સર્જ્યોઃ સેરેના હવે ટોમલીનોવિક સામે ટકરાશે

**ન્યુયોર્ક**

૪૦ વર્ષીય સેરેના વિલિયમ્સ આમ તો વર્લ્ડ રેન્કિંગમાં ૬૦૦ ક્રમાંકની સૂચિમાં પણ નથી છતાં સંભવિત તેની આખરી યુ.એસ. ઓપનમાં જાણે તે વર્લ્ડ નંબર વન હોય તેવા મિજાજ અને ફોર્મ સાથે રમે છે. તેની પ્રથમ મે જ તે હારશે તેમ માનીને તેને ફેરવેલ આપવા આવ્યા હોય તેમ ક્લીન્ટન સહિતના સેલિબ્રિટી આવ્યા હતા પણ હવે સેરેનાએ બીજા રાઉન્ડમાં વર્લ્ડ નંબર બે ખેલાડી એનેટ્ટ કોન્ટાવેઈટને ૭- ૬, ૨- ૬, ૬-૨થી પરાજય આપ્યો હતો આ મેચ ૨ કલાક ૨૭ મિનિટ



ચાલી હતી. ૨૩ ગ્રાન્ડ સ્લેમ વિજેતા સેરેના અને વિનસ હવે ડબલ્સમાં પણ રમી રહ્યા છે. સેરેના હવે ત્રીજા રાઉન્ડમાં ઓસ્ટ્રેલિયાની ટોમલીનોવિક સામે રમશે. ટોમલીનોવિકે રશિયાની રોડિનાને ૧-૬, ૬-૨, ૭-૫થી હરાવી હતી.

મહિલા વિભાગની અન્ય મહત્ત્વની મેચમાં ચીનની અનસીડેડ વાંગ ક્ષીયુએ ગ્રીકની ત્રીજા ક્રમાંકિત મારિયા સાક્કારીને ૩- ૬, ૭- ૫, ૭-૫થી પરાજય આપ્યો હતો. ગયા વર્ષે યુ.એસ. ઓપનમાં સાક્કારીએ સેમિફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. ગયા વર્ષે યુ.એસ. ઓપનમાં સાક્કારીએ સેમિફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. અમેરિકાની કોકો ગોફે રોમાનિયાની રૂસેને ૬- ૨, ૭-૬થી બીજા રાઉન્ડની મેચમાં હરાવી હતી. ઘરઆંગણાના ૨૩,૭૭૧ પ્રેક્ષકોએ ગોફની મેચ નિહાળી હતી.

# BCCI એક દુકાન છે, તેના કર્મચારીઓને ESIનો લાભ મળવો જોઈએ : સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની ગતિવિધિઓ વ્યવસાયિક પ્રકારની છે અને કર્મચારી રાજ્ય વીમા (ઈએસઆઈ) કાયદાની જોગવાઈઓના સંબંધમાં તેને દુકાન કહી શકાય છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ઈએસઆઈ કાયદો કેન્દ્ર સરકારે બનાવેલો કલ્યાણકારી કાયદો છે અને આ કાયદામાં ઉપયોગમાં લેવામાં આવેલા શબ્દો સાથે સંકુચિત અર્થ ન જોડવો જોઈએ કારણ કે આ તેની હસ્તક આવનારા એકમોના કર્મચારીઓને તેમના જીવન, આરોગ્ય વગેરે સાથે જોડાયેલા વિવિધ જોખમો માટે વીમિત કરે છે અને નિયોક્તા પર તેનો આરોપ લગાવે છે. જસ્ટિસ એમઆર શાહ અને જસ્ટિસ પીએસ નરસિમ્હનની બેન્ચે કહ્યું હતું કે ઈએસઆઈ કોર્ટ અને હાઈકોર્ટે ઈએસઆઈ કાયદા હેઠળ બીસીસીઆઈને દુકાન માનીને કોઈ ભૂલ નથી કરી. બેન્ચે કહ્યું હતું કે બીસીસીઆઈની ગતિવિધિઓ, ખાસ કરીને તેના દ્વારા ક્રિકેટ મેચોનું વેચાણ, મનોરંજન પ્રદાન કરવું, પોતાની સેવાઓ માટે કિંમત વસૂલવી, આંતરરાષ્ટ્રીય પ્રવાસો અને ઈન્ડિયન પ્રીમિયર લીગ મારફત આવક પ્રાપ્ત કરવાને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે સાચો જ નિષ્કર્ષ કાઢયો છે.

# વર્લ્ડ ચેમ્પિયનશીપ માટે ગુજરાતના ત્રણ ખેલાડીઓની પસંદગી

**અમદાવાદ**

ચીનના ચેંગડુ ખાતે યોજાનારી ૫૬મી વર્લ્ડ ટેબલટેનિસ ચેમ્પિયનશિપ માટે ભારતીય ટીમમાં ગુજરાતના ત્રણ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. પાંચ સભ્યની ભારતીય મેન્સ ટીમમાં એકસાથે ત્રણ ખેલાડીઓનું પસંદગી થવી તે ઐતિહાસિક સિદ્ધિ સમાન છે. મેન્સ ટીમમાં કોમનવેલ્થ ગોલ્ડ મેડાલિસ્ટ હરમીત દેસાઇ, માનવ ઠક્કર (બંને સુરત) અને વડોદરાના માનુષ શાહની પસંદગી થઈ છે. દિગ્ગજ ખેલાડી શરથ કમલ આ ટૂર્નામેન્ટમાં રમવાનો નહીં હોવાના કારણે ૩૯ ક્રમાંકિત જી. સાથિયાન ટીમનું નેતૃત્વ કરશે. મેન્સ ટીમમાં સુનીલ શેટ્ટીને પણ સ્થાન અપાયું છે. ગુજરાત ટેબલટેનિસ એસોસિયેશનના પ્રમુખ આઈએએસ વિપુલ મિત્રાએ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી હતી.

# ટી૨૦ રેન્કિંગમાં આઠ ક્રમાંકની છલાંગ લગાવી હાર્દિક ઓલરાઉન્ડર્સમાં પાંચમા ક્રમે પહોંચ્યો

**દુબઇ**

ભારતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડયા એશિયા કપમાં પાકિસ્તાન સામેની મેચમાં કરેલા શાનદાર પ્રદર્શનની મદદથી ટી૨૦ ઓલરાઉન્ડર રેન્કિંગમાં આઠ ક્રમાંકની છલાંગ લગાવીને પાંચમા ક્રમે પહોંચી ગયો છે. હાર્દિકે ૨૫ રનમાં ત્રણ વિકેટ ઝડપ્યા બાદ ૧૭ બોલમાં અણનમ ૩૩ રન બનાવીને ભારતના વિજયમાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. એશિયા કપમાં અફઘાનિસ્તાને પણ શાનદાર પ્રદર્શન કર્યું છે અને તેના ખેલાડીઓને પણ રેન્કિંગમાં ફાયદો થયો છે. લેગ સ્પિનર રાશિદ ખાને ઈંગ્લેન્ડના આદિલ રશીદ અને ઓસ્ટ્રેલિયાના એડમ ઝમ્પાને પાછળ રાખીને બે ક્રમાંકના ફાયદા સાથે ત્રીજું સ્થાન મેળવ્યું છે. તેના ૭૦૮ રેન્કિંગ પોઈન્ટ થયા છે. ટોચના ક્રમે ઓસ્ટ્રેલિયાનો જોશ હેઝલવૂડ જળવાઈ રહ્યો છે.

રાશિદ ખાનની સાથે અફઘાનિસ્તાનના મુજીબ ઉર રહેમાને સાત ક્રમાંકની આગેકૂચ કરીને ટોપ-૧૦માં સ્થાન મેળવ્યું છે. તે આઠમા ક્રમે રહેલા ભારતના ભુવનેશ્વર કુમાર કરતાં પાછળ છે. ટી૨૦ બેટિંગની રેન્કિંગમાં ટોપ-૧૦માં કોઈ ફેરફાર થયા નથી. પાકિસ્તાનનો મોહમ્મદ રીઝવાન બીજા સ્થાને અને તેનો સાથી ખેલાડી બાબર આઝમ ટોપ-૨માં છે.

# જાપાન ઓપનમાં શ્રીકાંતની આગેકૂચ, લક્ષ્ય સેન અને સાઈનાનું અભિયાન પૂર્ણ

**ઓસાકા**

ભારતના સ્ટાર શટલર કિદામ્બી શ્રીકાંતે વિશ્વના ચોથા ક્રમાંકિત લી જી જિયા સામે સીધી ગેમમાં વિજય હાંસલ કરીને પોતાના અભિયાનને આગળ વધાર્યું હતું પરંતુ કોમનવેલ્થ ગેમ્સ ચેમ્પિયન યુવા ખેલાડી લક્ષ્ય સેનને જાપાન ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં જ પરાજયનો સામનો કરવો પડયો હતો. વિશ્વના ભૂતપૂર્વ પ્રથમ ક્રમાંકિત શ્રીકાંતે મેન્સ સિંગલ્સમાં ૩૭ મિનિટ સુધી રમાયેલી મેચમાં પાંચમા ક્રમાંકિત લી જિયાને ૨૨-૨૦, ૨૩-૨૧થી હરાવ્યો હતો. મલેશિયન ખેલાડી સામેના ચાર મુકાબલામાં આ તેનો પ્રથમ વિજય છે. ૨૧ વર્ષીય લક્ષ્ય સેનનો વિશ્વમાં ૨૧મો ક્રમાંક ધરાવતા જાપાનના કેન્ટા નિશિમોતો સામે ૨૧-૧૮, ૧૪-૨૧, ૧૩-૨૧થી પરાજય થયો હતો.

। શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા


# ભગવાન જે કરે એ સૌના સારા માટે જ

સૃષ્ટિનો પ્રારંભ થયો ત્યારથી જ કદાચ આ પૃથ્વી ઉપર વસતાં જીવ પ્રાણીમાત્રને એક કાર્ય કરવામાં ક્યારેય કંટાળો નથી આવ્યો. એ છે બીજાની ખામી જોવી અને બીજાની ભૂલ કાઢવી. અને એમાંય આપણી મનુષ્યજાતિની દૃષ્ટિ તો ક્યાં સુધી પહોંચી ગઈ? આપણને તો છેક સર્વસર્જનહાર એવા પરબ્રહ્મ પરમાત્મામાં પણ 'તેઓ આટલું બરાબર નથી કરતા...' એવું લાગવા માંડે છે.

ઘોર ઉનાળાની વાત છે. વૈશાખના વસમા વાયરાથી બચવા માટે એક વટેમાર્ગુએ વડના વૃક્ષ નીચે વિસામો કર્યો. વડની છાયામાં તેણે ઠંડા તરબૂચને આરોગ્યુ. જે પછી તેણે ત્યાં જ આરામ માટે લંબાવી દીધુ. દરમિયાનમાં થેલાનું ઓશિકું કરીને સૂતેલાં એ વટેમાર્ગુની નજર વડની ડાળીઓ પર ગઈ અને એણે પવનને લહેરખે ઝૂલતાં ટેટા જોયા. આ સાથે જ તેને વિચાર આવ્યો કે, 'આ ટેટા આટલા નાના અને તરબૂચ કેવાં મોટાં ! લાગે છે કે, ભગવાને ક્યાંક ભૂલ જરૂર કરી છે. નાના અમથા ટેટા ઊગે આવા મોટા ઝાડ ઉપર અને આટલાં મોટાં તરબૂચ ઊગે સાવ નાજૂક-નમણી વેલી ઉપર ! હં... આવું કાંઈ થોડું હોય? ભગવાન ખરા, પણ એમણે આટલું બરાબર ન કર્યું...'

હજી તો વટેમાર્ગુ મહાશય આવું વિચારે છે, ત્યાં તો પવનની એક લહેર આવી અને એક ટેટો ડાળી પરથી તૂટીને સીધો પડ્યો તેના કપાળ ઉપર. 'આ...' તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ, તમ્મર આવી ગયાં. હજી ટેટો પડ્યો જ છે ત્યાં તો કપાળે ઢીમચું થઈ ગયું. ભગવાનની ભૂલ કાઢનાર એ વટેમાર્ગુને હવે ભાન થયું કે 'ભગવાને જે કર્યું છે તે સારું જ કર્યું છે... ત્રીસ ગ્રામ વજન પણ નહીં એવા આ ટેટાથી આવું થયું, તો વડ ઉપર ત્રણ-ત્રણ કિલોનાં તરબૂચ ઊગતાં હોત તો શું થાત?'

આ તો એ વટેમાર્ગુની વાત થઈ પણ જ્યારે આપણા જીવનમાં બનતી ઘટનાઓ-પ્રસંગોને આપણે તપાસીએ ત્યારે આપણને પણ એમ જ થયા કરે કે 'ભગવાન મારી સાથે જ કેમ આવું કરે છે?' 'કૂતરાની તો માત્ર પૂંછડી જ વાંકી હોય, મારાં તો આખે-આખાં નસીબ જ વાંકાં છે.' 'ભગવાનને હું જ દેખાયો?' 'હે પ્રભુ! તારા દરબારમાં આવો અન્યાય કેમ?' આવા તો કંઈ કેટલાય પ્રશ્નોનાં ગાણાં ગાનાર દિલદર્દીઓએ એકવાર વિચારવા જેવું તો ખરું કે



'શું આવાં રોદણાં રડવાથી મુશ્કેલી જતી રહેવાની છે? શું ફરિયાદો કરવાથી પ્રશ્નોનું સમાધાન થઈ જવાનું છે?' ઉત્તર છે: 'સદંતર ના...'

ગુજરાતી સાહિત્યના મહાકવિ અને ભગવાન શ્રીસ્વામિનારાયણના પરમહંસ નિષ્કુળાનંદ સ્વામી કહે છે:

**જેમ ઈક્ષુ પામે અમૂલ્યતા, પણ પ્રથમ પોતે પિલાય છે;**
**ત્યાર પછી ચડે તાવડે, તેના ગોળ સાકર ખાંડ થાય છે...**
**તેમ કસ્યા વિના કોઈ વસ્તુ, ખરે ખપે નથી આવતી;**
**એમ સમજી સંકટ સહો, તો ભલી ભજી જાય ભગતિ...**

જ્યારે શેરડી પિલાય ત્યારે તે કેટલી ભીંસાય? અને પછી તેને તાવડા ઉપર ચઢાવે ત્યારે તો વધુ દુઃખ થાય. પણ તેનાથી તે શેરડીના ગોળ, સાકર અને ખાંડ થાય છે. તે શેરડી અમૂલ્યતા પામે છે. તેમ આપણને દુઃખ આવે ત્યારે હસતે મોંએ સહન કરી, તેને સ્વીકારી લેવું. કારણ કે, તે દુઃખમાં આપણને અમૂલ્યતા બક્ષવાની ભગવાનની પરમ ઉપકારી 'યોજના' હોય છે.

એકવાર અમેરિકાના હ્યુસ્ટન શહેરના સુપ્રસિદ્ધ આર્કિટેક્ટ મેનૂર હુરાની હતાશ હૈયા સાથે પ્રમુખસ્વામી મહારાજ પાસે આવ્યા; તેણે સ્વામી સમક્ષ કહ્યું, 'સન ૧૯૭૫માં લેબેનોનમાં યુદ્ધ થયું તે વખતે મારાં માતા અને ભાઈઓ માર્યા ગયાં. આ ઘટનાને સંભારીને મારું હૃદય વ્યથિત રહે છે. મારે આ એક જ પ્રશ્ન છે કે, ભગવાન આમ કેમ કરે છે?'

સ્વામીશ્રીએ તેઓને જીવન-અમૃત પાતાં કહ્યું: 'ભગવાનને કોઈ પક્ષપાત નથી. એને તો દરેકનું સારું જ કરવું છે. ભલે આપણને ભૂંડું થતું હોય એવું લાગે, પણ કોઈનું ભૂંડું થાય એવું ભગવાન ક્યારેય ઈચ્છે જ નહીં. દુઃખ આવે અને જાય, પણ એટલું સમજવાનું કે ભગવાન જે કરે એ સારા માટે જ છે. મૃત્યુ કઈ રીતે થવાનું છે એ ખબર નથી, પણ છે એ નિશ્ચિત વાત છે. આ બાબતમાં દુઃખને ટાળવા માટે જ્ઞાનની જરૂર છે.'

કેવી સુંદર સમજણ! ગમે તેવા વિપરીત સંજોગોમાં, કઠણ મુશ્કેલીઓમાં, આપણા ધાર્યા પ્રમાણે કશું જ ન થાય, ત્યારે આ એક વિચાર સૌ કોઈને ખરેખર સ્થિરતા અને ધીરતા આપે તેવો છે. વિચાર નાનો, પણ જો કાયમ રહે તો આપણો આનંદ કોઈ છીનવી ન શકે.

તો આવો, આપણને થયેલાં આ નૂતન 'પ્રમુખ દર્શન' મુજબ પ્રસંગે-પ્રસંગે આવતી (આપણને લાગતી) મુશ્કેલીરૂપ ભગવાનની ભૂલને ખરેખર કૃપાપ્રસાદ સમજીને અપનાવી લઈએ; એ પ્રશ્નો-મુશ્કેલીઓને જ આપણા અનુભવરૂપી પાયા બનાવી તેના પર બુલંદ સફળતાની ઈમારત ચણતા રહીએ...

**નથી આ કોઈ મુશ્કેલી, આ તો પગથિયું સફળતા ભણી;**
**મોકલ્યું મારે માટે પ્રભુએ, કૃપા કરી ઘણી ઘણી...**
**પ્રભુ હજુ મોકલ ઘણું, જરા કરું ફરિયાદ નહીં;**
**વધે જીવનમાં આનંદ ઘણો, પાઉં પ્રસાદ તારો અહીં...**

- સાધુ વેદકીર્તિદાસ





Scan to Book Tickets
www.montrealgujarati.com
Also Available on:
EVENTBRITE
Special Price for Gujarati Samaj of Montreal Members
CLUB CERAMIC
&
WORLD FINANCIAL GROUP
"5584 Chem. de la Côte-de-Liesse"
Presents
GUJARATI SAMAJ OF MONTREAL'S
Garba & DJ Night
with
Gujarati Samaj of MONTREAL
FREE PARKING
BUS TRANSPORT AVAILABLE
Parthiv GOHIL
10 SEPT 2022 7:00 PM
Santvani TRIVEDI
Lucky Draw Gifts Worth of $3000
Buy COMBO & SAVE MORE
Kids under 3 year free
Date | Garba | Regular
10th SEPT | One | 30$
10th SEPT & 1st OCT | Combo | 45$
PERKS
• Two way Bus Transportation from Metro Station
• Famous Street Food
• Free Parking • Kids Play Area
• Exclusive deals from our Sponsors
Our Sponsors
ROOT ON
make my MEALS by Foodine
Thanjai Snacks
BOMBAY CHAAT & PAAN
Mortgage Broker
DOMINION LENDING CENTRES
Vikram | 514-312-6400
AFFRANCHI
FOODINE
SPICYGRILLE
WALO
Patel
OM INDIA
Canada Trust
BALWI INC
Bindu Patel
Tandoori Grille
CHAMPS
Maple Henna Art
SHAH TRADING COMPANY
NP Motors
LAVAL DECOR
SKY LAWN
CHETTINAD
TICKETS AVAILABLE AT OUTLETS FROM AUG 25TH
West Island
Marche Om India: (514) 426-1100
ShreeJi Restaurant: (514) 675-9811
Downtown
Dhruv Patel: (438) 979-3123
Vatsal: (438) 925-7210
Bhandari Cuisine Indienne: (514) 903-9600
Lakshana's Chettinad : (514) 750-0707
Cote-des-neiges
Ashit Patel: (438) 979-1729
Marche Lavaniya: (514) 344-3566
Lakshana's Chettinand: (514) 738-3959
Foodine: (514) 913-3481
South-shore
Tirth Patel: (438) 995-8350
Marche Samar: (450) 672-4440
Saint-hustache
Sagar Sukla: (514) 557-2935
Vaudreuil-Dorion
Bhanderi: (450) 218-9601
Ville-saint-laurent
Bombay Chaat: (514) 917-9000
Club Ceramic: (514) 260-2242
Dhaval Mehta: (514) 792-4599
Laval
Marche Chauhan Bros: (450) 689-6891
Lasalle
Marche Chauhan Bros: (514) 363-5507
ParcX
Epicerie Rama-kishan: (514) 495-4066
Lakshana's Chettinad: (514) 495-8229
Marche Patel - (514)-573 2632
Venue: Tennis 13 Fitness, 1013, Autoroute 13, LAVAL, QC H7W 4V3
PARTH: +1 (438) 875-7211 | VISHAL: +1 (514) 234-3481 | JANAK: +1 (514) 813-3850 | RAHUL: +1 (438) 402-3891